શ્રાવક કલ્પતરૂ.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ

મ્હેસાણા.

☞ વાંચો. ☜

પુસ્તકને જેમ તેમ જ્યાં ત્યાં રખડતું મૂકવું નહિ. અશુચ્ય હાથે પુસ્તકને અડકવું નહિ તેમજ ઉઘાડે મુખે પુસ્તક વાંચવું નહિ.

અગત્યની સૂચના.

સહુ કોઈ ભવ્ય આત્માઓને પવિત્ર જ્ઞાનામૃતનો અપૂર્વ લાભ અનુકૂળતાથી મળે એવા શુભ ઉદ્દેશથી ભેટ દાખલ આપવામાં આવતાં કોઈ પણ પુસ્તક ઉપર કોઈએ પણ મિથ્યા મારાપણાની મમતા બુદ્ધિ રાખી કોઈ રીતે પુસ્તકનો દુરૂપયોગ કરવો નહિ પણ પ્રમાદ રહિત પૂરતી કાળજી રાખી તેનો જાતે લાભ લઈ બીજા ભવ્ય જિજ્ઞાસુ ભાઈ બ્હેનોને તે ભેટ દાખલ મળેલાં પુસ્તકનો છૂટથી લાભ લેવા દેવો અને એવી રીતે બમણો ફાયદો ઉપજાવી ભેટ દાખલ અપાતાં પુસ્તકનો પવિત્ર ઉદ્દેશ સફળ કરવો. એ રીતે દરેક ભાઈ બ્હેનોને નમ્રતાપૂર્વક ખાસ ભલામણ કરીએ છીએ. જે ઉચ્ચ ઉદ્દેશથી પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવે છે તે ઉદ્દેશ સફળ થાય અને તેની કોઈ રીતે આશાતના થતી અટકે એટલું સૂચવી વિરમિયે છીએ.

વિનય-કાળજીપૂર્વક પઠન, મનન અને પરિશીલન.

परोपकाराय सताम् विभूतयः

શ્રાવક કલ્પતરૂ.

યોજક

શાન્તમૂર્તિ મુનિ મહારાજ શ્રીવૃદ્ધિચંદ્રજીના
શિષ્યાણુ મુનિ કર્પૂરવિજયજી
સાધર્મી ભાઇઓના ઉપયોગાર્થે.

શ્રીસિદ્ધક્ષેત્ર મધ્યે મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મારફતે
જ્ઞાન ઉત્તેજન માટે આવેલ દ્રવ્ય સહાયથી
છપાવી પ્રસિદ્ધકર્ત્તા

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મ્હેસાણા.

(તરફથી શા. વેણીચંદ સુરચંદ.)

આવૃત્તિ બીજી.

નકલ. ૫૦૦૦

અમદાવાદ-શ્રી "સત્યપ્રકાશ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ નહાલચંદ
તથા શા. ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપ્યું.

સંવત્ ૧૯૬૯. વીરસંવત્ ૨૪૩૯. સને ૧૯૧૩

વિજ્ઞપ્તિ.

સત્પુરૂષોની જીવનકળાના ચળકતાં કીરણોએ અને તેમના અનુભવગર્ભિત અબાધિત સિદ્ધાન્તોએ અનેક ભવ્ય અને મુમુક્ષુ આત્માઓના દરેક પ્રદેશોમાં અંધકારને સ્થાને દિવ્યતા ઉત્પન્ન કરી છે. તેઓશ્રીના અક્ષરદેહના તથાવિધ સમાગમથી પણ અનેક જીજ્ઞાસુ આત્માઓના સંસાર પ્રવાસનો અંત આવ્યો છે.

જ્ઞાનીઓના અક્ષરદેહને તેવાજ રૂપમાં કે તેના ભાષાંતર વિવરણ અને ચાલુ જમાનાની રૂચીને અનુસાર મુળ, શૈલી અને આશય કાયમ રાખી અનેકરૂપે પ્રજાવર્ગમાં વિસ્તાર કરવાનો અમારો ખાસ ઉદ્દેશ છે. એ ઉદ્દેશની સિદ્ધિને અર્થે અમોએ શાશ્વત કલ્પવૃક્ષ સમાન આ " **શ્રાવક કલ્પતરૂ** " નામનો સુંદર ગ્રન્થ કે જેની યોજના શાન્તમૂર્તિ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજજીએ કરી આપી છે તેને અમારી ગ્રન્થમાળાના ૨૨ મા મણકા તરીકે અમો સમાજની સેવામાં રજુ કરીયે છીયે.

આ ગ્રંથની ગૌરવતા, ઉપયોગીતા અને ગ્રંથના વિષય સબંધિનું દિગ્દર્શન આ ગ્રંથની પ્રસ્તાવના તથા ઉપોદ્ઘાતમાં ગ્રંથકાર પૂજ્ય મુનિવર્યે પોતેજ કરાવેલું છે જેથી અમે તે સંબંધમાં વિશેષ ઉલ્લેખ કર્યો નથી.

આ ગ્રંથ પ્રથમ **શ્રી જૈન આત્માનંદ સભા** મારફત છપાયેલ હતો. પણ બાલથી વૃદ્ધ પર્યંત સર્વને વિશેષ ઉપયોગનો હોવાથી ઉદાર મદદગારોની સ્હાયવડે અમોયે તેની બીજી આવૃત્તિ કેટલાક સુધારા વધારા સાથે બ્હાર પાડી છે. આ આવૃત્તિમાં

શ્રાવકને ખાસ ઉપયોગી વ્યવહારૂ શિક્ષાનો વિષય નવોજ દાખલ કર્યો છે.

આવા ઉત્તમ કાર્યોમાં વખતો વખત પોતાની બુદ્ધિનો ઉપયોગ કરનાર ઉકત મુનિશ્રી તથા ધનની સ્હાય કરનાર કરાવનાર શ્રી પુરૂષોનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીયે છીયે, તેમજ અમારા આવા કાર્યોમાં દરેક પ્રસંગે વધતા ઉત્સાહે યોગ્ય સ્હાય કરવા કરાવવા માટે અમો સમસ્ત જૈન સંઘને વિજ્ઞપ્તિ કરીયે છીયે. આ અને બીજા અનેક ઉપકારક ગ્રન્થો જેને જેને પ્રાપ્ત થાય તેને તેને જાતે વાંચવા વિચારવા અને વર્તનમાં મૂકવા ઉપરાંત અન્ય સજ્જન શ્રી પુરૂષો તેનો છુટથી લાભ લઈ શકે તેમ કરવા અમારી નમ્ર ભલામણ છે.

જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની આશાતના ટાળી તેમનું અંતઃકરણ પૂર્વક બહુમાન કરવું એ આત્મકલ્યાણનો અમોઘ ઉપાય છે. ઉપયોગશૂન્યતાથી કે મતિદોષથી જે કાંઇ ભૂલ રહી ગઇ હોય તેને માટે ત્રિકરણયોગે મિચ્છામિ દુક્કડં દઇ તે ભૂલો સુધારી વાંચવા સૂજ્ઞ વાંચકોને વિનવી અત્ર વિરમીયે છીયે.

ઈત્યલમ્

લી૦ પ્રસિદ્ધ કર્તા.

વિષયાનુક્રમણિકા.



પ્રસ્તાવના.

જે અનાદિ કર્મ બંધનવડે જીવને સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં જન્મ, જરા અને મરણ સંબંધિ તેમજ આધિ વ્યાધિ અને ઉપાધિ સંબંધિ અનંતાનંત દુઃખ સહન કરવાં પડે છે, તેનાથી ભવ્ય જનોનું રક્ષણ કરી તેમને ઉંચા પ્રકારનાં સુખનો અનુભવ કરાવી અનુક્રમે અક્ષય-અચળ-અનંત મોક્ષપદ પમાડવા પરમ ઉપકારી શાસ્ત્રકારોએ સિંહનાદ કરીને કહ્યું છે કે—

“ बुद्धेः फलं तत्त्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च;
वित्तस्य सारं किल पात्रदानं, वाचः फलं प्रीतिकरं नराणाम्. ”

ભાવાર્થ—દશ દ્રષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્માદિક વિશિષ્ટ સામગ્રી સાથે શુભ બુદ્ધિ પામ્યાનું ફળ એ છે કે “આપણે કોણ? આપણી મૂળ સ્થિતિ કઇ? આપણી વર્તમાન સ્થિતિ કેવી છે? કયા કારણથી આપણી સ્થિતિ કફોડી થઇ પડી છે? તે કેમ સુધારી શકાય? આપણું શું કર્તવ્ય છે? વિગેરે વિગેરે આત્માને ઉપકારી બાબતોનો શાંત ચિત્તથી વિચાર કરી લેવો.”

ચિન્તામણિ રત્ન કરતાં પણ દુર્લભ આ માનવ દેહ પામ્યાનો સાર એ છે કે “જયાં સુધી જરા અવસ્થા આવી પહોંચી નથી,

વિધ વિધ વ્યાધિઓએ પોતાનું બળ જમાવ્યું નથી, અને ઇંદ્રિયો ક્ષીણ થઈ ગઈ નથી, ત્યાં સુધી **સ્વાધીનપણે દેહનું દમન કરી ઉત્તમ પ્રકારનાં વ્રત નિયમ પાળવા પુરતો પ્રયત્ન કરી લેવો."**

નિર્ધન લોકો જેની રાતદિન ઝંખના કર્યા કરે છે તે લક્ષ્મી પૂર્વ પુણ્યના યોગે પામી ઉદાર દિલથી તેના ફળ–બદલાની ઈચ્છા રાખ્યા વગર કેવળ પરમાર્થ દાવે તેનો શુભ સ્થાને–જ્ઞાનદાન અભયદાન, પ્રમુખમાં યા દીન–દુઃખી જનોનો ઉદ્ધાર કરવામાં અથવા તેવાજ કોઈ પણ પરમાર્થનાં કાર્યોમાં વિવેકથી વ્યય કરવો એજ પુણ્ય પનોતી લક્ષ્મી પામ્યાનું ખરૂં ફળ છે. વળી સવેળા તેનો શુભ ઉપયોગ કરી લેવામાં ન આવે, પણ તે બદલ કેવળ વિલંબ કે વાયદા કરવામાં આવે તો જીવને પાછળથી પસ્તાવુંજ પડે છે. કેમકે તેની સ્થિતિનો કશો ભરૂંસો નથીજ. જોતાં જોતામાં લક્ષ્મી હતી ન હતી થઈ જાય છે. માટે તેનો વિવેકથી વ્યય કરવા સવેળા ચેતવું જોઈએ.

છેવટ વચનશક્તિ (સામર્થ્ય) પામ્યાનું ફળ એ છે કે જનસમુદાયને પ્રીતિકર–હિતકર થાય તેવું મિષ્ટ–મધુર સત્ય વચનજ બોલવું. અને "સત્યનોજ જય થાય છે" એ વાત સદાય સ્મરણમાં તાજીજ રાખવી. ગમે તેવા ભય વિગેરે કારણ પ્રાપ્ત થયા છતાં નિર્ભયપણે સત્ય બોલવાનીજ ટેક રાખવી, એજ વચનશક્તિ પામ્યાનું ઉત્તમ ફળ સમજવું.

જે અષ્ટાંગ યોગ સાધનથી અનેક પ્રકારની સિદ્ધિઓ તેમજ લબ્ધિઓ યાવત્ મોક્ષ પર્યંત મહા ફળની પ્રાપ્તિ થઈ શકે છે, તે અષ્ટાંગ યોગ સાધનમાં પ્રથમ પદે યમ કહો કે વ્રત

આવે છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અકિંચનતા એ પાંચ યમ અથવા જૈન શૈલીથી બોલતાં પાંચ વ્રત કહેવાય છે. સંસારથી વિરકત થયેલા મુનિજનો ઉક્ત પાંચ વ્રતોને યથાર્થ રીતે (સંપૂર્ણ) પાળી શકે છે, તેમજ નિયમાદિકનો પણ દ્રઢ અભ્યાસ કરી શકે છે; પરંતુ જેઓ સંસાર સંબંધી આરંભ સમારંભથી હજુ છૂટી શકતા નથી તેવા ગૃહસ્થો ધારે તો પોતાના કલ્યાણને માટે ઉક્ત વ્રતાદિકને સર્વથા નહિ તો કેટલાક અંશે આદરી શકે છે. એમ અંશથી આદરવામાં આવતાં ઉક્ત વ્રતો પાંચ **અણુવ્રત** અથવા **સ્થૂલ**વ્રતના નામથી ઓળખાય છે, તે ઉપરાંત ઉક્ત અણુવ્રતોને ગુણકારી હોવાથી બીજાં ત્રણ **ગુણવ્રત** અને ચાર **શિક્ષાવ્રત** પણ પાળવામાં આવે છે. તે સર્વ મળીને શ્રાવકનાં દ્વાદશ-બાર વ્રત કહેવાય છે.

સદ્‌ગુરૂ સમીપે સ્વકર્તવ્ય સંબંધી સારી રીતે સમજ મેળવવા નમ્રભાવે **શ્રવણ** કરે, શ્રવણ કરેલ વિષયનો **વિવેકથી વિચાર** કરે, અને યથાશક્તિ તેને **ક્રિયામાં** મૂકે, તે પરમાર્થથી **શ્રાવક** કહેવાય છે. સ્વશક્તિ અનુસારે વ્રત-પ્રતિજ્ઞા આદરી, તેને પ્રાણની પેરે યત્નથી પાળનાર શ્રાવક પવિત્ર જિન આજ્ઞાનો આરાધક થઇને અલ્પકાળમાં ઉત્તમ સામગ્રી યોગે સ્વપુરૂષાર્થ ફોરવી અનુક્રમે શુદ્ધ ચારિત્રના બળે સકળ સ્વકર્મનો ક્ષય કરી પરમ પદ-મોક્ષનો ભાગી થઇ શકે છે, તો પછી સ્વર્ગાદિક સંબંધી પ્રાસંગિક સુખનું તો કહેવુંજ શું ? આટલી પ્રસ્તાવના ઉપરથી ગૃહસ્થને પણ સ્વઉચિત વ્રત નિયમાદિક નિપુણપણાથી સદ્‌ગુરૂ સમીપે નમ્રભાવે સમજી આદરવા, અને તેમને પ્રાણની પેરે પાળવા બહુજ જરૂરનું છે એમ સહેજે સમજી શકાશે.

ઉક્ત વ્રત નિયમોનો યથાર્થ લાભ લેવા ઇચ્છનાર ગૃહસ્થે પ્રથમ અનાદિ મિથ્યાવાસના (મિથ્યાત્વ) નો પરિહાર કરી, શુભ વાસના રૂપ સમ્યક્ત્વ અંગીકાર કરવાની અત્યંત જરૂર છે. સમ્યક્ત્વ મૂળ શ્રાવક યોગ્ય બાર વ્રતોનું સ્વરૂપ તથા તેનો વિધિ **પંચાશક**, **શ્રાવકપ્રજ્ઞપ્તિ**, **ધર્મરત્ન**, અને **ધર્મબિંદુ** પ્રમુખ અનેક ઉત્તમ શાસ્ત્રોમાં સવિસ્તર સમજાવવામાં આવેલ છે, તેમજ **ઉપાસકદશાંગ** નામના સાતમા અંગમાં **આનંદ** આદિ ઉત્તમ દશ શ્રાવકોનો વિસ્તારથી અધિકાર કહેલો છે. વિસ્તારરૂચિ જનોએ વધારે વિસ્તારથી અધિકાર ત્યાંથી જોઇ લેવો. અત્ર તો અલ્પરૂચિ-મંદ બુદ્ધિવાળા જીવોના અનુગ્રહ માટે તેમને ઉક્ત કલ્યાણકારી વ્રત નિયમ તરફ આકર્ષવા માટે જ ઉદ્યમ કરેલો છે. તેવા શુભ ઉદ્દેશથી કરવામાં આવેલો અમારો આ પ્રયાસ સફળ થાય એમ અંતઃકરણથી અભિલાષી આટલેથી પ્રસ્તાવના પૂર્ણ કરીએ છીએ.

ઉપોદ્ઘાત.

" સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ " એ **તત્વાર્થ સૂત્ર** અનુસારે સમ્યગ્ દર્શન (સમ્યકત્વ), જ્ઞાન અને ચારિત્ર મોક્ષ સુખ મેળવવાનો અમોઘ ઉપાય છે. સર્વજ્ઞ વીતરાગે કથન કરેલાં તત્ત્વમાં શ્રદ્ધાન રાખવું તેનું નામ સમ્યકત્વ છે. એ સમ્યકત્વ જેને પ્રાપ્ત થાય છે તેનું જ્ઞાન પણ સમ્યગ્ એટલે યથાર્થ અવિરૂદ્ધ હોય છે. એ રીતે મળેલાં સમ્યગ્ જ્ઞાન અને દર્શનથી જીવને તત્ત્વાવબોધ અને તત્ત્વપ્રતીતિ થાય છે અને તેથી અનુક્રમે અશુદ્ધ માર્ગથી નિવૃત્તિ અને શુદ્ધ માર્ગમાં પ્રવૃત્તિ કરવાવડે તત્ત્વરમણતારૂપ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે. કોઇ લઘુકર્મી જીવને અહિંસાદિક પાંચ મહાવ્રત અંગીકાર કરી તેને સિંહની પેરે શૂરવીરપણે પાળવારૂપ સર્વ વિરતિ ધર્મની શીઘ્ર પ્રાપ્તિ થઇ આવે છે ત્યારે બીજાને ગૃહસ્થ યોગ્ય પાંચ અણુવ્રતાદિક રૂપ દેશવિરતિ ધર્મની પ્રાપ્તિ થઇ શકે છે. સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્ર રૂપ અમુલ્ય રત્નત્રયીના ધારક અને પાલક નિગ્રંથ મુનિજનો હોય છે, તેમની સમીપે વિનય બહુમાનસહિત વિધિ પૂર્વક ભવ્ય જનો ઉકત રત્નત્રયીનું યથાર્થ સ્વરૂપ સમજી શ્રદ્ધાગોચર કરી તેને યથાશકિત આદરી તેનું યથાવિધ સેવન આરાધન કરી શકે છે. **તત્ત્વજ્ઞાનવડે** હિતાહિત, ગમ્યાગમ્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, સત્યાસત્ય યાવત્ ગુણ દોષનું યથાર્થ ભાન થઇ શકે છે. તત્ત્વશ્રદ્ધાવડે જે જેવું હિતરૂપ યા અહિતરૂપ હોય તેને તેવુંજ દૃઢતાપૂર્વક માની શકાય છે અને તત્ત્વરમણતારૂપ ચારિત્ર રત્નવડે અહિતમાર્ગ તજી હિતમાર્ગ આદરી તેનું પાલન કરી

શકાય છે. નિર્દોષ મોક્ષ માર્ગનું સેવન કરનારા નિગ્રંથ ગુરૂ મહારાજ સમીપે ઉક્ત રત્નત્રયીનું ગ્રહણકરનાર ગૃહસ્થ જનોએ ૧ યોગશુદ્ધિ, ૨ વંદનશુદ્ધિ, ૩ નિમિત્તશુદ્ધિ, ૪ દિક્શુદ્ધિ અને ૫ આકાર (આગાર) શુદ્ધિ કરવારૂપ વિધિ સાચવવા ખપ કરવો હિતકારી છે. તેમાં ૧ યોગશુદ્ધિ એટલે મન વચન અને કાયાની શુદ્ધિ રાખવી. એટલે મનથી શુભ ચિંતવન કરવું. વચન હિત, મિત, મધુર અને સત્ય અર્થાત્ નિર્દોષ વદવું. અને યાથી જરૂર પડતાં જયણાપૂર્વક ત્વરારહિત ગમનાગમન કરવું. એ રીતે યોગશુદ્ધિ રાખવી. ૨ વંદનશુદ્ધિ એટલે સ્ખલના રહિત માંહો માંહે મળી ન જાય એમ 'ઈચ્છામિ ખમાસમણો વંદિઉં' ઈત્યાદિક પ્રણિપાત (નમસ્કાર) કરવાનો આલાપક (આલાવો) ઉચ્ચરવો અને અસંભ્રાન્તપણે કાયોત્સર્ગ કરવો એ રીતે વંદન શુદ્ધિ સાચવવી.

૩ નિમિત્તશુદ્ધિ એટલે તત્કાળ ઉત્પન્ન થયેલા શંખ અને ઢોલ પ્રમુખનો શબ્દ સાંભળવો તથા પૂર્ણ કળસ (કુંભ), ઝારી, છત્ર, ધ્વજ, ચામર પ્રમુખ શુભ વસ્તુઓ જોવી તથા ખુશબોદાર પદાર્થોની સુગંધ આવવી એ બધી નિમિત્ત શુદ્ધિ કહેવાય છે.

૪ દિક્ શુદ્ધિ એટલે પૂર્વ દિશા ઉત્તર દિશા કે જે દિશામાં જિનેશ્વર ભગવાન બિરાજમાન હોય તે દિશાએ ઉભા રહી વ્રતાદિક અંગીકાર કરવાં તે દિક્ શુદ્ધિ કહેવાય છે.

૫ 'રાયાભિયોગેણું' એટલે રાજાની આજ્ઞાવડે અન્યથા કરવું પડે ઈત્યાદિક વ્રતપચ્ચખ્ખાણમાં અપવાદ રૂપ આગાર રાખવા તે આગાર શુદ્ધિ જાણવી. કોઈ પણ શુભ વ્રતો ગ્રહણ કરતાં ઉક્ત

વિધિ લક્ષ્ય પૂર્વક સેવવો ઉચિત છે. તેમજ વળી દેવ ગુરૂ સ્વધર્મી બંધુ સ્વજન વર્ગ તથા દીન દુઃખીનો યથાઉચિત ઉપચાર [વિનય પ્રમુખ] કરવો એ પણ વિધિ રૂપજ છે.

પ્રથમ તો ધર્મજિજ્ઞાસુ ભવ્ય જીવને અહિંસાદિક મહાવ્રતનો ઉપદેશ કરવામાં આવે છે તેને ગ્રહણ કરવાને અશકત ઉત્સાહ રહિત જણાય તો પછી અણુવ્રતાદિકનો ઉપદેશ કરવામાં બાધ નથી. મહાવ્રતનું યથાવિધ આરાધન [સેવન] કરનાર શીઘ્ર સંસારનો પાર પામે છે, ત્યારે અણુવ્રતાદિકનું સેવન કરનાર અનુક્રમે યોગ્યતામાં વધારો કરી કષાયને ટાળી મુકત થઈ શકે છે.

તેમાં સ્થૂલ હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહથી વિરમવું-તેની વિરતિ કરવી, તે પાંચ અણુવ્રત કહેવાય છે. દિગ્વ્રત, ભોગોપભોગ વિરમણ અને અનર્થદંડ વિરમણ એ ત્રણ ઉપર કહેલાં અણુવ્રતોને ગુણ કરનારા હોવાથી ગુણવ્રત કહેવાય છે. ગુણવ્રતવડે અણુવ્રતોને સારી પુષ્ટિ મળી શકે છે. તેમાં ૧ અન્ય જીવને બંધન, ૨ તાડન-તર્જન, ૩ છેદન, ૪ અતિભારારોપણ અને ૫ અન્ન પાણીનો અંતરાય કરવો એ પ્રથમ અણુવ્રત પાળનારાએ વર્જવા યોગ્ય અતિચાર છે. વ્રતની સાપેક્ષપણે વર્તતાં દૂષણ લાગે તે અતિચાર કહેવાય છે અને નિરપેક્ષપણે (તદ્દન ઉપેક્ષાએ) તો અનાચાર કહેવાય છે. ૧ મિથ્યા ઉપદેશ, ૨ પારકો ભેદ [રહસ્ય) ખોલવો, ૩ ખોટા દસ્તાવેજ લખવા તેમજ ખોટી સાક્ષી ભરવી, ૪ પારકી થાપણ ઓળવવી અને ૫ પોતાની સ્ત્રીની ગુપ્ત વાત જાહેર કરવી; એ પાંચ અતિચાર બીજા વ્રતમાં તજવા યોગ્ય છે.

૧ જાતે ચોરી કરવી અથવા ચોરી કરનારને જોઇતી સહાય આપવી, ૨ ચોરી લાવેલી વસ્તુઓ સંઘરવી અથવા અલ્પ મૂલ્યથી

ખરીદ કરી લેવી, ૩ પોતાના રાજાની આજ્ઞા ઉલ્લંઘી વિરૂદ્ધ રાજ્ય સાથે સંબંધ જોડવો, ૪ ખોટાં માનમાપાં કરવાં અને ૫ વેચવાની વસ્તુમાં ભેળ સંભેળ કરવો એ પાંચ અતિચાર ત્રીજા અણુવ્રત પાળતાં પરિહરવા યોગ્ય છે.

૧ પરાયાં છોકરાંના વિવાહ–સગપણ કરી આપવાં.

૨ રખાયત (ભાડુતી–થોડા વખત માટે રાખેલી કે વેશ્યા) સ્ત્રી સાથે સંભોગ કરવો.

૩ પરસ્ત્રી, કુલાંગના, વિધવા કે બાળ–વૃદ્ધ કુમારિકા સાથે સંભોગ કરવો.

૪ અનેક પ્રકારના આસનાદિકવડે કામ ક્રીડા કરવી.

૫ વિષય ભોગવવા તીવ્ર અભિલાષા ધારવી.

એ પાંચ અતિચાર ચતુર્થ અણુવ્રતધારી જનોએ પરિહરવા યોગ્ય છે.

૧ ક્ષેત્ર વાસ્તુ, ૨ સોનુંરૂપું, ૩ ધનધાન્ય, ૪ દાસ દાસી અને ૫ રાચરચીલાં એ સંબંધી કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવારૂપ પાંચ અતિચાર પંચમ અણુવ્રતધારી જનોએ અવશ્ય પરિહરવા યોગ્ય છે.

૧ ઉંચે જવા, ૨ નીચે જવા, ૩ તિર્ચ્છી–સપાટીએ જવા મોકળી રાખેલી ભૂમિનું ઉલ્લંઘન કરવું, ૪ ક્ષેત્ર પ્રમાણની વૃદ્ધિ કરવી અને ૫ મૂળ લીધેલા નિયમને વિસારી જવું એ પાંચ અતિચાર દિગ્વ્રતધારીએ તજવાના છે.

૧ સચિત્ત (સજીવ), ૨ સચિત્ત સાથે સંબંધિત, ૩ સચિત્ત સાથે મિશ્ર થયેલું, ૪ મદિરા, આસવ, કંદમૂળ વિગેરે અભક્ષ્ય અને તુચ્છફળાદિ ભક્ષણ અને ૫ અર્ધું કાચું અર્ધું પાકું (પોંક

વિગેરે) સાવદ્ય આહાર કરવારૂપ પાંચ અતિચારો સાતમા વ્રતધારીએ પરિહરવા યોગ્ય છે. તેમજ અંગારકર્મ, વનકર્મ વિગેરે ૧૫ કર્માદાન (મહા પાપ વ્યાપાર) પણ તજવા યોગ્ય છે.

૧ કામને ઉદ્દીપન કરનાર, ૨ નેત્ર (ચક્ષુ) વિકાર, ૩ મુખરતા (વાચડાપણું) ૪ આગળ શું પરિણામ આવશે તેનો વિચાર્યા વગર પાપ ઉપકરણ એકઠાં કરવાં અને ૫ ઉપભોગની અધિકતા રૂપ પાંચ અતિચાર આઠમા વ્રતમાં અવશ્ય વર્જવા યોગ્ય છે. એ રીતે પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રતના અતિચાર કહ્યા. વળી ૧ સામાયક, ૨ દેશાવગાસિક, ૩ પોષધ અને ૪ અતિથીસંવિભાગ એ ચાર શિક્ષાવ્રત કહ્યાં છે. સાધુ યોગ્ય આચાર અનુકૂળ અભ્યાસ કરવો તે શિક્ષાવ્રત અથવા શિક્ષાપદ અથવા શિક્ષાસ્થાન કહેવાય છે. તેમાં સમભાવ(સામ્ય-સમતા)નો લાભ જેમાં થાય તે **સામાયક**. છઠ્ઠા દિગ્વ્રતમાં રાખેલી જવા આવવાની છૂટ અમુક વખત માટે સંકેલી સંકુચિત (સ્વલ્પ) ક્ષેત્રની મર્યાદા બાંધી રહેવું તે **દેશાવગાસિક** જાણવું. જેથી આત્માને જ્ઞાનાદિક ગુણનું પોષણ મળે તે પોષધ વ્રત અને જેમાં પુન્ય યોગે પોતાના ઘરે પધારેલા વીતરાગ માર્ગનું સેવન કરનારા સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓ રૂપ અતિથિયોને કલ્પે તેવા યથાયોગ્ય વસ્ત્રાદિકવડે સંતોષવા તે અતિથિ સંવિભાગ વ્રત કહ્યું છે. તેમાં પણ ૩ મન, વચન અને કાયાના યોગનું દુષ્પ્રણિધાન એટલે મનમાં ખોટા વિચારને અવકાશ આપવો, વચન વિરૂદ્ધ વાપરવાં અને કાયાને જયણા પૂર્વક પ્રવર્તાવવી, ૪ સામાયકમાં અનાદર અને ૫ સામાયકનું જ વિસ્મરણ એ પાંચ અતિચાર પ્રથમ શિક્ષાવ્રતમાં તજવા. યોગ્ય છે.

૧ નિયમિત ક્ષેત્ર બહારથી કંઇ અણાવવું. ૨ નિયમિત ક્ષેત્ર બહાર સેવકાદિકને મોકલવો, ૩ શબ્દ શ્રવણ કરાવી, ૪ રૂપ દેખાડી કે ૫ કાંકરો વગેરે ફેંકી આપણાપણું છતું જણાવવું એ બીજા શિક્ષાવ્રતમાં પાંચ અતિચાર વર્જવા યોગ્ય છે.

૧ પૂજયા પ્રમાર્જ્યા વગરના સ્થાનમાં મળ મુત્ર પરઠવવાં, ૨ ધર્મ ઉપકરણ લેવા મૂકવાં. ૩ સંથારો પાથરવો, ૪ વ્રતમાં અનાદર કરવો અને ૫ વ્રતનું વિસ્મરણ કરવું એ પાંચ અતિચાર ત્રીજા શિક્ષાવ્રતમાં વર્જવા યોગ્ય છે.

૧ સાધુને આપવા યોગ્ય વસ્તુ સચિત્ત વસ્તુ ઉપર મૂકવી.
૨ સાધુને આપવા યોગ્ય વસ્તુ સચિત્ત વસ્તુથી ઢાંકવી.
૩ પોતની વસ્તુ છતાં પારકી છે એમ કહેવું.
૪ મત્સર ધરી આહાર પ્રમુખનું દાન દેવું.
૫ આહાર પાણી દેવા ઉચિત કાળનું ઉલ્લંઘન કરવું.

એ પાંચ અતિચાર ચોથા શિક્ષાવ્રતમાં વર્જવા યોગ્ય જાણવા ઉક્ત સર્વ અતિચાર વર્જિત શ્રાવકયોગ્ય દ્વાદશ (૧૨) વ્રત પાળવાં એ ગૃહસ્થનો વિશિષ્ટ ધર્મ છે.

અને ક્ષુદ્રતાદિક દોષો વર્જી અક્ષુદ્રતાદિક ઉત્તમ ૨૧ ગુણોનો અત્યંત આદર કરવો, માર્ગાનુસારીપણું પાળવું, એ ગૃહસ્થને સામાન્ય ધર્મ જાણવો એ ઉભય માર્ગનું યથાવિધ પાલન કરતાં અનુક્રમે ઉત્તમ ક્ષમાદિક સાધુ ધર્મની યોગ્યતા પ્રાપ્ત થઈ શકે છે અને તેથી અનુક્રમે રાગ દ્વેષ અને મોહાદિક ભાવ શત્રુઓનો સર્વથા જય કરી આત્મા અવિનાશી પદને પ્રાપ્ત કરી શકે છે. એજ ઉત્તમ ઉદ્દેશથી આ **શ્રાવક કલ્પતરૂ** ગ્રંથની યથામતિ રચના કરવામાં આવી છે તે સાર્થક થાઓ. અને તેમાંથી હંસવત્ સાર-રહસ્ય મેળવી સજ્જનો સુખી થાઓ! **ઇતિશમ્**

લીઃ સન્મિત્ર કર્પૂરવિજયજી.

ૐ

॥ श्री परमात्मने नमः ॥

શ્રાવક કલ્પતરૂ.

સમકિત મૂળ શ્રાવકનાં દ્વાદશ વ્રતોનું વિસ્તારથી સ્વરૂપ

અથવા

હેતુ સહિત સમકિત મૂળ શ્રાવકનાં બાર વ્રતો યથાશક્તિ સમજ સાથે અંગીકાર કરી યથાવિધ પાળવા તેમજ અન્ય યોગ્ય જનોને તેમાં ઉત્સાહિત કરવા માટે વ્રત ગાઇડ.

સમકિત અથવા સમ્યક્ત્વ.

જેમણે રાગ દ્વેષ અને મોહ પ્રમુખ મહાદોષ નિવારી કર્મમળને ટાળી, મહા અતિશયધારી **અરિહંત** પદ પ્રાપ્ત કર્યું છે, તે દેવાધિદેવનેજ આ ભવ સમુદ્રનો પાર પામવા માટે **શુદ્ધદેવ** તરીકે માનવા. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અતિ ઉજ્જવળ રત્નત્રયીનું અહોનિશ સેવન કરતાં જેઓ નિર્દોષ મોક્ષમાર્ગમાં પોતે પ્રવર્તે છે અને

નિસ્પૃહપણે અન્ય યોગ્ય જનોને સહાય આપી તેમાં પ્રવર્તાવે છે, તેવા **નિગ્રંથ-સાધુ મુનિરાજ જ** આ ભવ સમુદ્રને પોતે તરવાને તેમજ બીજાને તારવા સમર્થ છે તેથી માતા પિતાદિક કરતાં અત્યંત ઉપકારી જાણી **સદ્દગુરૂ** તરીકે તેમનેજ અવલંબવા યોગ્ય છે. તેવા સદ્દગુરૂનું શરણુ આદરી કંઈક ભવ્યાત્માઓ ભવસાગર તરી જાય છે. વળી તીર્થંકર, ગણધર પ્રમુખ પ્રમાણિક પુરૂષોએ પ્રરૂપેલ દાન, શીલ, તપ અને ભાવનાલક્ષણ અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રલક્ષણ **ધર્મજ** ભવ્યજનોને દુર્ગતિથી બચાવી સદ્દગતિ આપવા સમર્થ છે, એમ સમજી શુદ્ધ પ્રેમથી ઉક્ત ધર્મનું આરાધન કરી લઇ સ્વમાનવભવ સફળ કરવો એજ પૂર્વ પુણ્ય યોગે પ્રાપ્ત થયેલ સકળ સામગ્રીનું સાર્થકપણુ છે. પૂર્વોક્ત શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મ ઉપર શુદ્ધ પ્રેમ ભક્તિ જગાડવાથી અનાદિ મિથ્યાવાસના રૂપ **મિથ્યાત્વ** નાશ પામે છે, અને શુદ્ધ વાસનારૂપ **સમ્યક્ત્વ** પ્રગટ થાય છે. સમક્તિરૂચિ જીવ સ્વકલ્યાણાર્થે નીચેની ગાથાનું સદાય સ્મરણ કરે છે.

" अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो,
जिणपन्नत्तंतत्तं इय समत्तं मए गहियं. "

અથવા શુદ્ધ દેવ, ગુરૂ, અને ધર્મનો જેમાં સારી રીતે સમાવેશ થઇ જાય છે એવા **નવપદ રૂપ નવકાર મહામંત્રનો** તે સદાય જાપ કર્યા કરે છે. ઉક્ત મહામંત્રનો પ્રભાવ અચિન્ત્ય જાણી કોઈ કોઇ મહાનુભાવો તેનો નવલક્ષ (૯ લાખ) જાપ સ્થિરતાથી કરે છે અથવા તો શ્વાસોશ્વાસમાં તેનુંજ રટન કરે છે. મહામંગળકારી નવકાર મંત્રાદિકનો પ્રમાદ રહિત જાપ કરવાથી શુભ

અભ્યાસ યોગે તેમનું સમાધિયુક્ત મરણ થવું સંભવે છે, તેથી તેવો અભ્યાસ બહુ જરૂરનો છે.

ઉક્ત સમ્યકત્વની રક્ષા તેમજ પુષ્ટિ માટે ભવ્યજનોએ **નીચેની નિયમાવળી** લક્ષમાં રાખવી, અને તે પ્રમાણે સાવધાનપણે વર્ત્તવું.

૧ શુદ્ધ વસ્ત્રાદિક ધારણ કરી શ્રી જિનેશ્વર ભગવાનને ભેટવા નિયમસર જવું, અને બની શકે ત્યાં સુધી જયણા પૂર્વક શુદ્ધ જળથી સ્નાન કરી, ઉત્તમ દ્રવ્યો (પૂજોપગરણ) મેળવી, શ્રી જિનેશ્વર દેવની ત્રિકાળ પૂજા–અર્ચા પણ કરવી. જ્યાં (નજદીક) દેરાસર પ્રમુખનો યોગ ન હોય ત્યાં ઈશાન કોણ તરફ **શ્રી સીમંધર** પ્રભુ સન્મુખ રહી સ્થિરતા પૂર્વક સ્તુતિ–સ્તોત્ર સહિત વિશાળ ચૈત્યવંદન કરવું. અથવા નવપદ (સિદ્ધચક્ર) પ્રમુખની સ્થાપના સ્થાપી, અંતર લક્ષ રાખી, પોતાનો નિત્ય નિયમ સાચવવો.

૨ **અખંડ ઉત્તરાસંગ** પ્રમુખ **પાંચ અભિગમ** સાચવી શ્રી સદ્દગુરૂના દર્શનાર્થે વંદનાર્થે, તેમજ બની શકે ત્યાંસુધી ધર્મદેશના સાંભળવા, વ્રત, પચ્ચખાણ કરવા, તેમજ સામાયક, પોષધ, પ્રતિક્રમણાદિક ધર્મકરણી નિવૃત્તિથી કરવા નિયમસર જવું અને ત્યાં અતિઆદરપૂર્વક ગુરૂ મુદ્રા સામીજ દૃષ્ટિ સ્થાપી, વિકથાદિક પ્રમાદ પરિહરી સંઘ–સાધર્મિક સમુદાય સાથે અપૂર્વ જ્ઞાનાદિક ગુણોનો અદ્દભૂત લાભ મેળવવો.

૩ આપણી ધર્મ–વૃત્તિ સદાય સતેજ રહે, તેમાં ખામી આવવા ન પામે તેટલા માટે સાવધાનપણે નિત્ય નિયમ પાળવા ઉપરાંત પર્વ દિવસો અને કલ્યાણક દિવસોમાં વિશેષે કરીને તીર્થયાત્રા પૂજા પ્રભાવનાયોગે દાન, શીલ, તપ, અને ભાવના પ્રમુખ શુદ્ધ ધર્મની વૃદ્ધિ

કરવી,સંઘ સાધર્મિક જનોની યથાયોગ્ય ભક્તિ કરવી,તેમજ આપણી ધર્મ કરણીના અંતરંગ હેતુ ગુરૂગમ્ય સમજી લક્ષ્ય રાખી વિધિ સહિત તે પ્રેમપૂર્વક કરવા દિન દિન ખપ કરવો.

૪ **ધર્મરત્ન પ્રકરણ**માં શ્રી **શાન્તિ સૂરિજી**એ કહેલાં **અક્ષુદ્રતાદિક** ઉત્તમ ૨૧ ગુણો આપણામાં સંપૂર્ણ રીતે ખીલી નીકળે, ક્ષુદ્રતાદિક દોષ માત્ર સમૂળગા દૂર થઈ જાય, તેમજ શ્રી **હરિભદ્રસૂરિજીએ ધર્મબિંદુ** પ્રમુખ ગ્રંથોમાં સ્પષ્ટપણે બતાવેલા માર્ગાનુસારીપણાના ૩૫ લક્ષણો (સત્ય, પ્રમાણીકતા, નમ્રતા પ્રમુખ) જેમ આપણામાં સંપૂર્ણ આવી શકે તેમ રાત દિન લક્ષ રાખી સરલ અકુટીલ વ્યવહાર સેવવો.

૫ પૂર્વાચાર્ય રચિત **સમ્યકત્વ સિત્તરી** પ્રમુખ શાસ્ત્રના આધારે **મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ કરેલ સમકિતના ૬૭ બોલની સજઝાય** સારી રીતે અર્થ સહિત અવધારી, સમકિતને શોભાવનારાં કારણો સદાય સેવવાં અને મલિનતા કરનારા કારણો સદાય તજવા પુરતી કાળજી રાખવી. જેમ જેમ ઉલટભર ખંતથી તેનો અભ્યાસ કરવામાં આવશે તેમ તેમ આત્મામાં સ્વભાવિક ગુણોની પ્રાપ્તિ થતીજ જશે. અને અનુક્રમે ઉત્તમ પાંચ લક્ષણો-વાળું શુદ્ધ સમ્યકત્વ ઝળહળતું આત્મામાં પ્રકટ થશે.

૬–૧ શમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા અને ૫ આસ્તિકતા આ પાંચ તેનાં ઉત્તમ લક્ષણ છે. તેનો હરહમેશ સારી રીતે અભ્યાસ રાખવો. તેમાં પ્રમાદ એટલે ગફલત કરવી નહિ.

(૧) અપરાધી જીવનું પણ અંતરથી અણહિત નહિ ઇચ્છતાં બની શકે તેટલું તેનું હિતજ થાય તેમ આપણા મન વચન અને કાયાનો સદ્ઉપયોગ કરવો અને કરાવવો.

(૨) દુનિયામાં દેખાતાં અને દેવતા પ્રમુખનાં સુખ પણ ક્ષણ-ભંગુર જાણી તેવાં સુખને પરિણામે અસાર સમજી તેમાં રતિ કર્યા વગર કેવળ મોક્ષનાં શાશ્વત સુખમાંજ પ્રીતિ જોડવી.

(૩) કર્મવશ સંસારને કેવળ કારાગ્રહ અથવા નરક સમાન લેખી, પ્રાપ્ત સુખ દુઃખમાં સમભાવ રાખી સંસાર બંધનથી મુક્ત થવા તીવ્ર અભિલાષા રાખવી.

(૪) દીન-દુઃખી અનાથ જનોને યથોચિત અન્ન વસ્ત્રાદિકની સહાય કરવારૂપ દ્રવ્ય દયા અને યોગ્ય જીવોને ધર્મના માર્ગે ચડાવી કાયમ માટે તેમને દુઃખમુક્ત કરવા રૂપ ભાવ દયા સદાય દીલમાં ધારવી. અંતર લક્ષથી કરવામાં આવતી ઉભય દયા હિતકારીજ છે.

(૫) સર્વથા રાગ દ્વેષ વર્જિત સર્વજ્ઞ સર્વદર્શી જિનેશ્વર ભગવાને જે જે અમૃત વચન કહ્યાં છે તે સર્વથા સત્યજ છે. એવી અચળ શ્રદ્ધા અત્યંત આદરથી સેવવી યુકત છે.

(૬) પવિત્ર જિનશાસનને દીપાવનાર, જિન આજ્ઞાને અખંડ ધારનાર અને સમસ્ત ગુણના આધાર રૂપ શ્રી તીર્થંકર ભગવાનને પણ માન્ય, શ્રી ચતુર્વિધ સંઘનું પૂર્ણ પ્રેમથી વાત્સલ્ય કરવું. પ્રભુની પવિત્ર આજ્ઞાને પ્રાણની જેમ પાળનાર સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ શ્રી સંઘનો જેમ અભ્યુદય થાય તેમ લક્ષ રાખી પ્રવર્તવું.

(૭) અનાદિ મિથ્યાત્વ, કષાય, પ્રબળ પુરૂષાર્થ વગર ટાળી શકાય નહિ માટે અનંત દુઃખદાયક તે દોષોને દૂર કરવા સર્વ સામર્થ્ય ફેરવવા ચૂકવું નહીં, અને ચિંતામણિ રત્નથી પણ અધિક સુખદાયક સમ્યકત્વ પામી તેને પ્રાણની પેરે સાચવવું.

પરંતુ મૂર્ખની પેરે તેને પ્રમાદથી ગમાવી દેવું નહીં, કેમકે સમકિત સહિતજ સકળ ધર્મ કરણી–વ્રત નિયમ પ્રમુખ મોક્ષદાયક થઈ શકે છે.

(૮) ધર્મ–વ્યવહારમાં સીદાતા સાધર્મી બંધુઓની વ્હારે ચઢવું.

(૯) પોતાનાં બાળ બચ્ચાં, કુટુંબ કબિલાં, તેમજ નિરાધાર જૈન ભાઇ બ્હેનો સર્વ રીતે કેળવાય તેમ ઉદાર લક્ષ રાખવું.

(૧૦) ઓછી જરૂરનાં આડંબરીકામમાં દ્રવ્યનો વ્યયકરવા કરતાં અધિક પરમાર્થવાળાં સારાં સંગીન કામમાંજ તેનો અધિક વ્યય કરવા કરાવવા લક્ષ રાખવું.

(૧૧) બીજાનાં સંગ–પ્રસંગથી આપણામાં જે કોઈ ખોટા રીત–રીવાજો દાખલ થઈ ગયેલા દેખાય તે દૂર કરવા, અને દેશ કાળ જોઇ અનુકૂળ સુધારા જાતે કરવા કરાવવા વડે શાસનની મલીનતા ટાળવી.

૧૨ જેમ આપણા ધર્મનાં ઉમદાં તત્વો અધિક પ્રમાણમાં જિજ્ઞાસુ લોકો જાણી શકે તેવો પ્રબંધ જાતે કરી કરાવી ધર્મની પ્રભાવના કરવી.

૧૩ જેમ પ્રથમ સમયના જૈનો પોતાની ઉમદા નીતિ રીતિથી જગ જાહેર થયેલા છે.તેમ થવા ઉંચા પ્રકારની તાલીમ દેવી શરૂ કરવી.

૧૪ આપણા જૈની ભાઇઓ નેક નિષ્ઠાથી પોતાની આજીવિકા ચલાવી શકે અરસ્પરસ એક બીજાને પ્રીતિથી સહાય કરી શકે અને છેવટે પોતાનું અવસાન પણ સુધારી શકે એવી જમાનાને બંધ બેસતી કેળવણીને સંગીન પાયા ઉપર પ્રચાર થાય તેવો પ્રબંધ રચવામાં સહુકોઇ ભાઈ બ્હેનોએ યથાશકિત સુકૃત ફંડમાં સહાય કરવી.

સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત.

(પ્રથમ અણુવ્રત.)

સૂક્ષ્મ અને બાદર, ત્રસ અને સ્થાવર; એમ બે પ્રકારના પ્રાણીઓ છે. તેમનો **અતિપાત** એટલે નાશ કરવો તે **પ્રાણાતિપાત** કહેવાય છે. જીવ હિંસા એ તેનું બીજું નામ છે. તે થકી વિરમવું એટલે જીવહિંસાનો ત્યાગ કરવો, એ પ્રથમ વ્રત છે. મુનિરાજ તો તે વ્રત સંપૂર્ણ પાળી શકે માટે તેમનું તે વ્રત **મહાવ્રત** કહેવાય છે. ત્યારે ગૃહસ્થ ફક્ત તેને **અંશથીજ** પાળી શકે છે માટે તે અણુવ્રત કહેવાય છે. ગૃહસ્થથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ રૂપ સ્થાવર જીવોની સર્વથા રક્ષા થવી શકય નથી, તેથી તે ત્રસ જીવોનીજ રક્ષા કરી શકે, તેમાં પણ વિશેષે કરી નિરપરાધી જીવોનીજ રક્ષા કરી શકે છે. તે પણ ગૃહસ્થ સંબંધી આરંભ સમારંભ વ્યાપાર વણજ તેમજ ઔષધ ભેષજના પ્રસંગ ટાળી ફક્ત ઈરાદા પૂર્વક તે ત્રસ જીવોને હણવાની બુદ્ધિથી નહિં હણવાનો નિયમ પાળી શકે છે. આવી રીતે ગૃહસ્થ બહુ તો મુનિરાજની અપેક્ષાએ ફક્ત સવા વસા (વિશ્વા)નીજ દયા પાળી શકે છે. પરમાર્થથી જોતાં તો મુનિરાજની દયા અનંતી છે.

હેતુ—'સર્વ જીવો જીવિત ઇચ્છે છે. કોઇ મરણ ઇચ્છતા નથી એમ સમજીનેજ મુનિ જનો ઘોર પ્રાણિ વધનો સર્વથા ત્યાગ કરે છે.' જીવવાની લાગણી સહુને સરખી છે તેથી કોઇના કિંમતી પ્રાણ હરી લેવા જેવું કોઈ ઉગ્ર પાપ નથી. તેમજ સર્વથી વ્હાલા પ્રાણ બચાવવા જેવું બીજું ઉત્તમ સુકૃત નથી. તેથી કોઇ પણ પ્રાણી ઉપર વૈરભાવ નહિં ધારતાં સહુ ઉપર મૈત્રી યા **સમાન-ભાવ** જ ધારવો જોઇએ. દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવા યથા-શક્તિ પ્રયત્ન કરવો જોઇએ. તેમજ 'સર્વ જીવ સદાય સન્માર્ગ સેવી સર્વથા સુખી થાઓ ! કોઇ કદાપિ દુઃખી ન થાઓ !' એવી ઉત્તમ ભાવના સદાય દીલમાં રાખવી જોઇએ. એવી ઉત્તમ ભાવનાથી તેમજ ભાવનાનુસારે શુભ વર્તનથી આપણું અંતઃકરણ અત્યંત ઉદાર, દયાળુ અને નિર્મળ બને છે તેથી આપણે સહેજે ઉત્તમ ધર્મના અધિકારી બનીએ છીએ.

સાર—ઉપલી હકીકતથી સમજી શકાય એવું છે કે આપણે આપણા પ્રાણ સમાન પરના પ્રાણ લેખવા. આપણા કલ્પિત સ્વાર્થની ખાતર કે પ્રમાદ વશ બની કોઇ પણ પ્રાણીની લાગણી દુઃખાય તેવું અકૃત્ય કરવું નહિં. પરનિંદા–પારકા અવર્ણવાદ બોલવાથી સદંતર દૂરજ રહેવું. કોઇની ઉપર કૂડું કલંક ચઢાવવુંજ નહિં. જ્યારે જ્યારે પરને પીડાકરી કાર્યનો પ્રસંગ આવે ત્યારે અંતરમાં વિચારવું કે 'જેવું આપણને દુઃખ થાય તેવું સહુને થાય.' એમ સમજી કોઇના પ્રત્યે પ્રતિકૂળ વર્તન ચલાવવુંજ નહિં. સાથે એમ પણ સમજી રાખવું કે જેવા કઠોર પરિણામથી જીવ પાપ કર્મ કરે છે તેવુંજ માઠું ફળ તેને પરિણામે ભોગવવું પડે છે. પાપ કરતાં જીવ પાછું વાળી જોતા નથી પણ જ્યારે ફળ

ભોગવવાનો વખત આવે ત્યારે લમણે હાથ દઇને રોવે છે. તેથી જ્ઞાની પુરૂષો કહે છે કે 'તમે કર્મ કરતાંજ વિચાર રાખો; કેમકે કરેલાં કર્મ પ્રમાણે તેનું ફળ તમારેજ ભોગવવું પડશે. .તેમાં કશું ચાલશે નહિં. માટે ચેતો !' તેમાં પણ ઉભય લોક વિરૂદ્ધ **સાત જાતનાં મહાવ્યસનો તો પ્રથમ પહેજ તજવાં જોઇએ. માંસ, મદિરા, શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રી, અને વેશ્યાગમન, એ સાત ભુંડાં વ્યસનો જીવને ઘોરાતિઘોર નરકમાં ખેંચી જાય છે. માટે તે અવશ્ય તજવાં અને આપણા મિત્રાદિક સંબંધીઓને પણ સમજાવી તજાવવા પ્રયત્ન કરવો.**

કુમારપાળ ભૂપાળે પોતાના વિશાળ રાજ્યમાંથી ઉક્ત સાત વ્યસનો સદંતર દૂર કરાવ્યાં હતાં, તો સહુ સજ્જનોએ સ્વસ્વગૃહમાંથી તો તે તે વ્યસનોને સદંતર દૂર કરવાં યુક્તજ છે. ક્ષણિક અને કલ્પિત સુખ કે સ્વાર્થની ખાતર નરકાદિનાં અનંત અઘોર દુઃખ કોણ સમજુ ભોગવવા ખુશી હોય? નજ હોય. દરેક વ્યસન અનર્થકારી છે એમ જાણી તેને જલદી દૂર કરવા પૂરતી કાળજી રાખવી જોઇએ. સ્વહિત ચાહનારે તેમાં પ્રમાદ કરવો ઘટિત નથી. પ્રથમ અહિંસાવ્રતને પાળવા ઇચ્છનાર સદ્-ગૃહસ્થે બની શકે તેટલે દરજ્જે ત્રસજીવોની રક્ષાપૂર્વક પૃથ્વી આદિક સ્થાવર જીવોની પણ બનતી રક્ષા કરવા કાળજી રાખવી જોઇએ. મહા આરંભ સમારંભ બનતાં સુધી વર્જવા જોઇએ. મધ, માંખણ, રાત્રિભોજન, બોળ અથાણું, વીદળ, રીંગણાં, પંચઉંબર પ્રમુખ બાવીશ અભક્ષ્ય અને આદુ, મૂળા, ગાજર, ગળો, લસણ, અને ડુંગળી પ્રમુખ બત્રીશ અનંતકાયનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. પાણી પણ ગળ્યા વગર પીવું કે વાવરવું ન જોઇએ.

હરેક બાબત **જયણા** (જીવરક્ષા) સહિત કરતાં પ્રથમ **વ્રતની શુદ્ધિ** અને પુષ્ટી થાય છે. બીજાં બધાં વ્રતો પણ અહિંસા **વ્રતની પુષ્ટિ** માટેજ છે. તેના પાંચ **અતિચાર** સમજીને તજવા. **એમ** સર્વ વ્રત આશ્રી સ્વયમેવ સમજી લેવું. દરેક વ્રતને લગતા ન્હાના મ્હોટા બધા અતિચાર ગુરૂગમ્ય જાણી તે અતિચાર દોષ ટાળવા જરૂર લક્ષ રાખવું.

---

૨ સ્થૂલમૃષાવાદવિરમણ વ્રત.

(બીજું અણુવ્રત.)

ક્રોધ, માન, માયા, લોભ, ભય કે હાસ્ય યોગે મોહવશ પડેલા જીવો જૂઠું બોલે છે તેનો સર્વદા ત્યાગ કષાયરહિત મુનિમહાત્માજ કરી શકે છે. તેથી તેમનું તે **સત્યવ્રત** મહાવ્રત કહેવાય છે. ગૃહસ્થ-શ્રાવક તે મુજબ સર્વથા સત્ય વ્રત પાળી ન શકે તેથી તેનું વ્રત અણુવ્રત કહેવાય છે. સંસાર વ્યવહારમાં પણ અતિ હાનિકારક એવા પાંચ—

૧ **કન્યાલીક** (કન્યા સંબંધી સગપણ વિવાહાદિક પ્રસંગે જૂઠું બોલવું.)

૨ **ગવાલીક** (ગાય ભેંસ પ્રમુખ ચોપગાં જાનવર સંબંધી લેવડદેવડમાં જૂઠું બોલવું.)

૩ **ભૂમ્યલીક** (ખેતર, વાડી, ગૃહ, હાટ, વખાર પ્રમુખ ભૂમિના સંબંધે જૂઠું બોલવું.)

૪ **થાપણ મોસો** (આપણા ઉપર વિશ્વાસ રાખી બીજાએ મૂકેલી થાપણનો ઇનકાર કરવો.)

૫ **કૂડી શાખ** (ઇન્સાફની કોર્ટમાં કે બીજા તેવાજ પ્રસંગે ખોટી સાક્ષી ભરવી.) .

એ પાંચ મ્હોટાં જૂઠાણાં અવશ્ય તજવા યોગ્ય છે. પરમાર્થ દૃષ્ટિથી જોતાં તો શુદ્ધ દેવ ગુરૂની આજ્ઞાવિરૂદ્ધ આપમતિથી **ઉત્સૂત્ર ભાષણ** તેમજ **ઉત્સૂત્ર** (શાસ્ત્ર વિરૂદ્ધ) **વર્તન** પણ અવશ્ય પરિહરવા યોગ્યજ છે. ભવ ભીરૂ યા પાપ ભીરૂનું એ ખાસ કર્તવ્ય છે. મુનિ-મહાત્માઓને તો ક્ષણે ક્ષણે તેવા લક્ષની ખાસ જરૂર છે.

હેતુ—અસત્યનો અનાદર કરી સત્ય હિત મિત ભાષણ કરનારનો વ્યવહાર ઘણો સરલ થઇ શકે છે. તેનાં ઘણાં વિઘ્નો સહેજે દૂર થઇ જાય છે. ગમે તેવી મુશીબત વેઠીને પણ સત્યની ટેક સાચવી રાખનાર અંતે જય કમળા વરે છે. સત્યવાદીનો સહુ કોઇ વિશ્વાસ કરે છે. દેવ દાનવ પ્રમુખ પણ તેને સહાયભૂત થાય છે. પોતાનું વચન પાળવા **યુધિષ્ઠિર** પ્રમુખ વીર પુરૂષોએ બહુ બહુ કષ્ટ સહ્યું છે પરંતુ છેવટે તેમનોજ જય થયો છે. **શ્રીમાન્ કાલિકસૂરિજીએ** પ્રાણાંત ઉપસર્ગ જાણ્યા છતાં સત્યની ટેક છોડી નહિં તો તેમનો યશવાદ સર્વત્ર પ્રસરી રહ્યો છે અને **વસુરાજાએ** કેવળ દાક્ષિણ્યતાથી અસત્ય યા મિશ્ર ભાષણ કર્યું તો તેથી તેના બહુ બૂરા હાલ થયા. તેના અન્યાયથી દેવતાઓએ તેને સિંહાસન ઉપરથી નીચે પાડી લોહી વમતો કરી દીધો, જેના પરિણામે તે મરીને નરક ગતિમાં ગયો. સત્ય સ્વાભાવિક વચન સાકર કે અમૃત જેવું મિષ્ટ અને સુખદાયી નિવડે છે ત્યારે કૂટ-

અસત્ય વચન વિષ્ટા કે વિખ જેવું કેવળ અનિષ્ટ–અનર્થકારી થાય છે. જેણે ક્ષીર કે અમૃતનું પાન કર્યું હોય તેને હલાહલ વિખનું પાન કરવું કેમ ગમે ? સત્યવાદી સર્વત્ર સત્કાર પામે છે ત્યારે અસત્યવાદી હડકાયા કૂતરાની જેમ જ્યાં ત્યાં અપમાન પામે છે–અસત્યવાદીનો કોઈ કયાંઇ વિશ્વાસ કરતું નથી.

સાર—આ લોક તેમજ પરલોક સંબંધી સુખ સંપત્તિ ઈચ્છનાર દરેક શખ્સે ઉત્તમ પ્રકારના સત્યનાજ ધોરણે ચાલવું શ્રેષ્ઠ છે. સત્યની દૃઢ ટેક રાખનાર જગતમાં વિશ્વાસ પાત્ર બની મ્હોટી પ્રતિષ્ઠા પામે છે. તેમજ વ્યવહારમાં પણ તેને કશી મુશીબત નડતી નથી. વળી સત્યના પ્રભાવે ઉંચી આંટ બંધાઈ જવાથી વ્યાપાર વણજમાં સારી કમાણી કરી પૈસે ટકે પણ તે સુખી થાય છે. પ્રિય અને હિતકર સત્ય વાણી વદનાર જીવ પવિત્ર ધર્મનો અધિકારી બને છે, સત્યના પ્રભાવે શત્રુ પણ મિત્ર થઈ જાય છે. મતલબ કે કોઇ પણ સત્યવાદીનો પરાભવ કરી શકતું નથી. ખરી આપત્તિ વખતે સત્યવાદીની પૂરી કસોટી થાય છે. તેવે પ્રસંગે વળી સુવર્ણની પેરે સત્યવાદીની અધિક શુદ્ધિ થાય છે. શાસ્ત્રકાર કહે છે કે 'સત્ય–ધર્મની ખાતર પ્રાણ તજવા સારા, પણ પ્રાણ અર્થે (સ્વાર્થની ખાતર) સત્ય–ધર્મનો કદાપિ ત્યાગ કરવો નહિં.' સત્યનેજ અવલંબી એવી ઉત્તમ ટેક સાચવનાર સજ્જનોનુંજ જીવિત સફળ ગણાય છે, એમ સમજી શાણા માણસોએ અનાદિ કૂટ અભ્યાસથી ચાલી આવતી અસત્ય બોલવાની ટેવ તજી દઇને પવિત્ર સત્ય વ્રત પાળવા પૂરતો અભ્યાસ પાડી, તેવીજ પ્રતિજ્ઞા આદરી, જીવિત પર્યંત ઉક્ત વ્રતનું અવશ્ય આરાધન કરવું જોઇએ. તેથી પોતાને, કુટુંબને, જ્ઞાતિને, યાવત્ સમાજને પણ ઘણોજ ફાયદો થશે. જેમ માઠા અવગુણની માઠી

અસર બીજાને થાય છે તેમ સારા સદ્દગુણોની સારી અસર પણ અન્યને તેવી રીતે થાય છે. સમાજનું ભલું ઈચ્છનારે સમાજના અંગભૂત પોતાનેજ પ્રથમ સન્માર્ગમાં સ્થાપી પોતાનું, પોતાના સ્વજન કુટુંબનું તેમજ પોતાની જ્ઞાતિ પ્રમુખનું બની શકે તેટલું ભલું કરવા ખંત રાખવી જોઇએ. જો એમ ન કરીએ તો સમાજ સુધારાની ઇચ્છા આકાશ પુષ્પની જેવી કેવળ કલ્પના માત્રજ હોવાથી નકામી છે. 'Charity begins at home.' એ ઇંગ્રેજી કહેવત વિસરી જવી જોઇએ નહિં. વળી કહેવાય છે કે 'સાચને આંચ નહિં.' સત્ય વચનજ જીવને સહજ સોહાય છે. અસત્ય બોલતાં અંતઃકરણ પણ ના કહેતું હોય તેમ જણાય છે. અસત્ય બોલતાં મનમાં શંકા-સંકોચ આવે છે. તેજ જણાવે છે કે શુદ્ધ અંતઃકરણને સત્ય વગર બીજું કશુંજ રૂચતું નથી. તેમ છતાં મૂર્ખ માનવીઓ જૂઠ બોલી એક જૂઠાણાની ખાતર સેંકડો કુયુક્તિઓ કરી 'તે સત્ય છે' એમ સાબીત કરવા અજ્ઞાનવશ મથે છે-અંતે પણ 'હું કહું છું તે સત્ય' એમ દલીલ કરે છે. વળી એવી ભાંજગડ-માથાકુટ કરતાં જૂઠ બોલનારના મનમાં કદાચ પસ્તાવો થાય છે તો તે બીજી વખત વિચારીને બોલે છે. પરંતુ જૂઠ બોલવાથી સામાનો વિશ્વાસ ઉડી જાય છે તેથી તે કદાચ ફરીને સાચુંજ બોલે તોપણ તે તેનું સાચ માર્યુંજ જાય છે. માટે સહૃદય (શાણા) માણસોએ પ્રથમથીજ સત્ય બોલવાની ઉત્તમ ટેવ પાડવી અને તેવી ટેવને ટેકથી નભાવી રાખવામાં ગફલત કરવી નહિં. સત્યવાદીને ન્યાયસર-પ્રમાણિકપણે વર્તવાની પૂરી જરૂર રહે છે. તેણે જરૂર પડે તેટલુંજ હિતાહિતનો વિચાર કરી પ્રિય—મધુર સત્ય વચનજ ઉચરવું જોઇએ.

સ્થૂલઅદત્તાદાનવિરમણ વ્રત.

(ત્રીજું અણુવ્રત.)

અદત્ત એટલે કોઈએ નહિ દીધેલું તેનું **આદાન** એટલે ગ્રહણ કરવું, મતલબ કે પરાઈ વસ્તુ ધણીની રજા વગર પોતાની મેળે લઈ લેવી, એ તેનો સામાન્ય અર્થ છે. ગૃહસ્થ પ્રાયઃ ઉક્ત અર્થ અનુસારે સ્થૂલપણેજ વ્રત પાળી શકે છે. મુનિજનો તો શુદ્ધ દેવગુરુની અનુમતિ જેમાં ન હોય તે વસ્તુ તેમજ તેમની અનુમતિવાળી વસ્તુ પણ જેના કબજામાં હોય તેની અનુમતિ ન હોય તે વસ્તુ તથા તેની પણ અનુમતિ હોય છતાં જે વસ્તુ સજીવ અથવા મિશ્ર (તદ્દન નિર્જીવ ન હોય તેવી) હોય તે મળે તોપણ ગ્રહી શકે નહીં. મુનિજનોનું આવું દુર્ધર (કઠણ) વ્રત ત્રીજા મહાવ્રત તરીકે ઓળખાય છે. તેની અપેક્ષાએ ગૃહસ્થનું સ્થૂલવ્રત અણુવ્રત કહેવાય છે. તેમાં ગૃહસ્થે ચોરી સંબંધી નીચેના નિયમો ખાસ લક્ષમાં રાખી પ્રમાણિકપણું આચરવું જોઈએ. તેથી તેને વ્યવહારમાં બહુજ સુલભતા અને સુખશાંતિ પ્રાપ્ત થાય છે અને તે

નિયમોનું ઉલ્લંઘન કરનારને અનેક પ્રકારની અણચિંતી આફતો આવી ઉભી થાય છે કે જેના પરિણામે પોતે તથા પોતાના કુટુંબાદિક ખરાબ થાય છે અને છેવટે તેને નીચી ગતિમાં પણ જવું પડે છે.

ત્રીજા વ્રતના રક્ષણ માટે
ખાસ લક્ષમાં રાખવા યોગ્ય નીતિના નિયમો.

૧ કોઈનું ખાતર પાડવું નહિ તેમજ બીજા પાસે પડાવવું નહિ.

૨ ચોરાઉ માલ જાણી જોઈને લેવો નહિં તેમજ તેવો સંકેત કરવો નહિં.

૩ કોઈની ખોવાએલી, પડી ગયેલી કે વિસરી ગયેલી વસ્તુ છુપાવવી નહિ.

૪ દાણ ચોરી કરવી નહિં, તેમજ તેમ કરવા બીજાને ખોટી શિખામણ દેવી નહિં.

૫ કૂડાં કાટલાં માન માપાં કરી પરવંચન કરવું કે કરાવવું નહિં.

૬ પારકી થાપણ ઓળવવી નહિં તથા તેમ કરવા કોઇને ખોટી સલાહ આપવી નહિં.

૭ કોઈની લાંચ-રૂશવત લેવી નહિં તેમજ લેવરાવવી નહિં.

૮ આપણામાં વિશ્વાસ-ભરૂસો રાખનારનો કદાપિ વિશ્વાસઘાત કરવો નહિં.

૯ માતા, પિતા, પુત્ર, મિત્ર, કે કલત્ર (સ્ત્રી) સાથે ઠગાઈ કરવી નહિં.

૧૦ રાજાની આજ્ઞાનું ઉલ્લઘન કરી ન કરવાનું કામ કરવું નહિં.

૧૧ વ્યાપાર વણજમાં દગો ફટકો કરવો નહિં. સરલ વ્યવહાર રાખવો.

હેતુ—પ્રમાણિકપણે ઉપર મુજબ વ્યવહાર સેવનાર ઉત્તમ પ્રકારની ઈજત–આબરૂ મેળવે છે. યાવત્ રાજમાન્ય પણ થાય છે અને માર્ગાનુસારીપણાના લક્ષણ ધારવાવડે તે પવિત્ર ધર્મનો અધિકારી થઇ અંતે સદ્ગતિ પામે છે. તેથી વિરૂદ્ધ વર્તનાર–અનીતિ–અન્યાયને સેવનાર આ લોકમાં અપજશ–અપમાન પામે છે અને વખતે રાજદંડને પણ ભોગવે છે. તેમજ કેવળ આર્ત્ત રૌદ્રધ્યાનવશ કમોતે મરીને મહા માઠી ગતિને પામે છે.

સાર—જો ગૃહસંસારમાં કંઈ પણ સુખી થવું હોય, લક્ષ્મી પ્રાપ્ત કરવી હોય, પ્રાપ્ત થયેલી લક્ષ્મીને ટકાવી રાખવી હોય, તેમજ પુણ્ય યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો લાહો લઈ સદ્ગતિ સાધવી હોય, તો સઘળું કૂડકપટ પરવંચન દગો ફટકો તજી દઈ કેવળ ન્યાય નીતિથી સરલ વ્યવહારનુંજ સેવન કરો! થોડું કે ઘણું જે કંઈ ન્યાયના માર્ગે મળે તેથી સંતોષ રાખો! અનીતિથી ઘણું મેળવવાનો ખોટો લોભ તજી દો. એવો ખોટો લોભજ જીવને દુર્ગતિમાં લઇ જનાર છે. જે પોતાના ભાગ્યમાં નથીજ તે કોટિ ઉપાય કરતાં પણ કદાપિ મળી શકવાનું નથી અને જે લલાટમાં લખાવેલું છે તે અનીતિ નહિ સેવતાં કેવળ ન્યાય નીતિથીજ ચાલતાં સહેજે મળશે. તેથી લક્ષ્મી માટે પણ ન્યાય યુક્તજ ઉદ્યમ સેવવો યુક્ત છે. સંતોષીનેજ ખરૂં સુખ છે. પુણીયો શેઠ જેવો સુખી હતો તેના અનંતમાં અંશે પણ મમ્મણ શેઠ સુખીયો ન હતો. સબબ કે એક સંતોષી ત્યારે બીજો મહા લોભી હતો. પુણીયો થોડામાંથી પણ થોડું ધર્મ માર્ગે વાવરવા ઇચ્છતો અને મમ્મણ જેનું તેનું પણ લેવા ઈચ્છતો. પરિણામે એકની સદ્ગતિ અને બીજાની મહા માઠી ગતિ થઈ. બીજું વળી ચોર કયાંય ઠરીને બેસી શકતો નથી, શાંતિથી ખાઇ શકતો નથી તેમજ

નિરાંતે ઉંઘી શકતો નથી. તેનું મન ચકડોળ ફર્યાજ કરે છે. તે કાગડાની જેમ ખોટો લાગ શોધતોજ ફરે છે. કોઇક વખત ફાવી જાય છે તો કોઇક વખત વગર ભાડાની કોટડી (જેલ)માં અને ક્વચિત્ તો કાળા પાણીએ (દેશનિકાલ) કે યમના મંદિરે ઇચ્છા વગર પ્રયાણ કરે છે. આવાં દૃષ્ટાંતો સંખ્યાબંધ નજરે પડે છે, તે જોઇ શાણા માણસે તેવાં અપલક્ષણ થકી પાછા ઓસરવું (હઠવું) જોઇએ અને તેવી કુટેવને સદાને માટે છોડી દેવી જોઈએ. અનીતિથી મેળવેલું ધન વધારે વખત ટકતું નથી પણ થોડાજ વખતમાં આગલા ધનને પણ સાથે લઇ અલોપ થઈ જાય છે. વળી અન્યાયદ્રવ્યથી મતિ મલિન થાય છે અને મલીન મનથી ખર્ચેલું ધન ફળીભૂત થઇ શકતું નથી; ત્યારે ન્યાયદ્રવ્યથી મતિ સુધરે છે–નિર્મળ થાય છે, શુભ ભાવના સ્ફુરે છે અને શુભ ભાવના યુક્ત કરેલી દાનાદિક કરણી સઘળી લેખે થાય છે. તેનાથી પુણ્યાનુબંધી પુણ્ય[1] બંધાય છે, જેના પરિણામે જીવ સદ્ગતિ સાધી શીઘ્ર મોક્ષપદનો પણ અધિકારી થઇ શકે છે. ઉપરની હકીકત ઉપરથી સાફ સમજી શકાય છે કે અનીતિ એ અનેક આપદાનોજ ધોરી માર્ગ છે ત્યારે ન્યાય–નીતિ એ ઉત્તમ સંપદા પામવાનો અકસીર ઉપાય છે. હવે જે તમને ગમે તે માર્ગ અંગીકાર કરો! તમને સુખ ઇષ્ટ છે કે દુઃખ? તમે સદ્ગતિ ચાહો છો કે દુર્ગતિ? તમે ધર્મ ચાહો છો કે અધર્મ? જો સુખ સદ્ગતિ અને ધર્મનીજ ચાહના કરતા હો, તો તો અન્યાય–અનીતિરૂપ ઉગ્ર ઝેરને ઉંડા કુવામાં ફેંકી દ્યો અને ઉત્તમ પ્રકારની પ્રમાણિકતારૂપ અમૃતનુંજ આસ્વાદન કરો! તેનાથી તમને સર્વ પ્રકારે

---

૧ પરિણામે મોક્ષ મેળવીઆપે એવું.

સુખ શાંતિ પ્રકટશે અને તમારૂં સદાચરણ દેખી–નિહાળી, તમારાં સંતાન, કુટુંબી, જ્ઞાતિજનો પ્રમુખ અનેક સદાચરણી બની સુખ શાન્તિના ભાગી થશે. આથી વધારે ઉપકારક બીજું શું હોઈ શકે ? નિશ્ચય દૃષ્ટિથી વિચારતાં તો સ્વભાવથી વિરૂદ્ધ વિભાવ–વર્તન કરવું તેને બીજા શબ્દોમાં બોલિયે તો સ્વગુણ પ્રતિબંધક[1] જડ વસ્તુનો આદર કરવો અને એમ કરવાથી રાગ દ્વેષ અને મોહાદિક વિકારોને વશ બની કર્મની વર્ગણાઓ આત્મસાત્[2] કરવી તે અદત્તાદાનજ કહેવાય. તે વાત લક્ષમાં રાખી અનાદિ કૂટ અભ્યાસ વારવા જેમ બને તેમ ખંતથી પ્રમાણિકપણાનું ઉત્તમ ધોરણ આદરવું. પ્રમાણિકપણે વર્તનાર સત્પુરૂષજ ચતુર્થવ્રતનું પણ યથાર્થ સેવન કરી શકે.

સ્વદારા સંતોષ અથવા સ્થૂલ મૈથુન વિરમણ વ્રત.

(ચતુર્થ અણુવ્રત.)



દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગની તૃષ્ણા તજી સહજ સંતોષ વૃત્તિ ભજવી–વિષય વિકારને વશ નહિં થતાં તેને સ્વવશ કરી લેવાં, તે કામ દુષ્કર છતાં મુનિ–મહાત્માઓ તેમાં વિજય મેળવે છે. ઉત્તમ પ્રકારના જ્ઞાન કે જ્ઞાનીના આલંબનથી સાધુ પુરૂષો

૧ વિરોધક, ૨ ગ્રહણ કરવી.

યથાર્થ બ્રહ્મચર્ય પાળી શકે છે. મન વચન અને કાયાની ત્રિકરણ શુદ્ધિથી બ્રહ્મચર્ય પાળવું તે અતિ દુષ્કર મહાવ્રત કહેવાયછે. તે મહાવ્રતની અપેક્ષાએ ગૃહસ્થનું સ્વદારા-સંતોષ નામનું વ્રત અણુવ્રત કહેવાય છે. તેમાં મુખ્યપણે સ્વસ્ત્રી શિવાય દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી વિષય ભોગનો યથાયોગ્ય ત્યાગ કરવો પડે છે. અનાદિ વિષય વાસનાનું જોર મંદ પાડવા માટે તેમ કરવું બહુજ જરૂરનું છે. મતલબ કે સ્વદારા સંતોષ યા સ્વપતિ સંતોષ વ્રતથી સ્વસ્ત્રી કે સ્વપતિ શિવાય સમસ્ત સ્ત્રીવર્ગને પુરૂષે સ્વમાતા સદૃશ લેખવો જોઇએ. અને સમસ્ત પુરૂષવર્ગને સ્ત્રીએ સ્વપિતા સમાન લેખવો જોઇએ. તેમની સંગાતે કોઇપણ જાતની કામચેષ્ટાથી સદંતર દૂર રહેવું જોઇએ. તેમજ મન અને વચનને પણ બનતાં સુધી કબજે રાખી નિર્વિકાર રાખવાં જોઇએ. સ્વસ્ત્રી કે સ્વપતિના સંબંધમાં પણ બની શકે તેટલી સંતોષ વૃત્તિ રાખી કામભોગમાં થતી અતિ આસક્તિ વર્જવી જોઇએ. તેમાં પણ જ્યાંસુધી સ્ત્રી પુરૂષ યોગ્ય સમસ્ત કળામાં કુશળતા મેળવવા અભ્યાસ કરવાનો હોય ત્યાંસુધી પ્રથમ વયમાં પુત્ર પુત્રી ઉભય તદ્દન નિર્વિકાર રહે તેજ ઇષ્ટ છે. ઉમર લાયક થયા વગર પુત્ર પુત્રીના પરિણયન (વિવાહ)થી પરિણામ પ્રાયઃ સારૂં આવતુંજ નથી. કાચી વયનાં પુત્ર પુત્રીના સંબંધ જોડવાથી તેમની આત્મ ઉન્નતિમાં અનેક અંતરાય ઉભા થાય છે, તે વાત માતપિતાદિક વડીલ જનોએ લક્ષમાં રાખવીજ જોઇએ. તેવીજ રીતે કજોડાં, વૃદ્ધ વિવાહ પ્રમુખથી થતી પારાવાર હાનિ પણ વિચારવી જોઇએ. એકંદર લાભાલાભનો વિચાર કરી સ્વપરહિત આચરવું જોઇએ.

હેતુ—અનાદિ અભ્યાસથી દૃઢ-રૂઢ થયેલી વિષય વાસના એકાએક નિર્મૂળ થવી મુશ્કેલ છે, પરંતુ તેને મંદ કરવા શાસ્ત્રકારોએ બતાવેલ માર્ગ જો વિવેકથી આદરવામાં આવે તો તેથી વિષય વાસના ઘટી શકે છે. આટલા માટેજ સ્વદારા કે સ્વપતિ સંતોષ વ્રત સેવન કરવું બહુ જરૂરનું છે. એ વ્રતના પ્રભાવથી સ્વદારા કે સ્વપતિ શિવાય તમામ સ્ત્રી પુરૂષો પ્રત્યે અન્યથા થતી કામવૃત્તિ સ્વતઃ શમી જાય છે, અને સહેજે સંતોષ વૃત્તિમાં વધારો થાય છે. કંઇપણ નિયમ વગર પશુની પેરે સર્વત્ર મુત્કળ (છૂટા)પણે કામભોગ સેવનાર અનેક પ્રકારની આપદાઓ પામે છે. પૈસે ટકે ઘસાઇ જાય છે, આબરૂના કાંકરા થાય છે, રાજદંડ પામે છે અને કવચિત્ કમોતે મરી માઠા ધ્યાનથી દુર્ગતિમાં જાય છે. જે સંતોષવૃત્તિવાળા છે તે બહુ સુખી થાય છે. જગતમાં તેમનો જશવાદ ગવાય છે, દેવતા પણ તેમને સહાયભૂત થાય છે અને અંતે શુભ ભાવ યુક્ત કાળ કરી સદ્દગતિ પામે છે. મુનિમહારાજની પેરે મન વચન અને કાયાની ત્રિકરણ શુદ્ધિથી સર્વથા બ્રહ્મચર્ય પાળવા અસમર્થ જૈનોએ ગૃહસ્થાશ્રમમાં પણ રહી એક પત્નીવ્રત કે એક પતિવ્રત દૃઢ રીતે પાળી, બની શકે તેટલી સુશીલતાથી સંતોષ વૃત્તિ સેવવીજ જોઇએ. જે સુશીલ સ્ત્રી સ્વપતિને સ્વસદાચરણથી સંતોષ ઉપજાવી, ધર્મ કાર્યમાં સહાયભૂત બને છે 'તે ધર્મપત્ની' કહેવાય છે. તેવીજ રીતે એક પત્નીવ્રત સેવનાર પતિએ પણ સ્વસ્ત્રીને સદ્વર્તનથી સંતોષ પમાડી તેને હરેક રીતે ધર્મ કાર્યમાં સહાયભૂત થવુંજ જોઇએ. આ પ્રકારની સ્ત્રી પતિની ફરજ પૂરતું લક્ષ આપી, જેમ પૂર્વની પ્રજા સુખી હતી તેમ સુખી થવા ઇચ્છનાર હરેક સ્ત્રી પતિએ અત્યારે પણ સ્વકર્તવ્ય તરફ પૂરતું લક્ષ આપવુંજ જોઇએ. તત્વદ-

ષ્ટિથી તપાસતાં આ પતિને સંયોગ-સંબંધ એવાજ કોઈ શુભ હેતુથીજ નિર્મિત થયેલ છે. તેનો ગેરઉપયોગ કરનાર સ્ત્રી પતિ પરિણામે સુખી થઇ શકતાંજ નથી. જુઓ ? વિષય તૃષ્ણાને વશ થઈ સીતા જેવી મહા સતી ઉપર કુડી નજરથી જોનાર અને તેને અપહરી જનાર **રાવણના કેવા હાલ** થયા ! અને એક પત્નીવ્રતને અખંડ પાળી રાખનાર **રામચંદ્રનો** અંતે કેટલો ઉદય થયો ? આ **શિવાય** શાસ્ત્ર પ્રસિદ્ધ **અનેક સતા** અને **સતીઓનાં** પવિત્ર દષ્ટાંત બહુજ મનન કરવા યોગ્ય છે. ગમે તેવા વિષમ સંયોગમાં પણ તેમણે પોતાનાં શીલવ્રતને કેવી દઢતાથી સાચવી રાખેલ છે ? એ વાત ખાસ લક્ષમાં રાખી દરેક સ્ત્રી ભરતારે સુશીલતા સેવવાની પ્રબળ ઇચ્છા રાખવી જોઇએ. દુનીયામાં રહેતા દુર્જનો ગમે તેવી લાલચો બતાવે તો પણ પોતાના પવિત્ર શીલવ્રતથી એક રંચ માત્ર સ્ખલિત થવું નહિ. પોતાના પવિત્ર વ્રતને અખંડ રાખી પ્રાણનો ત્યાગ કરવો પણ શાસ્ત્રકારોએ વખાણ્યો છે. કેમકે શીલાદિક ઉત્તમ વ્રત એજ અંતરંગ પ્રાણ છે. બીજાં તો કેવળ બાહ્ય પ્રાણજ છે. ઉત્તમ વ્રત રૂપી અંતરંગ પ્રાણને ગુમાવી જે જીવે છે તે જીવતા છતા પણ મુવાજ જાણવા. અને શીલાદિક ઉત્તમ વ્રતને અખંડ-અબાધિત રાખીને સ્વપ્રાણ ને તજે છે તે મુવા છતાં પણ જીવતાજ જાણવા. કેમકે આ લોકમાં તેમનાં ઉત્તમ ચરિત્રથી અખંડ કીર્તિ પસરે છે તેમજ તેમનાં પવિત્ર ચરિત્રનું અનુકરણ કરી અનેક ભવ્ય જનો આત્મ સુધારણા કરે છે અને પરિણામે પરલોકમાં પણ ઉત્તમ પ્રકારની સુખ સંપદાને સહેજે પામે છે. અપાર મહિમાવાળા શીલાદિક ઉત્તમ વ્રતના પ્રભાવે અગ્નિ પણ શીતળ થઇ જાય છે,

વાઘ પણ બકરી જેવો (ગરીબ) થઈ જાય છે અને સાપ પણ ફુલની માળ રૂપ થઈ જાય છે. જુઓ ! શીલના ઉત્તમ પ્રભાવથી **સુદર્શન શેઠની** શુળી તૂટીને સિંહાસન થઇ ગયું ! **સીતા દેવીના** શીલના પ્રભાવથી મહા અગ્નિ પણ જળ રૂપ થઇ ગયો. મતલબ કે ઉત્તમ પ્રકારનું શીલ ચિંતામણી રત્નથી પણ અધિક મૂલ્યવાળું—અચિંત્ય ફળને આપવાવાળું જાણી ભવ્ય સ્ત્રી પુરૂષોએ અધિક આદરથી સેવન કરવા યોગ્ય છે.

સાર–જો સમસ્ત આપદાનો અંત કરવા અને સંપૂર્ણ સંપદા સ્વાધીન કરવા ઇચ્છતા હો, તો હે ભવ્યજનો ! તમે ઉત્તમ **શીલરત્નનુંજ** અહોનિશ આદરપૂર્વક સેવન કરો! પરસ્ત્રીને સ્વમાતા, સ્વભગિની કે સ્વપુત્રી તુલ્ય અને પરપતિને સ્વપિતા, સ્વભ્રાતા, કે સ્વપુત્ર તુલ્યજ લેખો! તેમના તરફ કૂડી નજરથી જોવાનું પણ તજી દ્યો. વિષયસુખ સેવતાં તો મુગ્ધ જનોને મીઠાં લાગે છે પરંતુ પરિણામે તે કિંપાકના ફળની જેમ પોતાના પ્રિય પ્રાણનો પણ વિજોગ કરાવે છે. પ્રાપ્ત સુખ–સામગ્રીમાં અસંતોષ રાખી જે અજ્ઞાન જીવ અધિક સુખની ઇચ્છાથી પરસ્ત્રી, કુલાંગના, વિધવા, વેશ્યા, વૃદ્ધ કે કન્યાદિકમાં ગમન કરે છે તે બાપડા, જેમ પતંગીયા સુખબુદ્ધિથી દીવામાં જંપલાઈને બળી મરે છે તેમ પોતાના દુર્લભ પ્રાણાદિક પુન્યસામગ્રીનો હાથે કરી વિનાશ કરી દુર્ગતિમાં જઈ દુઃખી થાય છે. પરસ્ત્રી ગમનાદિક અકાર્યના આવા માઠા વિપાક જાણીને ચતુર જનો તેનાથી સદંતર દૂર રહી સ્વદારા સંતોષાદિક ઉત્તમ વ્રતને યથાવિધ પાળવા ઉદ્યમ કરે છે. અથવા યથાવિધ ઉદ્યમને શું અસાધ્ય છે ?

ઉક્ત ઉત્તમ વ્રતના અર્થી ભાઈ બ્હેનોએ નીચેની નિયમાવલી લક્ષમાં રાખવી.

૧ જ્યાં પશુ, પંડક (નપુંસક) કે જાર (વ્યભિચારી) લોકો કામક્રીડા કરે તે સ્થળે જવું નહિં.

૨ કામવિકારની વૃદ્ધિ કરે એવાં પુસ્તક વાંચવા નહિ તેમજ તેવી વાત કરવી નહિં.

૩ કામક્રીડાનું સ્મરણ થાય તેવાં આસન પ્રમુખ સેવવાં નહિ.

૪ મનોહર સ્ત્રી પ્રમુખનાં અંગોપાંગને નીરખી નીરખીને જોવાં નહિં.

૫ જ્યાં કામ પીડિત સ્ત્રી પુરૂષોના આર્તસ્વર સંભળાતા હોય ત્યાં વધારે થોભવું નહિ.

૬ પૂર્વે અજ્ઞાનપણે જે જે કામક્રીડા કરી હોય તેને ફરી ફરી યાદ લાવવી નહિં.

૭ કામવિકાર જાગે એવા રસકસવાળા પદાર્થ (બનતાં સુધી) ખાનપાનમાં લેવા નહિં.

૮ રસકસ વગરના પદાર્થ પણ રૂચિ ઉપરાંત અધિક પ્રમાણમાં લેવા નહિં.

૯ શરીરની એવી વિભૂષા કરવી નહિ કે પરિણામે શીલવ્રતને હાનિ પહોંચે.

૧૦ કારણકે વગર કારણે કોઈના ઘરમાં **એકાકી પ્રવેશ** કરવો નહિ. ખાસ જરૂર કારણે જવુંજ પડે તો બહુજ સાવધાનપણે વર્તવું, જેથી સ્વવ્રતને ડાઘ ન લાગે.

૧૧ પોતાની સ્ત્રી સાથે પણ એક શય્યામાં સુવાની ટેવ રાખવી નહિં.

૧૨ હસ્તક્રિયા કે કુદરત વિરૂદ્ધ વર્તનથી નાહક વીર્યનો વિનાશ કરવો નહિં.

આ વિગેરે નીતિ--ધર્મના નિયમોનું પાલન કરનાર ઉક્ત વ્રતને યથાવિધ આરાધી શકે છે.

તત્ત્વદૃષ્ટિથી જોતાં તો શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ પાંચે ઇંદ્રિયોના વિષયોમાં વર્તતી કામભોગની લાલસા નિવારવાથીજ ઉક્ત વ્રત યથાર્થ આરાધાય છે એટલે કે તે તે અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોમાં ઉદાસીનતા ધારી--રાગ દ્વેષથી અલિપ્ત રહેનાર કોઇક મહાશય આ ઉત્તમ વ્રતને યથાર્થ આરાધી શકે છે. તે વાત ખાસ લક્ષમાં રાખી પૂર્વોકત મર્યાદા સહિત આ ઉત્તમ વ્રતને આરાધવાનો ઉદ્યમ સફળ થાય છે તેમજ હવે પછીનું પાંચમું અણુવ્રત પાળવા પૂરતું બળ પણ આવે છે.

સ્થૂલ પરિગ્રહ પ્રમાણરૂપ.

(પાંચમું અણુવ્રત.)

મોહ મમતા જોગે ધનધાન્યાદિક વિધવિધ વસ્તુઓનો સંગ્રહ કરી રાખવો તે બાહ્ય પરિગ્રહ અને મિથ્યાત્વ કષાયાદિક દોષોનું પોષણ કરવું તે અભ્યંતર પરિગ્રહ જાણવો. તે બંને પ્રકારના પરિગ્રહનો સર્વથા ત્યાગ મુનિ મહાત્મા કરી શકે છે તે તેમનું કઠણ મહાવ્રત છે. મુનિરાજને બાહ્ય પરિગ્રહની કશી જરૂર રહેતી નથી કેમકે તેમને નિર્દોષ ભિક્ષાવૃત્તિ-

ચીજ સંયમ જીવન ગાળવાનું હોય છે. પરંતુ ગૃહસ્થને તો તે વગર ગૃહવ્યવહારજ ચાલતો નથી તેથી તેની જરૂર પડે છે. પણ જો જરૂર પૂરતા દ્રવ્યથી સંતોષ રાખવામાં ન આવે તો ગૃહસ્થને લોભવશ મર્યાદા રહિત અનેક પ્રકારના પાપ વ્યાપાર કરવા સહજ પ્રવૃત્તિ થાય છે; તેવી પાપ પ્રવૃત્તિનો સંકોચ કરી મર્યાદાસર ન્યાયવૃત્તિથી આજીવિકા ચલાવવા પૂરતાં સાધનમાં સંતોષ રાખવા માટે પરિગ્રહ પ્રમાણરૂપ અણુવ્રતની આવશ્યક્તા સિદ્ધ થાય છે.

હેતુ—ઉક્ત વ્રતમાં ધન ધાન્યાદિક નવ પ્રકારના બાહ્ય પરિગ્રહની હદ બાંધવામાં આવે છે અને બાંધેલી હદથી જે દ્રવ્ય વધારાનું હોય તેનો સદ્વ્યય કરી દેવામાં આવે છે, તેથી તે બહુ લાભદાયક થાય છે. આસપાસના સંયોગાદિકને લક્ષમાં રાખી સ્વશ્રદ્ધા અને પરિણામને અનુસરી ઉક્ત નિયમ લેનાર પરિણામે બહુ સુખી થાય છે. અનેક પાપ આરંભનાં કાર્યથી નિવર્તવાનું અને સારાં પુણ્ય કાર્યોમાં જોડાવાનું તેનાથી સહેજે બની શકે છે. કેટલાક વિચારશીલ સજ્જનો તો સ્વનિયમને અનુસરી છેવટે સમસ્ત પાપ વ્યાપારનો ત્યાગ કરી સંતોષ વૃત્તિથી આત્મસાધન કરી લેવામાંજ પોતાની બાકીની જીંદગી ગાળવી પસંદ કરે છે.

જેમ ઓછા ભારવાળી હોડી અનુકૂળ પવનાદિક યોગે પાણીની સપાટી ઉપર શીઘ્ર ચાલી શકે છે તેમ અત્યંત ભાર લાધેલી હોડી ચાલી નહિં શકતાં ઉલટી ડૂબી જાય છે. તેવીજ રીતે સ્વનિર્વાહ પૂરતાં સુખ સાધનમાં સંતોષ રાખનાર સદ્ગૃહસ્થ સુખે સ્વવ્યવહાર જીવન પસાર કરી અંતે સદ્ગતિ સાધી શકે છે; પરંતુ જે મોહ મમતાવશ પ્રાપ્ત સુખ સાધનમાં સંતોષ નહિ રાખતાં અવ-

નવાં સુખની લાલસાથી અનેક પ્રકારના આરંભ સમારંભ સેવી દ્રવ્યાદિકનો સંચય કરે છે-કરવા ધારે છે, તે બાપડા તૃષ્ણાના પ્રબળ પૂરમાં તણાતા અત્ર પણ વ્યથાજ અનુભવે છે અને અશુભ અધ્યવસાયથી મરણ પામી પરભવમાં પણ દુઃખ પરંપરાનેજ પામે છે.

સાર—'તૃષ્ણા જેવો કોઈ પ્રબળ વ્યાધિ નથી અને સંતોષ સમાન કોઇ ઉત્તમ સુખ નથી' એ સૂક્ત વચનો સદાય સંભારી રાખવાં યોગ્ય છે. દાન, ભોગ અને નાશ એ ત્રણ ગતિજ લક્ષ્મીની કહી છે. જો દાનાદિકમાં તેનો યથાયોગ્ય ઉપયોગ કરવામાં આવે નહિં તો છેવટે તેનો નાશ તો થાયછેજ. એમ વિચારી પ્રાપ્ત લક્ષ્મી પ્રમુખ સારાં ક્ષેત્રમાં વાવી તેનો લ્હાવો લેવો યોગ્ય છે. અને અપ્રાપ્ત લક્ષ્મી પ્રમુખ માટે મર્યાદા મૂકી અતિ લોભવશ પાપારંભ કરવા પણ યુક્ત નથી. સ્વસંયોગ વિચારી ઉક્ત વ્રતનું સેવન કરનાર ઉપર કહેલી રીતિ નીતિ આદરી શકે છે તો તે સહજ સંતોષવૃત્તિથી અવશ્ય સુખી થઇ શકે છે. પરમાર્થ દૃષ્ટિથી વિચારતાં તો પર વસ્તુમાં મૂર્છા-મમતા બંધાય તેજ પરિગ્રહ છે, એવું સમજનારા તત્ત્વજ્ઞાની મહાત્માઓ તો સ્વદેહ ઉપર પણ મમતા તજી દે છે. તેઓ તો સ્વદેહાદિક જડ વસ્તુથી પણ જેટલો સ્વપર ઉપકાર સિદ્ધ થાય તેટલા પૂરતીજ તેની સંભાળ રાખે છે. તેઓ અજ્ઞાન જનોની પેરે પરવસ્તુમાં નકામી મમતા બાંધી રાખી નાહક દુઃખી થતાજ નથી. તેઓ સંયોગિક પદાર્થોની ક્ષણભંગુરતા સારી રીતે સમજી શકે છે તેથી તેવી પુદ્ગલિક વસ્તુમાંથી પણ જે કાંઇ સાર ખેંચી શકાય તે ખેંચી લઇ-

-નેજ સંતોષ માને છે, અને તત્ત્વથી સુખી પણ તેઓજ થઈ શકેછે. પુદ્દગલિક સુખના આશી (આશાવાળા) ઇંદ્રાદિક પણ તત્ત્વથી સુખી નથીજ. ત્યારે કેવળ નિર્દોષવૃત્તિને ભજનાર નિસ્પૃહી મુનિ મહા-ત્મા પરમ સુખી હોય છે કેમકે સકળ દુઃખના બીજભૂત મૂર્છા મમતા તેમણે ટાળેલી હોય છે. ઉક્ત અતિ અગત્યની વાત લક્ષમાં રાખી સંતોષવૃત્તિ ધારવા અને અસંતોષવૃત્તિ વારવા પંચમ અણુવ્રતમાં બનતો ઉદ્યમ કરવો અત્યંત હિતકારી છે. તે માટે નીચેના નિયમો લક્ષમાં રાખવા.

૧. સ્વસાધન અનુકૂળ સંયોગાદિક દેખી દીર્ઘદૃષ્ટિથી સ્થિર ચિત્તે સાધ્ય રાખી ધન ધાન્યાદિક પરિગ્રહનું જૂદું જૂદું કે સમુ-ચ્ચય પ્રમાણ કરવું અને તેનું વારંવાર સ્મરણ કરવું.

૨. નિયમિત દ્રવ્ય ઉપાર્જન કરવા માટે ન્યાયથીજ ઉચિત પ્રવૃત્તિ કરતાં પ્રારબ્ધ યોગે અધિક લાભ મળે તો તેનો તરત સદ્વ્યય કરી દેવો.

૩. નિયમ ઉપરાંત દ્રવ્યનો લાભ થયો હોય તો તે લોભ-વશ કે મમતાવશ બની કોઈ બીજા સંબંધી પ્રમુખના નામે ચઢાવી દેવારૂપ કપટ કેળવવું નહિં. પરંતુ ઉલ્લસિત ભાવથી અ-ધિક લાભ થાય તેવા સુસ્થાને તેનો વિવેકથી વ્યય કરી દેવો; તે પણ સ્વકર્તવ્ય સમજીનેજ. (માન પાનની ઇચ્છા રાખ્યા વગર.)

૪. પ્રાપ્ત થતા કે થયેલા દ્રવ્યનો ગેર ઉપયોગ થવા નહિ દેતાં બચેલાં કે બચી રહેતાં દ્રવ્યનો ઉદાર દીલથી પોતેજ સદુ-પયોગ કરી લેવો.

૫. દ્રવ્યના લોભથી નહિં કરવા યોગ્ય પાપ આરંભ સેવવા નહિં.

૬. ન્યાયથીજ દ્રવ્ય ઉપાર્જન કરી તેમાંથી જેટલું દ્રવ્ય સઠેકાણે સમજીને ખર્ચાય અને તે પણ જશ કીર્તિના લોભ વગર, તેટલુંજ લેખે સમજવું.

૭. પોતાનું રળેલું કે બાપદાદાનું મળેલું ધન પોતાનું માની લેવું, એ કરતાં તેમાંથી જેટલા અંશે મમતા ઓછી કરી સ્વહસ્તે સદ્દવ્યય થાય તેજ પોતાનું લેખવું યુક્ત છે.

૮. વગર જરૂરનાં જમણવાર પ્રમુખ આડંબરી કાર્ય કરવા કરતાં સ્વપરનું અધિકાધિક શ્રેય થાય તેવા અતિ અગત્યનાં સંગીન કાર્ય કરવાજ લક્ષ રાખવું.

૯. એક કોડી માત્ર સાથે લઇ શકાય તેમ નથી. વળી લક્ષ્મી પ્રમુખ આજે છે અને કાલે નથી, એમ વિચારી કૃપણુતા દોષ દૂર કરી સ્વપર શ્રેયાર્થે સારે રસ્તે લક્ષ્મી પ્રમુખનો જીવતાં જીવતાં સદ્દવ્યય કરી લેવા ચૂકવું નહિં.

૧૦. ઓછી આવકવાળાએ મ્હોટી સંપદાવંતની સતકરણી દેખી સદા ખુશી થાવું, તે પોતાનું ભવિષ્ય સુધારવાનો ઉત્તમ ઉપાય છે. નાહક મનમાં ખેદ ન કરવો.

૧૧. પુણ્યવંત સંતોષી જનોએ સીદાતા સ્વસાધર્મીઓને સુખી કરવા દરેક પ્રયત્ન કરવો.

દિગ્ વિરમણવ્રત.

(પ્રથમ ગુણવ્રત.) (૬)

પૂર્વોક્ત પાંચ અણુવ્રતોને ગુણકારી જે ત્રણ ગુણવ્રત કહ્યાં છે તે માંહેલું પ્રથમ દિગ્વિરમણ વ્રત સેવન કરવા ઈચ્છનાર ગૃહસ્થે ચાર દિશા, ચાર વિદિશા અને ઊર્ધ્વ અધ: એમ દશે વિશે વ્યાપારાદિનિમિત્તે જવા આવવાનો અમુક નિયમ બાંધવો જોઇએ. તેનો ચોકસ નિયમ કરી ઉક્ત હદનું ઉલ્લંઘન કરવું નહિં. એટલે કે એક દિશાને સંક્ષેપી બીજી દિશાને વધારવી નહિ, એ વિગેરે તેના બધા અતિચાર વર્જવા જોઇએ.

હેતુ—પૂર્વે કહેવાઈ ગયું છે કે દરેક વ્રત-નિયમ લેવાનો અંતરંગ હેતુ અહિંસા વ્રતની પુષ્ટિ માટેજ છે. જ્યાં ત્યાં કશી મર્યાદા વગર કેવળ મોહ મમતાને વશ ઠેકાણે ઠેકાણે હરાયા ઢોરની પેરે ભટકનાર, અનેક જીવોનું ઉપમર્દન[1] કરે છે. એવી રીતે કલ્પિત સ્વાર્થથી જીવોની થતી પારાવાર હિંસા અટકાવવી, એ આ વ્રતનું પ્રયોજન છે. પવિત્ર શાસનના હિત પ્રમુખ ઉત્તમ ઉદ્દેશથી ગમે તેટલે દૂર જવા આવવામાં ફાયદોજ સમાયેલો છે,

૧ અણુહિત–ઉપતાપ–વિનાશ.

તેથીજ મુનિજનો પ્રતિબંધ[1] રહિત વિચરી શકે છે. તે વાત લક્ષમાં રાખી ઉક્ત વ્રતનો ખપ કરવો યુક્ત છે. ઉક્ત વ્રતને યથાવિધ આરાધનાર ભોગોપભોગવિરમણ વ્રતને પણ સેવી શકે છે.

સાર—પોતાના તેમજ કુટુંબના નિર્વાહ પ્રમુખ કારણે જરૂર પૂરતી દિશા–મર્યાદા રાખી બાકીને માટે નિયમ કરનારને મર્યાદા બાહેરની રાવી (આશ્રવક્રિયા) આવતી બંધ થાય છે. વળી એથી સંતોષાદિક ગુણને પુષ્ટિ મળે છે અને સાનુકૂળ સંયોગવડે આત્મસાધનમાં અધિક પ્રવૃત્તિ થઈ શકે છે. માટે ઉક્ત ગુણવ્રત આદરવું આવશ્યક છે. તેનું કંઈક વિશેષ સ્વરૂપ દશમા દેશાવગાસિકવ્રતના અધિકારે આગળ કહેવામાં આવશે. જે વ્રત જેવી રીતે સંકલ્પપૂર્વક લેવામાં આવ્યું હોય તે વ્રત ને તેવી રીતે મક્કમપણે પાળવા પૂરતી કાળજી રાખવી ખાસ જરૂરની છે.

ભોગોપભોગવિરમણ વ્રત.

(બીજું ગુણવ્રત.) (૭)

ભોજન વિલેપન પ્રમુખ જે વસ્તુ એકજ વખત ઉપયોગમાં લઈ શકાય પછી તે નકામી થઇ જાય તે **ભોગ** અને વસ્ત્ર, આભૂષણ, સ્ત્રી, ઘર પ્રમુખ જે વસ્તુઓ અનેક વખત ઉપયોગમાં લઇ શકાય તે **ઉપભોગ** કહેવાય છે. તે સંબધી બની શકે તેટલી મર્યાદા બાંધી વર્તવું તે બીજું ગુણવ્રત છે.

---

૧ અવિરૂદ્ધપણે–કોઇ પ્રકારના બાધ વગર.

હેતુ—ગમે તેવાં અને ગમે તેટલાં ભોગ ઉપભોગનાં સાધન મેળવી તેનું સેવન કરતાં જીવને તૃપ્તિ વળતી નથી. તેથી નવનવાં અધિકાધિક ભોગ ઉપભોગનાં સાધન મેળવવા સુખની ભ્રાંતિથી જીવ મથન કરે છે. અને તેમ કરતાં નાહક અનેક અનપરાધી જીવોનો સંહાર થાય છે. તેથી અજ્ઞાન યોગે થતી તેવી જીવ વિરાધના વર્જવી યોગ્ય છે અને તેટલા માટે ઉક્ત વ્રત સંબંધી નિયમ પણ અતિ આવશ્યક છે.

સાર—સુખે સ્વનિર્વાહ પૂર્વક ધર્મ સેવનવડે પરભવ સંબંધી પણ હિત સધાય તેટલા માટે સમજ પૂર્વક ઉકત ભોગ ઉપભોગનો નિયમ કરી તે યથાવિધ આરાધવો યોગ્ય છે.

ઉકતવ્રતનું આરાધન કરવા અર્થી જનોએ નીચે બતાવેલા નિયમો લક્ષમાં રાખી કાળજી પૂર્વક તેનું પાલન કરવું યોગ્ય છે. નિરંતર નીચેના ભોગોપભોગ સંબંધી ૧૪ નિયમો લક્ષ પૂર્વક ધારી તેનું ઉલ્લંઘન ન થાય તેવું લક્ષ રાખવું.

૧ **સચિત્ત**—બીજવાળાં ફળ, ફૂલ અને ધાન્ય પ્રમુખ (અપરિપકવ) ખાવાનું પ્રમાણ કરવું.

૨ **દ્રવ્ય**—જૂદા જૂદા સ્વાદનો અનુભવ થાય તેવા ખાવા પીવાના પદાર્થોનું પ્રમાણ કરવું.

૩ **વિગઇ**—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળી તાવી (કડાઇ) વિગયોનું બને તેટલું પ્રમાણ કરવું.

૪ ઉપાનહ—પગરખાં તથા મોજાં પ્રમુખ પગે પહેરવાનું બની શકે તેટલું પ્રમાણ કરવું.

તંબોલ—પાન, સોપારી, એલચી, લવીંગ વિગેરે મુખવાસનું પ્રમાણ કરવું.

૬ **વસ્ત્ર**—પહેરવા ઓઢવા યોગ્ય વસ્ત્રો ઉપયોગમાં લેવાનું પ્રમાણ કરવું.

૭ **કુસુમ**—પુષ્પ, ફૂલેલ, અત્તર પ્રમુખ સુંઘવા યોગ્ય દ્રવ્યોનું પ્રમાણ કરવું.

૮ **વાહન**—ગાડી, ઘોડા, ઊંટ, વહાણ, રેલવે પ્રમુખ સ્વારીનું પ્રમાણ કરવું.

૯ **શયન**—જેના ઉપર બેસી કે સૂઇ શકાય તેવા પાટ, પલંગ, માંચા, તળાઈ, ગાદી પ્રમુખનું પ્રમાણ કરવું.

૧૦ **વિલેપન**—ચંદન, બરાસ પ્રમુખ શરીરે ચોપડવાયોગ્ય દ્રવ્યોનું પ્રમાણ કરવું.

૧૧ **બ્રહ્મચર્ય**—મન વચન કાયાથી સર્વથા કે દેશથી દિવસે કે રાત્ર પાળવા નિયમ રાખવો.

૧૨ **દિશિ**—દિગ્ વિરમણ નામના છઠ્ઠા વ્રતમાં કરેલા નિયમનો અત્ર સંક્ષેપ કરવો.

૧૩ **સ્નાન**—આખા શરીરે સર્વ સ્નાન અને હાથ પગની શુદ્ધિરૂપ દેશ સ્નાનનું પ્રમાણ કરવું.

૧૪ **ભક્ત**—ભોજન (ખાનપાન) સંબંધી સુખે નિર્વાહ થાય તેટલું પ્રમાણ કરવું.

અભ્યાસ યોગે જેમ જેમ સંતોષવૃત્તિ વધતી જાય તેમ તેમ વસ્તુઓનો સંક્ષેપ કરવો. તેમજ આગળ કહેવામાં આવતા **પંદર કર્માદાન** પૈકી બધાનો કે બને તેટલાનો ખાસ ત્યાગ કરવો.

૧ ઈંગાલ કર્મ—ઇંટ, ચૂનો પ્રમુખ પકાવવા કરવી પડતી ભઠ્ઠીઓ પ્રમુખનો (વ્યાપારાર્થે) ત્યાગ કરવો.

૨ વન કર્મ—ખેતીવાડી કરવાનો તેમજ વન કપાવવા સંબંધી કંટ્રાકટ લેવાનો ત્યાગ કરવો.

૩ સાડી કર્મ—રથ, ગાડી, રેંકડા, સિગરામ પ્રમુખ તૈયાર કરાવી વેચવાનો ત્યાગ કરવો.

૪ ભાડી કર્મ—પૂર્વોક્ત વસ્તુઓ તૈયાર કરાવી તેનાં ભાડાં ખાવાનો ત્યાગ કરવો.

૫ ફોડી કર્મ—દારૂ વિગેરે શસ્ત્રોની સહાયથી જમીનનાં પેટ ફોડવાનો ત્યાગ કરવો.

૬ દંત વાણિજ્ય—હાથીદાંત પ્રમુખ પાપ વ્યાપારનો ત્યાગ કરવો. (કેમકે તેવા વ્યાપારથી તે નિમિત્તે મરાતા હાથી પ્રમુખ નીચ કાર્યને ઉત્તેજન મળે છે.)

૭ લખ્ખ વાણિજ્ય—લાખ, ગુંદ પ્રમુખ પદાર્થો જેમાં જંતુઓ ચોંટી પડે તેવા વ્યાપારનો ત્યાગ કરવો.

૮ રસ વાણિજ્ય—મધ, માખણ, (ઘી, તેલ, ગોળ) પ્રમુખ રસ વ્યાપારનો ત્યાગ કરવો.

૯ વિષ વિષય વાણિજ્ય—અફીણ, વછનાગ પ્રમુખ ઝેરી વસ્તુઓના અને શસ્ત્રાદિના વ્યાપારનો ત્યાગ કરવો.

૧૦ કેશ વાણિજ્ય—પશુ પંખિઓના વાળ, ઊન અને પીંછા વિગેરે વ્યાપારનો ત્યાગ કરવો.

૧૧ **યંત્ર પીલણ કર્મ**—મીલ, જીન, સંચા, પ્રમુખથી થતા મહા આરંભ વ્યાપારનો ત્યાગ કરવો.

૧૨ **નિર્લાંછન કર્મ**—ઘોડા બળદને ખાસી કરવાનો તથા જે કરવાથી બીજાને ત્રાસ ઉપજે તેનો ત્યાગ કરવો.

૧૩ દવ દાનકર્મ--ખેતરમાં કે વનમાં કે કોઈના ગૃહાદિકમાં અગ્નિ મૂકવા મૂકાવવાનો ત્યાગ કરવો.

૧૪ **સર દહ-તલાવ શોષણ કર્મ**—દહ (કુંડ) સરોવર કે તળાવનાં પાણી શોષણ કરવાનો ત્યાગ કરવો.

૧૫ **અસતી પોષણ કર્મ**—કૌતુક પ્રમુખથી ઘાતકી જાનવર કે નીચ મનુષ્યોને પાળવાનો ત્યાગ કરવો.

ઉક્ત કર્માદાન સંબંધી મહાપાપ વ્યાપારનો બનતાંસુધી સર્વથા પરિહાર કરી બીજા કોઈ નિર્દોષ અથવા અલ્પ દોષવાળા વ્યાપારથી ન્યાય નીતિપૂર્વકજ આજીવિકા ચલાવવી ઉચિત છે. થોડા પણ ન્યાયયુક્ત દ્રવ્યથી જીવને પરિણામે જેવો ફાયદો થાય છે તેવો ફાયદો અન્યાયયુક્ત ઘણાં દ્રવ્યથી પણ થવો સંભવિત નથી, એમ સમ્યગ્ સમજી સ્વધર્મ મર્યાદાનું પાલન કરવા પૂરતું લક્ષ રાખવું યુક્ત છે. કેમકે પરમાર્થ દૃષ્ટિથી જોતાં તો સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ નિજ ગુણનોજ ભોગ કર્તવ્ય છે, એવી ઉત્તમ નિષ્ઠા રાખનાર અનર્થ દંડ વિરમણ વ્રતને પણ સુખે સેવી શકે છે.

અનર્થદંડવિરમણ વ્રત.

ત્રીજું ગુણવ્રત. (૮)

જેમાં પોતાનો, પોતાના કુટુંબ પ્રમુખનો સ્વાર્થ-હિત હેતુ સમાયેલો ન હોય તેવાં નકામાં અનર્થકારક પાપ આચરણથી દંડાવું, તે **અનર્થદંડ** કહેવાય છે, તેવા અનર્થ દંડથી વિરમવું, એ સુજ્ઞ સદ્‌ગૃહસ્થોનું ઉચિત કર્તવ્ય છે.

હેતુ—અનર્થકારી પાપ ઉપદેશ, પાપ વિચાર અને પાપ આચરણવડે પોતે અવશ્ય અધોગતિ પામે છે એટલુંજ નહિં પણ તે અનર્થ પરંપરાથી અનેક મુગ્ધ જનોની પણ અધોગતિ થાય છે. તેથી તેનો પરિહાર કર્તવ્યજ છે.

સાર—જેમાં આપણું કે આપણી ઓલાદ વિગેરેનું કશું હિત સમાયેલું નજ હોય પણ ઉલટું પરિણામે અહિતજ હોય તેવું અનર્થકારી કાર્ય કરવું દીર્ઘદર્શી જનો કેમજ પસંદ કરે? નજ કરે. તે તો પોતાથી બની શકે તેટલું સ્વપર હિત સાધવામાંજ સદાય સાવધાન રહે એજ ઉચિત છે.

ઉક્ત વ્રતનું પાલન કરવા ઇચ્છનાર સદ્‌ગૃહસ્થે નીચેની બાબતો વર્જવી ઉચિત છે.

૧ જ્યાં સ્વવીર્યવિનાશક કામ ચેષ્ટાનુંજ પ્રધાનપણું હોય તેવાં નાટક ચેટક.

૨ જેમાં ઉન્માર્ગ ઉપદેશ હોય, જેથી જીવો અવળે રસ્તે દોરવાઈ જાય, તેવાં પુસ્તક ભાષણ પ્રમુખ, નિષ્કારણ-નિષ્પ્રયોજન વાગ્જાળ-મુખરીવેડા-મિથ્યા જલ્પ.

૩ વિદૂષકની પેરે લોકોને હસાવી મારવામાં આવે એવા જલસા પ્રમુખ.

૪ જેની સહાયથી અનેક અનપરાધી જનોનો સંહાર થાય તેવાં શસ્ત્રાદિક.

૫ માંસ, ભક્ષણ, મદિરાપાન, આખેટક કર્મ (શિકાર), જૂગાર, ચોરી, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન પ્રમુખ અનિષ્ટ-ઉભયલોક વિરૂદ્ધ વ્યસનો, જેમાં ફસાઈ પડવાથી પોતાના તથા પરના જાનમાલાદિકની ખુવારીજ થાય છે તે, તથા બાવીશ પ્રકારના અભક્ષ્ય અને બત્રીશ પ્રકારના અનંતકાયનું ભક્ષણ, જેથી નિષ્કારણ અનેક અદૃશ્ય જંતુ પ્રમુખનો સંહાર થાય છે. ઉક્ત એકાંત અહિતકારી વસ્તુના ત્યાગ સાથે પૂર્વ શિષ્ટ પુરૂષોએ પ્રાણી વર્ગના હિતને માટે તે તે વ્રતનાં રક્ષણમાટે ઉપયોગી જાણી જે જે અતિચારો જણાવ્યાં છે તે તે સૂક્ષ્મ બુદ્ધિથી જાણી વિચારીને તજવા અવશ્ય ખપ કરવો. વગર કારણે દંડાઈ દુર્ગતિમાં પડાય તેમ ન કરવું. વળી જેથી સ્વવ્યવહાર સરલ થાય અને પરિણામે સુખે ધર્મ સાધન પણ સધાય તેવી ઉચિત પ્રવૃત્તિ સેવવા નિશદિન સુજ્ઞ જનોએ લક્ષ રાખ્યા કરવું. કેમકે પ્રાયઃ શુભ સામગ્રીનો લાભ લહીને બની શકે તેટલો પરમાર્થ સાધી લેવો એજ સાર છે. આવા ઉત્તમ લક્ષવાળા સજ્જનો આગળ કહેવાતા શિક્ષાવ્રતોને પણ સુખે સેવી શકે છે.



સામાયક વ્રત.

(પ્રથમ શિક્ષાવ્રત.) (૯)

સમભાવ—રાગ દ્વેષનો અભાવ અથવા સર્વ જીવ વર્ગ ઉપર સમાન ભાવવાળી બુદ્ધિનો અનુભવ જેમાં થાય, તેનું નામ પરમાર્થથી **સામાયક** કહેવાય છે. આવા ઉત્તમ લક્ષપૂર્વક પ્રતિદિન સામાયકનો અભ્યાસ કરવો યોગ્ય છે. શ્રુત સામાયક, **સમકિત** સામાયક, **દેશવિરતિ** સામાયક અને **સર્વ-વિરતિ** સામાયક, એમ સામાયક ચાર પ્રકારનાં કહેલાં છે. તેથી ઉત્તરોત્તર અધિકાધિક લાભ સંભવે છે. શ્રુતજ્ઞાનના પ્રભાવથી સ્વપર (જડ ચેતનનું) સ્વરૂપ યથાર્થ સમજી શકાય છે, અને તેથી પરવસ્તુ સાથે લાગેલી પ્રીતિનું બળ ઓછું થઈ આત્મબળ પ્રગટાવવાની ઇચ્છા વધતી જાય છે; જેથી અસ્થાને જોડેલી ખોટી શ્રદ્ધા દૂર થઈ શુદ્ધ દેવાદિક તત્ત્વમાં રૂચિ પ્રીતિ રૂપ શ્રદ્ધા પ્રગટ થાય છે.

એવી રીતે સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધાના પ્રભાવથી વૈરાગ્યવૃદ્ધિ પામતાં અનુક્રમે દેશ વિરતિ અને સર્વ વિરતિ રૂપ સામાયકનો પણ લાભ મળી શકે છે. સર્વ વિરતિ સામાયક જીવિત પર્યંતનું હોય

છે અને દેશ વિરતિ સામાયક ઓછામાં ઓછું બે ઘડી પ્રમાણનું હોય છે. મતલબ કે વ્રતધારી શ્રાવકે પ્રતિદિન નિયમસર ઉક્ત સામાયકનું સેવન કરવું જોઇએ.

હેતુ—જ્યાંસુધી સામાયક આદરી શ્રાવક સમતા રસમાં ઝીલે છે ત્યાંસુધી તે સાધુ સમાન લેખાય છે. એટલા માટે આત્માર્થી શ્રાવકે બને તેટલી વખત ઉક્ત સામાયક વ્રતનું સેવન કરવું જરૂરનું છે.

રાગદ્વેષ—કષાય યોગે જે જીવ ત્રિવિધ તાપથી તપેલા હોય તેમને આ **સામાયક વ્રતનું સેવન અમૃત સમાન શીતળતા આપે છે.** કેમકે તેમાં શત્રુ મિત્ર ઉપર અથવા સમસ્ત જીવો ઉપર સમાન ભાવ રાખવાથી રાગ, દ્વેષરૂપ દુષ્ટ વિકારો સહેજે શમી જાય છે.

સાર—એમ સૂક્ષ્મ બુદ્ધિથી સમજી ઉક્ત સામાયક વ્રતનું પ્રતિદિન નિયમ સર સેવન કરવા સતત પ્રયત્ન કરવો ઉચિત છે, કહ્યું છે કે કોઈ એક ગૃહસ્થ લાખો ગમે ખાંડી જેટલું સુવર્ણનું દાન દે; તો પણ તે રાગ દ્વેષાદિક વિકારને શમાવી દેનાર ઉત્તમ સામાયક વ્રત પાળનારની તોલે આવી શકે નહિ. દાનાદિક ધર્મકરણી જો મદ રહિત નમ્રભાવે પરમાર્થ બુદ્ધિથી કરવામાં આવે તોજ કલ્યાણકારી થઇ શકે છે. સામાયકનું સ્વરૂપ સમજી ઉક્ત વ્રતનું પાલન કરનારે સુખ–દુઃખ, માન–અપમાન, તેમજ સ્વજન–પરજન ઉપર સર્વત્ર સદ્ભાવ રાખતાં શીખવું જોઈએ. સમવૃત્તિથી ચલાયમાન કરવા કોઇ દેવાદિક ગમે તેટલા ઉપાય કરે તો પણ તેથી ડગવું ન જોઇએ. એવીજ રીતે આગળનાં શિક્ષાવ્રત પૈકી દેશાવગાસિક અને પોષધમાં અખંડ સ્થિરતા સમભાવ

રાખવા આશ્રી પૂરતું લક્ષ રાખવું. સામાયક વ્રતને યથાવિધ આરાધવા ઇચ્છનારે નીચે લખેલી શિખામણો લક્ષમાં રાખી તેનો પૂરતો અમલ કરવા સતત પ્રયત્ન કરવો.

૧ સામાયક લેતાં દેવગુરૂ સાક્ષીએ મન વચન અને કાયાથી પાપ વ્યાપાર તજવા. જે પ્રતિજ્ઞા કરવામાં આવે છે તે બરાબર લક્ષમાં રાખી તેમાં કોઈ રીતે સ્ખલના ન આવે તેવી પુરતી કાળજી રાખવી.

૨ જ્ઞાન, ધ્યાન, પ્રમુખ, જેના આલંબનથી મન વિશેષે કરી સ્થિર રહે તે આલંબન સામાયક સમયે અધિકપણે સેવવા ચીવટ રાખવી.

૩ એક પળ પણ નકામી વિકથા પ્રમુખ પ્રમાદ સેવવામાં ગમાવવી નહિં

૪ સામાયક સંખ્યા તરફ વધારે લક્ષ નહિં રાખતાં ઉક્ત સામાયક જેમ અધિક સ્થિરતા પૂર્વક શુદ્ધ થાય તેમ તે સામાયકના ગુણ તરફજ લક્ષ રાખવું.

૫ સદ્દગુરૂની સમીપેજ સામાયક કરવાનો જોગ ન બને ત્યારે ઉત્તમ ગુરૂના ગુણનો જેમાં આરોપ કરવામાં આવેલ હોય તેવા સ્થાપનાચાર્ય સન્મુખ રાખી તેમની સમક્ષ નિશ્ચળપણે સ્વકર્તવ્ય કર્મ કરવું.

૬ જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ આત્માના સ્વભાવિક ગુણજ છે, એમ નિશ્ચય ધારી રાખી તે તે સદ્દગુણો પ્રગટ પ્રાપ્ત કરવા ઉક્ત વ્રતનું યથાશક્તિ પાલન કરવા સદાય ખપ કર્યા કરવો.

શુદ્ધ નિષ્ઠાથી સામાયક વ્રતનું સેવન કરનાર દેશાવગાસિક અને પોષધાદિક વ્રતને પણ આરાધવા ભાગ્યશાળી બની શકે છે.

દેશાવગાસિક વ્રત.

(બીજું શિક્ષાવ્રત) ૧૦

છઠ્ઠા દિગ્‌વિરમણ નામના પહેલા ગુણવ્રતમાં દેશપ્રદેશ સર્વત્ર ફરવા હરવા માટે રાખેલી વધારે છૂટ આ વ્રતમાં સંક્ષેપી લેવામાં આવે છે. તેમજ બીજા ગુણવ્રતમાં જણાવવામાં આવેલી ૧૪ નિયમોની યાદીનો આ વ્રતમાં યથાર્થ ઉપયોગ કરવામાં આવે છે. અને એવો નિયમ બે ઘડીથી માંડી પ્રહર, દિવસ, માસ કે વર્ષ પર્યંત પણ ધારી શકાય છે. તેમાં ઘણો લાભ રહેલો છે.

હેતુ–જેમ સર્પ કે વીંછીનું ચઢેલું વિષ મંત્ર પ્રમુખના બળથી ઉતારી અમુક ભાગમાં આણી દેવામાં આવે છે, તેથી બીજો બધો ભાગ નિર્વિષ બની જાય છે, તેવી રીતે મોકળાં મન, વચન અને કાયાથી થતી અનેક પ્રકારની પાપ ક્રિયાની રાવી આ વ્રતના પ્રભાવથી રોકી દેવામાં આવે છે, તેથી બહુ ભાગે લાગતી પાપ ક્રિયાનો રોધ થઈ જાય છે. માટે ધર્માર્થી જનોએ ઉક્ત વ્રતનું સેવન કરવું બહુ જરૂરનું છે.

સાર—આ માનવદેહ પ્રમુખ શુભ સામગ્રીનો જોગ મળ-

વાનો સાર એ છે કે સ્વબુદ્ધિબળથી હિતાહિત, તત્ત્વાતત્ત્વ, ઉચિતાનુચિત પ્રમુખનો સારી રીતે વિચાર કરી સ્વહિતકારી તત્ત્વનો સ્વીકાર કરવો અને સ્વપર અહિતકારી અનુચિત માર્ગનો ત્યાગ કરવો. જે ભવ્ય જનો આવી શુભ તક પામીને સ્વહિતાહિતનો પુરતો ખ્યાલ કરી હિત માર્ગનું પ્રમાદ રહિત સેવન કરે છે, તેઓ પ્રાપ્ત સામગ્રીને સફળ કરી ઉપાર્જન કરેલાં સુકૃત યોગે ભવાંતરમાં એથી અધિક શુભ સામગ્રીનો જોગ પામીને અલ્પ કાળમાં અને અલ્પ શ્રમે આત્માનું કલ્યાણ સાધી શકે છે. પરંતુ જે મોહ મૂઢ માનવો કૃત્યાકૃત્યના ઉચિત વિવેક વગર અંધની પેરે અનાદિ કાળથી પરિચિત થયેલા ઉન્માર્ગનુંજ સેવન કર્યા કરે છે, તે બાપડા પામર પ્રાણીઓ પ્રાપ્ત સામગ્રીનો ગેર ઉપયોગ કરી દુષ્કૃત યોગે માઠી ગતિનેજ પામે છે. એમ સમજી સુજ્ઞ જનોએ અલ્પ પરિશ્રમે જેમાં અથાગ લાભ મળી શકે એવા આ દેશાવગાસિક વ્રતમાં અધિક ઉજમાળ થવું. જેટલા સમય સુધીનું ઉક્ત વ્રત આદર્યું હોય તેટલો વખત પાપ કાર્યનો પરિહાર કરી કેવળ શુભ કાર્યમાંજ પ્રવૃત્તિ કરવી યુક્ત છે. આ વાતને લક્ષમાં રાખી દેશાવગાસિક વ્રત સંબંધી આજકાલ (દશ સામાયક કરવા રૂપ) ચાલતી રૂઢિમાં ઉચિત સુધારો કરવો. ઉક્ત વ્રતના ખપી જનોએ નીચે ટાંકેલી શિખામણ ધ્યાનમાં રાખવી.

૧ સ્વસંયોગાનુસારે જે મર્યાદાથી ઉક્ત વ્રત આદરી શકાય તેનું પાલન કરવા માટે ઉચિત મર્યાદાનું ઉલ્લંઘન થઇ ન જાય તે વારંવાર લક્ષમાં રાખવું.

૨ વ્રત અંગીકાર કર્યા બાદ વિષમ સંયોગો ઉપસ્થિત થાય તો તેથી ડરી જઈ ગ્રહણ કરેલા વ્રતનું વિરાધન નહિં કરતાં પ્ર-

હણુ કરેલા નિયમોનું યથાર્થ પાલન કરવા પોતાનું સંપૂર્ણ બળ-વીર્ય ફોરવવું.

૩ જેમ જેમ વ્રતથી થતો ફાયદો અનુભવમાં આવી સંતોષ-વૃત્તિ વધતી જાય તેમ તેમ અધિક ઉત્સાહભર અધિક લાભાર્થે તેમાં અધિક પ્રવૃત્તિ કરવી. એવા ઉત્સાહી ધર્મરૂચિ જનો પોષધ વ્રતનું પણુ યથાવિધ પાલન કરી શકે છે.

પોષધવ્રત.

(ત્રીજું શિક્ષાવ્રત.) ૧૧

જે શુભ કરણીથી જ્ઞાન દર્શન અને ચારિત્ર પ્રમુખ આત્માના સ્વભાવિક ગુણોને પુષ્ટિ મળે, તે તે સદ્દગુણોની સારી ખીલવણી થાય, તેને તત્ત્વ-જ્ઞાની પુરૂષો **પોષધ** કહે છે. એવી આત્મ-પુષ્ટિ કરવાનું અતિ ઉત્તમ કામ સુસાધુ પુરૂષો સદાય કર્યા કરે છે. તેવી ઉત્તમ કરણી બની શકે તો સદાય કરવી યોગ્ય છે, પરંતુ વ્યવહારની ઉપાધિઓને લીધે ગૃહસ્થોથી સદાય તેમ બની ન શકે એ સુસંભવિત હોવાથીં દરેક અષ્ટમી, ચતુર્દશી પ્રમુખ પર્વ દિવસે સુશ્રાવકે તે અવશ્ય કર્તવ્ય છે. દેશથી અને સર્વથી ઉક્ત પોષધવ્રતના ચ્યાર પ્રકાર કહેલા છે.

૧	દેશથી (અમુક અંશે) અને સર્વથી		આહાર (ખાન પાન) ત્યાગરૂપ	પોષધ
૨		સર્વથી	શરીર સત્કાર (દેહશોભા) ત્યાગરૂપ	,,
૩	,,	,,	બ્રહ્મચર્ય (નિર્મળશીલ) પાળવા રૂપ	,,
૪	,,	,,	પાપ વ્યાપાર... ... ...તજવા રૂપ	,,

ઉક્ત ચ્યારે પ્રકારના પોષધ એકી સાથે ઉક્ત પર્વ દિવસે નિયમિત વખતે વિધિ પૂર્વક આદરી તેનો અખંડ નિર્વાહ ગમે તેવા વિષમ સંયોગોમાં પણ કરવો, એ શ્રાવકનું ત્રીજું શિક્ષાવ્રત છે. તેમાં આહાર પાણીનો સર્વથા ત્યાગ કરી ન શકે તે પ્રાસુક (અચેત) જળનુંજ પાન કરે, તેમ પણ બની ન શકે તો છ વિગયોનો જેમાં સર્વથા ત્યાગ કરવો જોઈએ તેવું આયંબિલ કરે; અથવા છેવટે નીવી કે એકાશન (એકજ વખત ઉચિત ભોજન) પણ કરી શકે, તે દેશ થકી આહાર ત્યાગ રૂપ પોષધ કહેવાય છે. અને સર્વ પ્રકારના આહાર પાણીનો સર્વથા ત્યાગ કરી આત્મ સાધનમાંજ લીન થાવું, તે સર્વ પોષધ છે. બાકીના ત્રણ પ્રકારના પોષધનું તો તેની સાથે સર્વથા પાલન કરવામાં આવે છે. ઉકત પોષધ વ્રત યોગે બહુધા બીજી ઘણી ઉપાધિ છૂટી જવાથી આત્માના સ્વભાવિક જ્ઞાનાદિક ઉત્તમ ગુણોનું પોષણ કરવા ભણીજ ભવ્ય જનોનું લક્ષ સહેજે ખેંચાય છે અને એજ ખરૂં કર્તવ્ય છે.

હેતુ—જીવની અનાદિ વિષય વાસના ઓછી કરવા આ વ્રતનું યથાવિધ પાલન અતિ ઉપયોગી છે. તેના દ્રઢ અભ્યાસથી અનાદિ વિષય વાસના બહુધા ક્ષીણ થઇ જાય છે.

સાર—એમ સમજી સંતોષી શ્રાવકોએ અષ્ટમી, ચતુર્દશી પ્રમુખ પર્વદિવસે તો જરૂર પોષધવ્રત અંગીકાર કરી તેને યથાર્થ રીતે પાળવા સતત ઉદ્યમ કરવો જોઇએ. **આનંદ, કામદેવ** પ્રમુખ ઉત્તમ શ્રાવકોએ ઉકત વ્રતનું એવું યથાર્થ પાલન કરેલું છે કે તેમના તે વ્રતની શ્રી વીર પરમાત્માએ સ્વયં સ્વમુખે પ્રશંસા કરી છે. પ્રાતઃસ્મરણીય તે મહાનુભાવોનું દ્રષ્ટાંત લક્ષમાં રાખી સજ્જન પુરૂષોએ ઉકત વ્રતને યથાસ્થિત પાળવા પૂરતી

કાળજી રાખવી ઉચિત છે. પૌષધવ્રતનું આરાધન કરવા ઇચ્છનારે નીચે ટાંકેલી વાત લક્ષમાં રાખવી.

૧ ઉક્ત પોષધ વ્રત સદ્‌ગુરૂ સમીપે (સદ્‌ગુરૂને જોગ ન હોય તો સ્થાપનાચાર્ય સમીપે) જેમ બને તેમ વેળાસર સર્વ ઉપાધિને ટાળી નિશ્ચિંતપણે ચ્યાર પ્રહર કે આઠ પ્રહર પર્યંત (શક્તિ અનુસારે) અંગીકાર કરી વિકથાદિક સર્વ પ્રમાદ તજીને જ્ઞાન ધ્યાનમાંજ તત્પર થઇ રહેવું.

૨ પોષધને નિયમિત સમય પૂર્ણ થાય ત્યાં સુધી ચિત્તની સ્વસ્થતા (સ્થિરતા) સારી રીતે જળવાઈ રહે તેવાં ઉત્તમ આલંબન સેવ્યાં કરવાં.

૩ ઉકત વ્રતની અવધિસુધી કોઇ કુવિકલ્પ ન આવે તેવી કાળજી રાખવી. કદાચ કોઈ કુવિકલ્પ આવે તો સદ્ વિચારથી તેને તરત દૂર કરી દેવો.

૪ જેનાથી પૂર્વોક્ત ચ્યારે પ્રકારનો પોષધ એકી સાથે નીયમસર બની શકે તેવા સંયોગ ન હોય તેણે તે દરેક પ્રકારમાંથી સુખે બની શકે તેવા ગમે તે પ્રકારને પણ યથાશકિત પાળવા ચૂકવું નહિ. એટલે કે જ્યારે ઉકત પોષધવ્રત સંપૂર્ણ રીતે પાળી શકાય તેવી સ્થિતિ ન જણાય ત્યારે પણ યથાશક્તિ તપ, શીલ પ્રમુખ બની શકે તે બનાવીને આત્મ ગુણનું પોષણ કરવા ચૂકવું નહિં. વળી તે ચ્યાર પ્રકારમાંથી ગમે તે અને ગમે તેટલા પ્રમાણમાં સ્વશક્તિ અને ઉત્સાહના પ્રમાણમાં દેશથી કે સર્વથી અનુકૂળતાએ પોષધનો અભ્યાસ કરવો સુલભ પણ છે. ઘણું કરીને એ નિયમને અનુસરી જેમ કેટલાક ભવ્ય જનો બીજ, પંચમી, અષ્ટમી, એકાદશી, ચતુર્દશી અને પૂર્ણિમા, અમાવાસ્યા

યોગે યથાશક્તિ તપ કરી સચેત ખાન પાનનો ત્યાગ કરે છે, સામાયક દેશાવગાસિક પ્રમુખનું સેવન કરે છે, પાપ આરંભનો ત્યાગ કરે છે અને મૈથુન ક્રીડા-કામભોગનો પણ બનતાં સુધી પરીહાર કરે છે, તેમ સહુ સુજ્ઞ ભાઈ બ્હેનોએ સ્વહિત સમજીને યથાશક્તિ તે દિશામાં ઉદ્યમ કરવો.

૫ જેનાથી દૈવયોગે તેમાંથી કશું બની શકતું ન હોય તેમણે જે ભવ્યજનો ઉક્ત દિશામાં યથાશક્તિ ઉદ્યમ કરતા હોય તેમને બનતી સહાય-ઉત્તેજન આપવું, તેમનાં સદ્‌વર્તનની અનુમોદના કરવી અને તેવી રૂડી ભાવના રાખવી; પરંતુ કદાપિ પણ તેમની નિંદા કે હેલના કરવા પ્રવૃત્ત થાવું નહિં.

આ રીતે સદાય સાવધાન રહેનાર સદ્‌ગૃહસ્થ અતિથિ સંવિભાગ વ્રતનું પણ આરાધન કરવા ભાગ્યશાળી થઈ શકે છે.

અતિથિ સંવિભાગ વ્રત.

(ચતુર્થ શિક્ષાવ્રત.) ૧૨

અતિથિ એટલે જેને આત્મ સાધન કરવામાં બીલકુલ આળસ નથી, સદાય સાવધાનપણે સ્વપર હિત સાધવામાંજ જે ઉજમાળ રહે છે તેવા મહાત્મા મુનિજનોને નિર્દોષ આહાર પાણી ભક્તિભાવથી આપીને પછી પોતે જમવું, તેનું નામ **અતિથિ સંવિભાગ** કહેવાય છે. ઘણું કરીને એ પ્રમાણે બની શકે તો સદાય એ વ્રત સેવવા યોગ્ય

છે પણ તેમ બની ન શકે એવું હોય તો પૂર્વોક્ત પોષધ વ્રતના પારણે તે અવશ્ય કર્તવ્ય છે. કદાચ તેવા મહાત્મા-મુનિવરનો જોગ ન મળે તો ભોજન કરવા પહેલાં થોડો વખત રાહ જોવી અને જો દૈવયોગે તેવા મહાત્મા-મુનિવર આવી ચઢે તો તેમને સદ્ભાવથી નિર્દોષ આહાર પાણી પ્રતિલાભીને જિનેશ્વર પાસે નૈવેદ્ય ઢોકીને તેમજ સ્વશક્તિ અનુસારે સુશ્રદ્ધાવાન્ વ્રતધારી શ્રાવકને પણ જમાડી અને દીન દુઃખી જનોને યથોચિત આપી પછી પોતે ભોજન કરવું ઉચિત છે.

હેતુ—સુપાત્રને વિવેકથી પોષતાં પોતાનામાંજ સારી પાત્રતા આવે છે. એટલે કે જેઓ રત્નત્રયીના ધારક મુનિવરોને કેવળ નિષ્કામ વૃત્તિથી (મોક્ષ વગર બીજી કોઈ પણ ઈચ્છા તજીને) ઉલ્લસિત ભાવે નિર્દોષ દાન દે છે, તેઓ પણ સદ્ભાવ યોગે તેવાજ ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવે છે. સ્વસાધર્મી બંધુઓની ભક્તિ પણ એવાજ ઉત્તમ આશયથી કરવી યુક્ત છે. તેમને ઉચિત સહાય કરી ઉંચી હદે સ્થાપવા, તે ભકિતનુંજ પરિણામ છે.

સાર—પાત્રાપાત્રના વિવેકવડે પાત્રદાનનો અતિશય મહિમા જાણી, સુજ્ઞ જનોએ તેમાં અધિક આદર કરવો ઉચિત છે. એવા સુપાત્રનો લાભ ઘણું કરીને ઉત્તમ-અનિંદ્ય કુળવાળાનેજ થઇ શકે છે. તેમાં પણ મુનિજનો પોતાના સંયમ માર્ગને બાધક ન આવે એવો નિર્દોષ-પ્રાસુક આહાર મળે તોજ તે ગ્રહણ કરે છે; નહિં તો ગ્રહણ કરતા નથી. રાજપિંડ, શય્યાતર પિંડ પ્રમુખનો તેમને નિષેધજ હોય છે તેથી અન્ય અનિંદ્ય કુળમાંજ તેઓ પ્રતિબંધ રહિત નિર્દોષ આહાર પાણી પ્રમુખની ગવેષણા

કરે છે અને જો ગવેષણા કરતાં તેવાજ નિર્દોષ આહાર પાણી પ્રમુખ મળી આવે છે, તો તે સ્વસંયમના રક્ષણ–પોષણ માટે ગ્રહણ કરે છે. એવી દુષ્કર સાધુ વૃત્તિનું કેવળ આત્મ કલ્યાણાર્થે સતત સેવન કરનાર સુસાધુરૂપ સત્પાત્રની પ્રાપ્તિ તો જો પોતાનાં પુણ્યનાં અંકુર જાગ્યા હોય તોજ થઇ આવે છે. એમ સમજી શ્રદ્ધાવાન સુશ્રાવકોએ તેવા ઉત્તમ પાત્રનો યથાવિધ લાભ જેમ બને તેમ આદર પૂર્વક લેવો ઘટે છે. રાજપિંડ, ગ્રહણ કરવાનો મુનિજનોને નિષેધ હોવાથી **ભરતચક્રવર્તિ** પ્રમુખ મહારાજાઓએ તેમજ **કુમારપાળ** પ્રમુખ ભૂપાળોએ ઘણોજ ઉદારતાથી સ્વસાધર્મી બંધુઓની સેવા ભક્તિ કરવા પોતાથી બનતું કર્યું હતું. તે ઉદાર પ્રવૃત્તિ અદ્યાપિ પર્યંત અવિચ્છિન્ન ચાલી આવતી જણાય છે. તો પણ તેમાં ઘણા ભાગે જોઇએ તેવા તત્વજ્ઞાન–વિવેકની ખામીથી ઘણો બધો સુધારો કરવાની જરૂર છે. જે સ્વધર્મી બંધુઓ ધંધારોજગારે ઘસાઇ ગયા હોય, તેમને ઉદારતાથી યોગ્ય આશ્વાસન આપી સારી લાઇન ઉપર ચઢાવવા સ્વ બુદ્ધિબળ વાપરવું બહુજ જરૂરનું છે. વર્તમાન કાળના કફોડા સંયોગો જોતાં વિવેકથી સ્વધર્મી બંધુઓને સહાય કરવામાં એટલે વ્યવહારમાં સુખી થઇ તેઓ પવિત્ર ધર્મનું પ્રેમથી સેવન કરી શકે તેમ સુયોજના કરવામાં પોતાના તન મન ધનનો સદુપયોગ કરવો બહુજ જરૂરનો છે. જો પોતાના સાધર્મી બંધુઓ સહુ વાતે સુખી હશે તો પવિત્ર જિન શાસનનો ઘણોજ ઉદ્યોત વર્તાશે. એ વાત લક્ષમાં રાખી ઉક્ત ઉત્તમ વ્રતનું પાલન કરવા યથાશક્તિ પ્રયત્ન કરવો ઉચિત છે.

ઉક્ત વ્રતને યથાવિધ આરાધવા ઇચ્છનારે નીચેની શિખામણો લક્ષમાં રાખવી.

૧ વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞા પાળવા પૂરતું લક્ષ રાખનારા મહાત્મા મુનીશ્વરોજ 'અતિથિ' કહેવાય છે, અને એવા મહાત્માઓને ઉદાર ભક્તિથી નિર્દોષ અન્ન પાન, વસ્ત્ર, પાત્ર, ઔષધ ભેષજ, તેમજ તેમને વસવા માટે અનુકૂળ સ્થાન પ્રમુખ આપવાં તેજ સુપાત્ર દાન કહેવાય છે. તેવા સુપાત્રનો લાભ મળે તે આપણાં અહોભાગ્યનીજ નિશાની સમજવી. સહુ કોઇને એવો ઉત્તમ લાભ સુલભ નથી.

૨ ઉત્તમ અતિથિ યોગ્ય ઉંચા પ્રકારની રહેણી જેનાથી પાળી શકાતી ન હોય તેથી જેઓ પોતાનામાં ગુણની ન્યૂનતા જોઈ ઉત્તમ મુનિજનોની ખરા દીલથી પ્રશંસા કરતા હોય, તેમજ યથાશક્તિ પોતે પણ સંયમનો ખપ કરતા હોય અને શુદ્ધ માર્ગ ભવ્યજનોને બતાવતા હોય તેવા સાધુ જનોનો અનાદર નહિં કરતાં તેમનાં શુભ પરિણામ તરફ લક્ષ રાખી પવિત્ર શાસનના હિતની ખાતર તેમને પણ આદર સહિત પ્રાસુક આહાર પાણી પ્રમુખ આપી પોષવામાં હિતજ સમાયેલું સમજવું.

૩ જેઓ પોતાનામાં ગુણનો ગંધ પણ નહિ છતાં સદ્ગુણી ઉત્તમ સાધુજનોની નિંદા, હેલના પ્રમુખ કરવામાંજ બડાઇ માનતા હોય તેમજ સ્વાર્થવશ મુગ્ધ જનોને ઉન્માર્ગ દેશના દઇ અવળે રસ્તે દોરી જતાં હોય, તેવા વીતરાગઆજ્ઞાના લોપક કેવળ નામધારી સાધુને કદાપિ સુપાત્ર લેખવા નહિ. તેમને પોષવા તે અસતી પોષણ તુલ્યજ સમજવું. તેવા વેષ વિડંબક સાધુ કરતાં નિષ્કપટપણે શ્રાવક યોગ્ય વ્રત અંગીકાર કરી જે તેનું યથાવિધ પાલન કરે તે કોટિગણું લાભદાયક અને વખાણવા યોગ્ય છે. નિંદંભ વ્રતાચરણથીજ શાસનની ઉન્નતિ છે. તે વગર ખોટા દમા-

મથી લોકોમાં પૂજાવા મનાવા માટે કે સ્વાર્થવશ લોક રંજન અર્થે સાધુનો ઉત્તમ વેષ–મુદ્રાધારી મુગ્ધજનોને ધર્મના બહાને ઠગવાથી તો સ્વપરને સંસાર વૃદ્ધિરૂપ અનર્થ ફળજ થાય છે, તેથી તેવું કાર્ય અત્યંત નિંદ્ય છે. એમ સમજી સૂક્ષ્મ બુદ્ધિથી બનતી તપાસ કરી તેવા દંભી જનોના પાસલામાં ન પડતાં સ્વપરનો બચાવ કરવો એજ શ્રેયસ્કર છે. પવિત્ર શાસનની રક્ષા કે ઉન્નત્તિનો એજ ઉત્તમ અભીષ્ટ માર્ગ જણાય છે.

૪ દીન–દુઃખી–અનાથ, જેમને દેખી સહેજે દયાળુ માણસોને દયા આવ્યા વગર રહેજ નહિ તેમને યથાશક્તિ ઉચિત સહાય કરવાનો શાસ્ત્રકારોએ નિષેધ કરેલો નથીજ. એટલુંજ નહિં પરંતુ દીન દુઃખી અનાથને દેખી તેમનાં દુઃખ દૂર કરવા યથાશકિત ઉદ્યમ સેવવારૂપ અનુકંપા બુદ્ધિને તો શાસ્ત્રકારોએ સમકિતનું ખાસ લક્ષણજ કહેલું છે.

૫ સુસાધુ જનોની બની શકે તેટલી તેમની અનુકૂળતા અનુસારે સેવા ભકિત સ્વકર્તવ્ય સમજીનેજ કરવી. તેમાં આપણે કોઇનો ઉપકાર કરતા નથી એમ સમજી રાખવું. તથા તેમની કોઈ રીતે આશાતના કરવી નહિં–આશાતનાથી સદંતર દૂરજ રહેવું. કેમકે કહ્યું છે કે "મુનિરાજની બની શકે તેટલી આરાધના કરવી પણ વિરાધના તો કરવીજ નહિ." ઉત્તમ પુરૂષોની આશાતના કરવાનું મહા પાપ કદાપિ વ્હોરવું નહિં.

૬ સર્વ દાન કરતાં ઉત્તમ પ્રકારના જ્ઞાન દર્શન અને ચારિત્ર પ્રમુખ સદ્ગુણોની ખીલવણી થાય તેવી હૃદયની કેળવણીમાં ઉત્તેજન આપવું, તે સર્વોત્તમ દાન પરમાર્થથી કહી શકાય તેમ છે.

૭ મુનિજનોને જે નિર્દોષ અન્ન પાનાદિકનું ઉદાર દીલથી દાન દેવામાં મહા લાભ જણાવ્યો છે તે પણ તેમના જ્ઞાનાદિક સદ્‌ગુણોને તેથી જોઈતું પોષણ મળે તેવા ઉચ્ચ આશયથીજ સમજવો.

૮ જેમ શાસનના શણગારરૂપ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓનાં હૃદય સુબોધ થાય, તેમની સ્વધર્મ શ્રદ્ધા સુદૃઢ થાય, તેમજ તેમનું વર્તન બહુજ ઉંચા પ્રકારનું અન્ય જનોને પણ અનુકરણ કરવા યોગ્ય થાય, એવા પ્રકારની અત્યંત હિતકારી અને પવિત્ર જિનશાસનને ઉન્નતિના ઉંચા શિખરે ચઢાવી દેનારી સંગીન યોજના તન મન અને ધનથી કરવા, કરાવવા એટલે તેવાં પરમ પવિત્ર સતકાર્યમાં આપ આપણાથી બની શકે તેટલી સહાનુભૂતિ (સહાય) આપવી તેના કરતાં ઉત્કૃષ્ટ દાન બીજું કયું હોઈ શકે? તે વિચારવું જોઈએ.

૯ જ્યારે માન, પાન વિગેરેની લખલુંટ મૂકી કેવળ શાસન રસિક બની તમામ ભવ્યજનોને પવિત્ર શાસનના રસિક બનાવવાના અતિ ઉત્તમ ઉદ્દેશથી સુસાધુજનો તેમજ સુશ્રાવક જનો નિઃસ્વાર્થ પણે આત્માર્પણ કરશે, ત્યારેજ આપણે પવિત્ર જિનશાસનની જાહોજલાલી પુનઃ જોવા ભાગ્યશાળી થઇ શકીશું.

ઇતિશમ્.

વ્રત સ્વરૂપ સમાપ્ત.



દરેક સુજ્ઞ ભાઇ બ્હેન સુખે આદરી-પાળી શકે એવાં સમકિત સહિત બાર વ્રતની સંક્ષિપ્ત ટીપ.

સમકિત.

૧ રાગ દ્વેષાદિક દોષથકી સંપૂર્ણ મુક્ત થયેલા સર્વજ્ઞ સર્વદર્શી **અરિહંત પરમાત્માનેજ શુદ્ધ દેવ** માનું અને જગત્ માત્રને પાવન કરનારા તેમનાં પવિત્ર નામ, સ્થાપના (પ્રતિમા), દ્રવ્ય અને ભાવનું સદાય રટન કરૂં, નિરંતર અમુક વખત ચોખ્ખાઈ રાખી શ્રીજિનમંદિરે જઇ, ત્યાં સ્થિર ચિત્ત રાખી પ્રભુના અદ્‌ભૂત જ્ઞાન, ક્ષમા, ગંભીરતા પ્રમુખ ઉત્તમોત્તમ ગુણ સંભારી, મારા આત્મામાં તેવાજ ગુણો પ્રગટાવવા નિમિત્તે પ્રભુનાં દર્શન પૂજા અને ચૈત્યવંદન કરૂં, અથવા નવકાર મહામંત્રનો સ્થિર ઉપયોગ રાખી ૧૦૮ વાર જાપ કરૂં.

૨ શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા અનુસારે જ્ઞાન વૈરાગ્ય જાગવાથી સદ્‌ગુરૂ સમીપે જઇ જેમણે મેરૂ પર્વત જેવા ભારે

પાંચ મહાવ્રત ઉચ્ચરેલાં છે, અને તે મહાવ્રતોને જે રૂડી રીતે ગુરૂમહારાજની આણામાં રહીને પાળે છે, કંચન કામનીથી જે સદાય દૂર રહે છે, જયણાથી સઘળી સંયમકરણી સાધે છે અને ભવ્ય જનોને સારો બોધ આપી સુધારે છે, તેવા **મુનિમહાત્માનેજ શુદ્ધ ગુરૂ** માનું અને પ્રતિદિન જોગ હોય ત્યાં સુધી તેમને શુદ્ધ ભાવથી વંદન કરી તેમનાં અમૃત વચનનું પાન કરૂં.

૩ સદ્ગુરૂની અમૃત તુલ્ય વાણી સાંભળી મારી છતી શક્તિ ગોપવ્યા વગર બની શકે તેટલી ગૃહસ્થ યોગ્ય ધર્મકરણી કરવા નિરંતર ખપ કરૂં. દાન, શીલ, તપ અને ભાવના રૂપ ધર્મની શ્રદ્ધા રાખી યથાશક્તિ તેનો આદર કરૂં. સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ શુદ્ધ ધર્મનો મને યથાર્થ બોધ થાય, તેની યથાર્થ પ્રતીતિ થાય અને અનુક્રમે તેની પ્રગટ પ્રાપ્તિ થાય, તેવા લક્ષથી સદ્ગુરૂની આજ્ઞાને આધીન રહી તેમણે આત્મ કલ્યાણાર્થે આપેલી રૂડી શિખામણને ધ્યાનમાં રાખી કાળજીથી અનુસરૂં. પ્રમાદવશપણાથી તેમાં ભૂલ પડે તો ગુરૂમહારાજને નિષ્કપટપણે નિવેદન કરી, ક્ષમા માગી, ફરી તેવી ભૂલ ન કરવા વિશેષે કાળજી રાખું. તેમની પવિત્ર આજ્ઞાનુસાર પ્રતિવર્ષ શ્રી શત્રુંજયાદિક તીર્થની યાત્રાદિક કરૂં અને આશાતનાદિક દોષને ટાળી, દેવ ગુરૂ સંઘ-સાધર્મિકની ભક્તિનો બની શકે તેટલો લાભ લઉં અને યથાશક્તિ વ્રત—પચ્ચખાણનો ભાવ રાખું.

પ્રાણાતિપાતવિરમણ વ્રત.

(પ્રથમ અણુવ્રત) ૧

૧ મરણાદિક મહાભયથી પ્રગટપણે કંપતા-ત્રાસ પામતા

કોઈ પણ નિરપરાધી જીવને કંઇ પણ પ્રબળ રોગાદિક કારણ વગર તેના પ્રાણ નીકળી જાય તેમ જાણી બુઝીને મારાં મન વચન અને કાયાથી હું જાતે હાગું નહિં તેમજ અન્ય કને હણાવું નહિ.

૨ માંસ, દારૂ, શિકાર (મધ, માંખણ, રાત્રી ભોજન પ્રમુખ અભક્ષ્ય અને ડુંગળી, લસણ, ગાજર પ્રમુખ જમીન કંદ વગેરે અનંતકાય ભક્ષણ કરવા) નો ત્યાગ કરૂં.

૩ કોઇનો પ્રાણ નીકળી જાય અથવા તો તે આપઘાત કરે એવાં કુડાં આળ કોઈને ન આપું, કોઇની ચાડી-ચૂગલી ન કરૂં, અને ત્યાંસુધી તેવાં પાપસ્થાનકથી બચતો રહું એમ લક્ષ રાખું.

મૃષાવાદવિરમણ વ્રત.

(બીજું અણુવ્રત.) ૨

૧ જેથી સામાનું જીવિત ધુળ મળે (નકામું થઇ જાય) તેવું લાકડે માંકડું વળગાડવા જેવું કેવળ મિથ્યા ભાષણ-પુત્ર પુત્રીના વિવાહ જોડવા માટે મૃષાવાદ (**કન્યાલીક**) વર્જું.

૨ જેથી વેર ઝેર વધે, કલેશ વઢવાડ કે મારામારી થાય તેવું મિથ્યા ભાષણ, પારકી જમીન ઉપર પોતાનો કે પોતાના સંબંધીનો હક સ્થાપવા હડહડતું જૂઠ (**ભૂમ્યલીક**) વર્જું.

૩ જેથી પરિણામે કલેશ ઉપજે એવું મિથ્યાભાષણ પશુઓની લેવડ દેવડ સંબંધે (**ગવાલીક**) વર્જું.

૪ ઇન્સાફની કોર્ટમાં, કે પંચમાં કોઈની દાક્ષિણ્યતાથી કે

પોતાના કલ્પિત સ્વાર્થથી [લાંચ વિગેરે લઇને] ખોટી [કૂડી] સાક્ષી [ગવાઇ] ન ભરૂં.

૫ કેવળ કૃત્રિમ (ખોટો) દસ્તાવેજ વિગેરે ઘડી કાઢી કોઇની ઉપર આફત આવી પડે તેવું અનાચરણ હું નહિં કરૂં.

૬ જેનાથી બહુ ભવભ્રમણ કરવું પડે તેવું શાસ્ત્ર વિરૂદ્ધ વચન જાણી બુઝીને હું નહિં બોલું. પ્રમાદવશ બોલાયું હોય તેની ખબર પડતાં તરત માફી માગું.

અદત્તાદાનવિરમણ વ્રત.

(ત્રીજું અણુવ્રત.) ૩

૧ કોઇનું ખાતર પાડી કે ગજવું કાપી કે વાટ પાડી (લુંટફાટ કરી) કે તેવીજ બીજી રીતે પરાયું ધન હું જાતે હરી લઉં નહિં તેમજ બીજાને તેમ કરવા સલાહ કે સહાય આપું નહિં.

૨ તેવો ચોરાઉ માલ કીફાયત ભાવે : આપવા આવે તો તે જાણી બુઝીને સંઘરૂં નહિં. તેમજ તેવાં અનીતિનાં કાર્ય કરવા કોઇને સલાહ આપું નહિં.

૩ દાણચોરી એટલે જે વ્યાપાર લાયક વસ્તુ ઉપર મહેસુલ લાગતું હોય તે છુપાવું નહિં. તેમજ બીજાને પણ તેવી ખોટી સલાહ આપું નહિં.

૪ કોઇની નાઠી, પડી કે વીસરી ગયેલી વસ્તુ ખોટી બુદ્ધિથી લઉં નહિં. હિત બુદ્ધિથી લઉં તો જાહેર કરી માલ ધણી મળતાં તેને સોંપી દઉં.

૫ કોઈની થાપણુ ઓળવું નહિં તેમજ તેવો બીજો વિશ્વાસઘાત કરૂં નહિં.

૬ જ્યાંસુધી બને ત્યાંસુધી લેવડ દેવડમાં બરાબર પ્રમાણિકપણું રાખું.

૭ ગફલતથી કોઇનું કંઈ આવી ગયું હોય તે જાહેર કરી મૂળ ધણીને પાછું સોંપી દઉં.

સ્વદારા સંતોષ યા સ્થૂલ મથુન વિરમણ વ્રત.

(ચતુર્થ અણુવ્રત.) ૪

૧ સ્વસ્ત્રી કે સ્વપતિ શિવાય દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષય ભોગનો સર્વથા ત્યાગ કરૂં. દેવ સંબંધી ૨×૩. તિર્યંચ સંબંધી ૧×૩. અને મનુષ્ય સંબંધી ૧×૧. એટલે દેવ અને તિર્યંચ સંબંધી વિષય ભોગનો મન વચન અને કાયાથી કરવા, કરાવવાનો ત્યાગ કરૂં અને મનુષ્ય સંબંધી વિષય ભોગનો કાયા માત્રથી કરવાનો ત્યાગ અને મન વચનની શુદ્ધિ રાખવા ઘટતો પ્રયત્ન જારી રાખું.

૨ ઉક્ત શીલ વ્રતને અમૂલ્ય અલંકાર રૂપ સમજી યત્નથી સાચવું. લીધેલા નિયમનો ભંગ થવા ન પામે તેવી સાવચેતી રાખું.

૩ સ્વસ્ત્રી કે સ્વપતિમાં પણ અધિક સંતોષ રાખી વિષય તૃષ્ણા તજવા વધારે ખપ કરૂં. સ્વવીર્યનું રક્ષણ કરી તેનો ધર્મ સાધનમાં બનતો ઉપયોગ કરૂં.

૪ હસ્તક્રિયા કે કુદરત વિરૂદ્ધ વર્તનથી કદાપિ સ્વવીર્યનો વિનાશ ન કરૂં.

૫ **શીલની વાડો** સાચવવા માટે ઘટતો પ્રયત્ન કરૂં.

પરિગ્રહ પ્રમાણ વ્રત.

(પાંચમું અણુવ્રત.) ૫

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, સોનું, રૂપું, અન્ય ધાતુ, દાસ-દાસી અને ગાય, બેલ, હાથી, ઘોડા પ્રમુખ ચતુષ્પદ, એમ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનું જૂદું જૂદું પ્રમાણ બાંધું. તેમ બની ન શકે તો તેમનું સમુચ્ચયે અમુક ચોકસ પ્રમાણ કરી તેથી અધિક દ્રવ્યની પ્રાપ્તિ થતાં તત્કાળ તેનો સદુપયોગ પરમાર્થ માર્ગે કરૂં. પરંતુ પ્રમાણથી અધિક થયેલું દ્રવ્ય દેખી સ્વનિયત બગાડું નહિ.

દિગ્‌વિરમણ વ્રત.

(પ્રથમ ગુણવ્રત.) ૬

ચાર દિશા, ચાર વિદિશા તેમજ ઉંચે અને નીચે એમ દશે દિશામાં સ્વાર્થવશ વ્યાપારાદિક કારણે જવા આવવા માટે અમુક મર્યાદા બાંધી રાખું. કેવળ પરમાર્થ દાવે ગમે તેટલે દૂર જવા આવવાની છૂટ રાખી શકાય.

ભોગોપભોગવિરમણ વ્રત.

(બીજું ગુણવ્રત.) ૭

એકજ વાર ભોગવ્યા બાદ નિર્માલ્ય થઈ જાય એવાં પુષ્પ, ભોજન પ્રમુખ ભોગમાં લેખાય અને વારંવાર જેનો ઉપયોગ કરી શકાય તે સ્ત્રી, મહેલ પ્રમુખ ઉપભોગમાં લેખાવાથી જે ૧૪ નિયમોની યાદી આગલ આપી છે તે નિયમો હર હમેશ લક્ષપૂર્વક ધારી સંતોષ વૃત્તિમાં વધારો કરૂં. તે ઉપરાંત ૧૫ કર્માદાનના મહા પાપ વ્યાપારનો પણ ત્યાગ કરું.

અનર્થદંડવિરમણ વ્રત,

(ત્રીજું ગુણવ્રત.) ૮

જેમાં પોતાનો કે પોતાના સ્વજન કુટુંબાદિકનો નિકટ સ્વાર્થ ન હોય તેવી નકામી બાબતમાં નાહક પોતાનાં મન વચન અને કાયા કે ધનનો ગેર ઉપયોગ કરવો તે અનર્થ દંડ છે એમ સમજી આતસબાજી, વેશ્યા—નાચ, નાટક ચેટક તેમજ લોકરંજનાર્થેજ કરવામાં આવતા બીજા અનેક વગર જરૂરનાં ઉડાઉ કાર્યથી નિવર્તી સ્વદ્રવ્યાદિકનો જેમ બને તેમ સદુપયોગજ કરવો યુક્ત છે, વળી જૂગાર પ્રમુખ દુર્વ્યસન, વિકથાદિક પ્રમાદ, અને શસ્ત્રાદિકનો દૂર ઉપયોગ પણ વર્જ્યજ છે, ટુંકાણમાં જેથી પરિણામ મલીન થાય તેવા આચાર વિચાર તજવા યુક્ત છે, એ કાયમ લક્ષમાં રાખી તેવા અનર્થ દંડ થકી વિરમવા બનતો ખપ કરૂં.

સામાયક વ્રત.

(પ્રથમ શિક્ષાવ્રત.) ૯

પ્રતિદિન નિયમસર એક વખત કે વધારે વખત મન વચન કાયાના દુષ્ટ વ્યાપાર સંવરીને રાગ દ્વેષાદિક વિકાર દૂર કરી સમભાવની વૃદ્ધિ થાય તેવાં શુભ જ્ઞાન ધ્યાન પ્રમુખ ઉત્તમ આલંબન સેવવા સતત પ્રયત્ન કરવો જોઇએ. દરેક પ્રસંગે કમમાં કમ બે ઘડીનો અવકાશ હોવો જોઇએ. તેવાં સામાયકનો અધિક લાભ મેળવાય તો બહુ હિતકારી છે. નહિં તો પણ જેટલો અવકાશ મળી શકે તેનો જ્ઞાન ધ્યાન યા સત્ સંગતિ પ્રમુખ સત્કાર્યમાંજ વ્યય કરવો યુક્ત છે. બે ઘડી જેટલો અવકાશ મળે તેણે ઉક્ત

રીતે સામાયકનો લાભ ચૂકવો નહિં. એ અગત્યની વાત લક્ષમાં રાખી શરીર શક્તિથી બનશે ત્યાં સુધી જ્ઞાન ધ્યાનાદિક શુભ સાધન વડે મળેલી તકનો સદુપયોગ કરી પ્રતિદિન સામાયકનો લાભ લેવા કાળજી રાખીશ.

દેશાવગાસિક શિક્ષાવ્રત.

(દ્વિતીય શિક્ષાવ્રત) ૧૦.

છઠ્ઠા દિગ્ વિરમણ વ્રતમાં દશે દિશે જવા આવવા માટે રાખેલી મોકળાશનો અત્ર બને તેટલો સંક્ષેપ કરું. તેમજ પૂર્વોકત ૧૪ નિયમો પણ અવશ્ય ધારૂં. ધારેલા મુકરર ટાઈમ સુધી શુભ જ્ઞાન ધ્યાન પ્રમુખમાંજ લક્ષપૂર્વક પ્રવર્તું. ઉક્ત નિયમ પ્રહર, દિવસ, માસ કે વર્ષ પર્યંત પણ ગ્રહી શકાય છે.

પોષધવ્રત.

(તૃતીય શિક્ષાવ્રત.) ૧૧.

દરેક અંધારી અજવાળી આઠમ, ચઉદશ પ્રમુખ પર્વ દિવસે પૂર્વોકત ચારે પ્રકારનો પોષધ ૪ કે ૮ પ્રહર પર્યંત અંગીકાર કરી પ્રમાદ રહિત તેનું આરાધન કરવું જોઈએ. વિકથાદિક પ્રમાદવડે તેનું વિરાધન કરવું યુક્ત નથીજ. જેનાથી તેમ સર્વથા બની ન શકે તેણે પણ પ્રથમ જણાવ્યા મુજબ ઉક્ત ચાર પ્રકાર પૈકી જેનું જેટલું આરાધન થઇ શકે તેટલું કરી બનતો લાભ હાંસલ કરવા ચૂકવું નહિં. એ બધી વાત લક્ષમાં રાખી પોષધ વ્રતનો અમુક રીતે લાભ યથાશક્તિ લહીશ.

અતિથિ સંવિભાગ વ્રત.

(ચતુર્થ શિક્ષાવ્રત.) ૧૨.

તિથિ, વાર પ્રમુખની દરકાર રાખ્યા વગર દિનરાત પ્રમાદ રહિત આત્મસાધનમાંજ ઉજમાળ મુનિજનો ' અતિથિ ' કહેવાય છે, તેવા મહાત્મા–સાધુ જનોને સ્વકુટુંબાદિક નિમિત્તે કરેલ નિર્દોષ પ્રાસુક આહાર પાણી હરહમેશ કે છેવટ પોષધ વ્રતના પારણે શુદ્ધ ભક્તિભાવથી કેવળ કલ્યાણાર્થે વ્હોરાવી પછી પોતે જમવું. તેવું વ્રત પવિત્ર ધર્મની પ્રાપ્તિ અને પુષ્ટિ માટે બહુ જરૂરનું છે. જ્યારે તેવા સુપાત્ર સાધુનો જોગ ન બની શકે ત્યારે શું કરવું ? તે આશ્રી પ્રથમ કરેલી સૂચના લક્ષમાં રાખી ઉક્ત વ્રતનું યથાશક્તિ આરાધન કરવા મળેલી તક સાર્થક કરી લહીશ.

જ્ઞાનાદિ પંચ આચાર પાળવા આશ્રી સંક્ષિપ્ત સૂચના.

જ્ઞાનાચાર.

૧ જે જે ધર્મશાસ્ત્ર ભણવાં ગણવાં; તે બધાં અકાળ વેળા (દરેક સંધ્યા વખત, મધ્યાહ્ન સમય તથા મધ્ય રાત્રી સમય) વર્જી યોગ્ય અવસરેજ ભણવાં ગણવાં.

૨ ધર્મગુરૂ અને વિદ્યાગુરૂનો ઉચિત વિનય સાચવીનેજ ભણવું ગણવું.

૩ જ્ઞાન–જ્ઞાનીનો યોગ્ય સત્કાર કરી શુદ્ધ પ્રેમ ભાવથી ભણવું ગણવું.

૪ શાસ્ત્ર ભણવા માટે યોગ્યતા મેળવવા સારૂ યોગ–ઉપધાન કરીને તેનુ પઠન પાઠન કરવું.

૫ જેમની પાસેથી આપણને જ્ઞાનનો લાભ થયો હોય તેનું નામ કોઇ પૂછે તો તરત જાહેર કરવું. પરંતુ ભય કે લજ્જાદિક કલ્પિત કારણોથી તે છુપાવવું નહિંજ.

૬ જે શાસ્ત્ર ભણવું તે અક્ષર કાના માત્રે અન્યૂનાધિક ભણવું ગણવું.

૭ તે શાસ્ત્રના અર્થ શુદ્ધ રીતે ગુરૂમહારાજ પાસે ધારી લઇને ભણવા ગણવા.

૮ તે શાસ્ત્રનું મૂળ તથા તેના અર્થ શુદ્ધ ગુરૂગમે ધારી પક્કા કરી લેવા.

દર્શનાચાર.

૧ સર્વથા રાગદ્વેષાદિક દોષ વર્જિત સર્વજ્ઞ વીતરાગનાં વચન સંપૂર્ણ સાચાંજ માનવાં.

૨ ઉક્ત સર્વજ્ઞ પરમાત્માના પવિત્ર શાસનનાજ રસિક થાવું. બીજા અન્ય મતની ઇચ્છા કરવીજ નહિં.

૩ સર્વજ્ઞ ભગવાને ભાખેલા દાનાદિક ધર્મનાં ફળનો સંદેહ કરવોજ નહિં.

૪ અન્ય મતના કષ્ટ, મંત્ર, ચમત્કાર કે પૂજા પ્રભાવના દેખી મૂઢ દૃષ્ટિ બનવું નહિં.

૫ સમ્યગ્ દૃષ્ટિ જનોની શુભ કરણી દેખી તેનું અનુમોદન કરવું (પ્રશંસા કરી તેને પુષ્ટિ આપવી).

૬ સીદાતા સાધર્મીજનોને હરેક રીતે ટેકો આપી ધર્મમાં સ્થિર કરવા.

૭ સાધર્મી બંધુઓની ઉમદા ભાવથી સેવાભકિતરૂપ 'સાહમ્મીવચ્છળ' કરવું.

૮ પવિત્ર જિનશાસનની જાહોજલાલી વધે તેવાં સત્કાર્યો સમજ મેળવીને કરવાં.

ચારિત્રાચાર.

૧ ઇર્યાસમિતિ–જતાં આવતાં જીવની વિરાધના ન થાય તેમ જયણા પૂર્વક જમીન ઉપર દૃષ્ટિ રાખી (ધુંસરા પ્રમાણ આગળ દૃષ્ટિ રાખી) વિકથાદિક પ્રમાદ રહિત લક્ષ રાખી ચાલવું.

૨ ભાષા સમિતિ–ખાસ બોલવાનો પ્રસંગ હોય ત્યારે જરૂર પૂરતું, મધુર, ડહાપણુ ભરેલું, ગર્વ રહિત; પ્રથમથી પરિણામનો વિચાર કરી, ધર્મને બાધક ન આવે એવુંજ વચન બોલવું.

૩ એષણા સમિતિ–સંયમ જીવનનો નિર્વાહ કરવા નિર્દોષ આહાર પાણી પ્રમુખની નિસ્પૃહતાથી ગવેષણા કરી મેળવેલા શુદ્ધ નિર્દોષ આહારાદિકનું સેવન કરવું.

૪ આદાન ભંડ મત્ત નિખ્ખેવણા સમિતિ–સંયમ માર્ગમાં ઉપયોગી ઉપકરણો લેતાં મૂકતાં જેની વિરાધના થવા ન પામે તેવી જયણા રાખી કાળજી પૂર્વકજ લેવાં મૂકવાં.

૫ પારિષ્ઠાપનિકા સમિતિ–લઘુ નીતિ, વડી નીતિ પ્રમુખ શરીરજન્ય મળ, જીવ જંતુ રહિત નિર્દોષ સ્થળે, દૃષ્ટિ પ્રમુખથી પૂરતી તપાસ કરી પરઠવવા (જયણાથી).

૬ મનોગુપ્તિ–અકુશળ યોગથી મનને નિવર્તાવી કુશળ યોગમાંજ મનને સ્થાપિત કરી રાખવું.

૭ વચન ગુપ્તિ–અકુશળ યોગથી વાણીને નિવર્તાવી કુશળ યોગમાંજ તેનો નિયોગ કરવો.

૮ કાયગુપ્તિ–કાચબાની પેરે કાયાને સંકોચી અકુશળ યોગથી નિવર્તાવી કુશળ યોગમાંજ જોડવી.

તપાચાર.

(૬ બાહ્ય અને ૬ અભ્યંતર)

૧ અનશન–ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ પ્રમુખ તપ કરી તેટલા દિવસ કે અંતે જીવિત પર્યંત ભોજન ત્યાગ.

૨ ઊણોદરી--રસસંયમ જીવનના નિર્વાહાર્થે જરૂર પુરતા આહારથી બે ચાર કવળ ન્યૂન જમવા.

૩ વૃત્તિસંક્ષેપ-નિયમિત ભોજન, એક કે બે વખતજ, અમુક જરૂર યોગ્ય વસ્તુથીજ ચલાવી લેવું.

૪ રસ ત્યાગ-દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ પ્રમુખ વિગઈ અથવા ષટ્ રસ ભોજનનો બને તેટલો ત્યાગ.

૫ કાય કલેશ-શીત, તાપાદિક જાણી બુઝીને સહેવાં તેમજ કેશ લોચ પ્રમુખ કષ્ટ સહન કરવાં.

૬ સંલીનતા-કાયાને સંકોચી સ્થિર આસન પ્રમુખ દેહ દમન આત્મકલ્યાણાર્થે કરવું.

૧ પ્રાયશ્ચિત-જાણતાં કે અજાણતાં, છાંનાં કે છતરાયાં કરેલાં પાપકર્મ નિષ્કપટપણે સદ્‌ગુરૂ સમીપે આલોચી નિંદી તેવાં પાપ કર્મ ફરી જાણી બુઝીને નહિં કરવાની શરતે શુદ્ધભાવથી પાપનું નિવારણ કરવું.

૨ વિનય--અરિહંતાદિક પૂજ્ય પદની ભક્તિ, બહુમાન, ગુણ સ્તુતિ, આશાતના વર્જન પ્રમુખ કરવા.

૩ વૈયાવચ્ચ--સંઘ, સાધર્મિક, આચાર્ય, બાળ--ગ્લાનમુનિ, સ્થવિર પ્રમુખ ગુણી જનોની ઉચિત સેવા.

૪ સ્વાધ્યાય--અભિનવ શાસ્ત્ર ભણવું, શંકાનું સમાધાન પૂછવું, ફરી વિચારી જવું. અર્થ રહસ્યની આલોચના કરી લેવી, અને ગુરૂગમ્ય શીખેલું શાસ્ત્ર અન્ય ભવ્યજને સમજાવવા શ્રમ લેવો.

૫ ધ્યાન -દોષદૃષ્ટિથી થતા દુર્ધ્યાનનો ત્યાગ કરી શુભ દૃષ્ટિથી વસ્તુ સ્વરૂપનો એકાગ્રપણે વિચાર કરવો. આર્ત, રૌદ્ર તજી ધર્મ શુકલ ધ્યાન પામવા સદ્‌ગુરૂ આજ્ઞાનુસાર ઉદ્યમ કરવો.

૬ ઉત્સર્ગ--દેહાદિકની માયા (મમતા) તજી ચિલાતી પુત્ર દ્રઢપ્રહારી, મેતાર્ય મુનિ અને ગજસુકુમાળ મુનિની પેરે અડગ કાઉસ્સગ્ગ ધ્યાને ઉભા રહી ઉપશમ વિવેક અને સંવરના બળથી કર્મ શત્રુનો જય કરવા પ્રબળ પુરૂષાર્થ ફેરવવો. દેહાદિકનું ભાન ભૂલી આત્મામાંજ ઉપયોગ પરોવવો.

વીર્યાચાર.


સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા ગમે તેણે પોતપોતાના અધિકારઅનુસારે કર્તવ્ય કર્મ કરવા પોતાનાં મન, વચન અને કાયાના છતાં બળ--વીર્યને ગોપવ્યા વગર યથાશક્તિ તેનો સદુપયોગ કરવો. મતલબ કે સાધુ--સાધ્વીએ સ્વ સંયમ કરણી [પાંચ મહાવ્રતનું પાલન, પાંચે ઇંદ્રિયોનું દમન, ચાર કષાયનું જીપન, અને મન વચન કાયાની શુદ્ધિ] કરવામાં પોતાનું છતું બળ--વીર્ય ગોપવવું નહિં. તેનો કોઈ રીતે ગેરઉપયોગ નહિં કરતાં સદાય સદુપયોગ કરવાજ લક્ષ રાખવું. તેમજ શ્રાવક શ્રાવિકાએ પણ સ્વ ગૃહસ્થ ધર્મનું આરાધન કરવા સદ્‌ગુરૂનાં અમૃત--વચનનું આદર સહિત શ્રવણ કરી, સ્વશક્તિ અનુસારે પોતાનાં તન, મન, વચન અને ધનનો સદુપયોગ કરી લેવા ચૂકવું નહિ. પોતાની છતી શકિતનો જે સદુપયોગ થાય તેજ સાર્થક, બાકી જે તેનો ગેર ઉપયોગ થાય તે તો સંસાર વૃદ્ધિ માટેજ સમજવો.

ઇતિશમ્.

શ્રાવક યોગ્ય અગીયાર પડિમાનો અધિકાર

(શ્રી પ્રવચનસારોદ્ધારના આધારે.)

૧૧ પ્રતિમાનાં નામ.



૧ દર્શન (સમકિત) પ્રતિમા, ૨ વ્રત પ્રતિમા, ૩ સામાયક પ્રતિમા, ૪ પોષધ પ્રતિમા, ૫ કાયોત્સર્ગ પ્રતિમા, (અભિગ્રહ વિશેષરૂપ) ૬ મૈથુન વર્જન પ્રતિમા, ૭ સચિત્ત વર્જન પ્રતિમા, ૮ સ્વયં આરંભ વર્જન પ્રતિમા, ૯ પ્રેષ્ય (અન્ય સેવકાદિક પાસે પણ) આરંભ વર્જન પ્રતિમા, ૧૦ પોતાને નિમિત્તે કરેલું ભોજન–અશનાદિક વર્જન પ્રતિમા, ૧૧ શ્રમણભૂત—મુનિવત્ વર્તન પ્રતિમા.

પ્રતિમા શબ્દથી અમુક અભિગ્રહ યા નિયમ વિશેષ જાણવો. હવે દરેક પ્રતિમાનું અનુક્રમે કંઇક વિસ્તારથી કથન કરવામાં આવે છે. ઉક્ત દરેક પ્રતિમાનું કાળ માન તેની સંખ્યા પ્રમાણ જેટલા માસનું છે, (એટલે કે પહેલી પ્રતિમા એક માસની બીજી બે માસની ત્રીજી ત્રણ માસની એમ અનુક્રમે અગીયારમી ૧૧ માસની સમજવી.) તે બતાવે છે.

અનુક્રમે દરેક પ્રતિમાનું કંઇક વિસ્તારથી સ્વરૂપ.

૧ દર્શન પ્રતિમા—શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા ગુણ સહિત તથા કદાગ્રહ અને શંકાદિક શલ્ય-

થી સર્વથા રહિત નિર્દોષ સમકિતને યથાસ્થિત પાળવામાં આવે તે પહેલી દર્શન પ્રતિમા કહેવાય છે.

વિવેચન--ગમે તેવા કષ્ટ પ્રસંગે પણ સમકિત યોગ્ય ત્રિકાળ જિન પૂજા, સદ્‌ગુરૂ વંદન પ્રમુખ સદાચારથી લગારે ડગ્યા વગર શ્રી જિનેશ્વર ભગવાને કહેલા તત્વમાં અચળ શ્રદ્ધા એક માસ પર્યંત રાખવી.

૨ વ્રત પ્રતિમા—શ્રાવક યોગ્ય પાંચ અણુવ્રત તેમજ ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતને કંઇ પણ અતિચાર પ્રમુખ દૂષણ લગાડયા વગર બે માસ પર્યંત પ્રથમ પડિમામાં જણાવેલા નિર્દોષ સમકિત ગુણ સહિત સેવવાં તે બીજી વ્રત પ્રતિમા જાણવી.

વિવેચન—પ્રથમ સામાન્ય રીતે શ્રાવક યોગ્ય અણુવ્રતાદિક લઇને પાળવામાં આવતાં હોય તેજ વ્રતોને કોઈપણ જાતના અતિચાર રહિત અત્ર પાળવાં જોઇએ. અપવાદ માર્ગ સેવ્યા વગર કેવળ ઉત્સર્ગ માર્ગેજ ગમે તેવી વિષમ સ્થિતિમાં પણ ઉક્ત વ્રતોનું બે માસ સુધી પરિપાલન કરવું. એવી રીતે સઘળી પ્રતિમાઓના સંબંધમાં સમજી લેવું.

૩ સામાયક—મન, વચન અને કાયા સંબંધી પાપવ્યાપારને વર્જી નિષ્પાપ-નિર્દોષ વ્યાપારને સેવવારૂપ સામાયક પ્રતિદિન ઉભય કાળ અતિચારાદિક દૂષણ રહિત ત્રણ માસ પર્યંત કરવામાં આવે તે ત્રીજી સામાયક પ્રતિમા જાણવી.

વિવેચન—પ્રથમ કરવામાં આવતા સામાયકના અભ્યાસમાં સુદૃઢ બની, બંને ટંક હર હમેશ ગમે તેવાં કારણ છતાં કંઈપણ દૂષણ લગાવ્યા વગર પૂર્વોક્ત પ્રતિમાના આચાર સહિત ત્રણ માસ અખંડ આ પ્રતિમામાં ત્રિકરણ શુદ્ધિથી સામાયક કરવા જોઇએ.

૪ **પોષધ**—દરેક અષ્ટમી, ચતુર્દશી પ્રમુખ પર્વ દિવસે સર્વથા આહાર ત્યાગ, શરીર સત્કાર ત્યાગ, મૈથુન ત્યાગ અને પાપવ્યાપાર ત્યાગ એમ ચારે પ્રકારનો પોષધ, અતિચાર દૂષણ રહિત ચાર માસ પર્યંત પાળવામાં આવે તે ચોથી પોષધ પ્રતિમા છે.

વિવેચન—દરેક અષ્ટમી, ચતુર્દશી, પૂર્ણિમા અને અમાવાસ્યા ઉપરાંત બીજા જિન કલ્યાણક પ્રમુખ પર્વ દિવસોમાં અત્યંત આદરથી સંપૂર્ણ પોષધવ્રત સર્વથા દૂષણ રહિત પૂર્વ પ્રતિમામાં કહેલા ઉત્તમ આચાર સહિત ચાર માસ પર્યંત સેવવાથી ચોથી પોષધ પ્રતિમા કહેવાય છે.

૫ કાયોત્સર્ગ પ્રતિમા—પૂર્વોક્ત પ્રતિમાઓમાં દર્શાવ્યા મુજબ સમ્યકત્વ, અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત યુક્ત છતો, સ્થિર સત્વવંત અને સુનીપુણ શ્રાવક દરેક અષ્ટમી અને ચતુર્દશીના દિવસે પોષધ ગ્રહી રાત્રીભર શુન્ય ગૃહાદિકમાં કાઉસ્સગ (કાયોત્સર્ગ) મુદ્રાએ સ્થિત રહે–ઉપસર્ગ પરિસહાદિકથી ડરે નહીં, નિશ્ચળ રહે.

વિવેચન—પુર્વોક્ત સઘળી પ્રતિમા યોગ્ય સદાચાર સંપન્ન, અચળ, અડગ પરિણામી અને સર્વ વાતે સાવધાન શ્રાવક પોષધ દિવસે સંપૂર્ણ પોષધ ગ્રહી આખી રાત શુન્ય ઘર, સ્મશાન કે તેવાજ કોઈ સ્થળે કાઉસ્સગ ધ્યાને ઉભો રહે, તેમાં ગમે તેવા ઉપસર્ગ પ્રમુખ થાય પણ તેથી ચલાયમાન ન થાય. તે પ્રતિમાની મર્યાદા પાંચ માસની જાણવી. કાયોત્સર્ગમાં તે મહાનુભાવ શ્રાવક નિષ્કષાય (સર્વથા રાગાદિક વિકાર વર્જિત) શ્રી જિનેશ્વર પ્રભુનું ધ્યાન કરે અથવા પોતાના કામ ક્રોધાદિક દોષના

પ્રતિપક્ષી ક્ષમાદિક ગુણોને ધ્યાવે. તેમજ તે સ્નાન (દ્રવ્ય શુદ્ધિ) નો પરિહાર કરે. વિકટ ભોજી—દિવસેજ પ્રકાશ યુક્ત સ્થળે બેસીનેજ ભોજન કરે. (રાત્રી ભોજન સર્વથા કરેજ નહી.) મુકલી ચડો—અબદ્ધ પરિધાન કચ્છ તેમજ કાયોત્સર્ગ વર્જિત દિવસોમાં દિવસે બ્રહ્મચર્ય પાળે અને રાત્રે મૈથુન સેવનનું પ્રમાણ કરે.

૬ બ્રહ્મચર્ય પ્રતિમા—શ્રૃંગાર કથા, સ્નાન વિલેપન પ્રમુખ વિભૂષા સંબંધી ઉત્કર્ષ અને સ્ત્રી કથા (સ્ત્રી સંબંધી અથવા સ્ત્રી સાથે એકાન્તમાં સરાગ વાર્તા આલાપ)નો ત્યાગ કરતો છતો શ્રાવક એક અબ્રહ્મ સેવાનો છ માસ પર્યંત સર્વથા ત્યાગ કરે તે છઠ્ઠી બ્રહ્મચર્ય પ્રતિમા જાણુવી.

વિવેચન—છઠ્ઠી પ્રતિમામાં શુદ્ધ બ્રહ્મચર્ય છ માસ પર્યંત પાળવું. એટલે તેમાં શ્રૃંગાર સંબંધી કથા, શરીર સત્કારનો અધિક આદર તેમજ સ્ત્રી કથાનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. ટુંકાણુમાં બ્રહ્મચર્યની ગુપ્તિઓનું સારી રીતે પાલન કરવું.

૭. સચિત્તત્યાગ પ્રતિમા—સાત માસ સુધી સચિત્ત ભોજનનો સર્વથા ત્યાગ કરે. તેમજ પૂર્વોકત પાછલી પ્રતિમાઓમાં સેવન કરવા યોગ્ય સર્વ અનુષ્ઠાનનું પણ સાથેજ સેવન કરે તે સાતમી પ્રતિમા જાણુવી.

વિવેચન—જે અન્નપાણી વગેરે અગ્નિપ્રમુખ શસ્ત્રથી અચેત થયેલ ન હોય તેનો સાત માસ પર્યંત સર્વથા ત્યાગ કરે. કેવળ અચેત ભોજનથીજ તેટલો વખત પોતાનો નિર્વાહ કરે. તેમજ તે સાથે પૂર્વ પ્રતિમા યોગ્ય સર્વ ક્રિયાનું પ્રતિપાલન કરે.

૮ સ્વયં આરંભ વર્જન પ્રતિમા—આઠ મહિના સુધી પોતે જાતે કોઈ પ્રકારના પાપ આરંભ કરે નહિ, તે આઠમી પ્રતિમા જાણવી.

વિવેચન—પુર્વ પ્રતિમા યોગ્ય અનુષ્ઠાનનું સેવન કરતો છતો શ્રાવક આઠ માસ પર્યંત કોઈ જાતનો પાપ આરંભ પોતે કરે નહીં, અનેક પ્રકારના જે જે પાપારંભ છે તેને પોતે જાતે કરેજ નહીં.

૯. અન્ય (પ્રેષ્ય) આરંભ વર્જનપ્રતિમા—નવ માસ સુધી અન્ય દાસપ્રમુખ પાસે પણ પાપારંભ ન કરાવવા રૂપ નવમી પ્રતિમા જાણવી.

વિવેચન—આ પ્રતિમામાં કોઈ પ્રકારનો પાપારંભ નવ માસ પર્યંત પોતે જાતે કરવો નહીં તેમજ કોઈ બીજા દાસ દાસી પ્રમુખ પાસે પણ તે કરાવવાની સખ્ત મનાઈ છે. તે મુજબ યથાર્થ પાલન કરવાથી નવમી પ્રતિમા કહેવાય છે.

૧૦ દસ માસ પર્યંત પોતાના નિમિત્તે કરેલું ભોજન પણ ગ્રહણ કરાય નહીં. વળી તેમાં કોઈક તો ક્ષુર મુંડન કરાવે અથવા તો કોઇ શિખા ચોટલી ધારણ કરે. પૂર્વ પ્રતિમાઓની સર્વ મર્યાદા સાથેજ પાળે **તે દશમી પ્રતિમા.**

વિવેચન—આ પ્રતિમાધર શ્રાવક માટે બનાવવામાં આવેલું ભોજન તેને ખપે નહીં તો પછી બીજા આરંભનું તો કહેવુંજ શું ? ફકત તેમાં ક્ષુર મુંડન (હજામત) કરાવાય અથવા તો કોઈ ચોટલી ધારણ કરી શકે એવી મર્યાદા દશ માસ પર્યંત પાલન કરવાથી દશમી પ્રતિમા પૂરી થાય છે.

૧૧ **શ્રમણભુત**—ક્ષુર મુંડન અથવા કેશલુંચન કરવા વડે, રજોહરણ અને પાત્રાં પ્રમુખ સાધુ યોગ્ય સર્વ ઉપકરણો ગ્રહણ કરી ઉત્કૃષ્ટ અગીયાર માસ પર્યંત સાધુ-મુનિરાજની પેરે વિચરે તે અગીયારમી પ્રતિમા જાણવી.

વિવેચન—આ પડિમામાં સાધુ યોગ્ય સમસ્ત ઉપકરણો રાખી તેનો યથાયોગ્ય ઉપયોગ કરતો, નિર્વાહ અર્થે નિર્દોષ આહાર પાણીની જરૂર પડે ત્યારે સ્વજ્ઞાતિ કુટુંબાદિકમાંજ ગવેષણા કરી ગ્રહણ કરે, તે વખતે મુનિની પેરે 'ધર્મલાભ' ન કહે. પણ **'શ્રાદ્ધ પ્રતિમા પ્રતિપન્નાય દેહિ'** એટલે કે પ્રતિમાધર શ્રાવકને (ભિક્ષા) આપો એમજ કહે. બાકી મુનિની પેરે સમિતિ ગુપ્તિ પાળીને વિચરે. ઉપર જણાવેલ સર્વ પ્રતિમાનું કાલમાન ઉત્કૃષ્ટું જાણવું. અને જઘન્યથી તો તે દરેક પ્રતિમાનું કાલમાન અંતર મુહૂર્ત પ્રમાણ જાણવું; તે પ્રાયઃ પ્રવ્રજ્યા લેવા ઉજમાળ થયેલ માટે અથવા મરણ અવસાન વખત આશ્રી સમજવું અન્યથા સંભવતું નથી. પૂર્વોક્ત પ્રતિમાધર મહાશય કદાચ મમતાવશ સ્વજ્ઞાતિ કુટુંબાદિકને જોવા જાય તોપણ ત્યાં (ગૃહચિંતા કરેજ નહીં તેમજ) અસુજતો--સદોષ આહાર ગ્રહણ કરે નહીં.

વિશેષ—ઉક્ત પ્રતિમાઓ પૈકી પહેલાની ૪ શિવાય બીજી પ્રતિમાઓ આશ્રી શ્રીઆવશ્યકચૂર્ણિમાં આવો લેખ છે કે,

રાત્રી ભોજનનો પરિત્યાગ કરવો (પાંચમાસ પર્યંત) તે પાંચમી પ્રતિમા.

સચિત્ત આહાર પરિત્યાગ રૂપ છઠ્ઠી.

દિવસે બ્રહ્મચર્ય પાળવું અને રાત્રે તેનું પ્રમાણ કરવારૂપ સાતમી.

શાત દિવસ સર્વથા બ્રહ્મચર્ય, દ્રવ્ય સ્નાન ત્યાગ, કેશ નખ રોમ પ્રમુખ સમારવા સંબંધી ઉપેક્ષા રૂપ આઠમી.

સ્વયં આરંભ પરિત્યાગરૂપ નવમી.

પ્રેષ્ય (દાસ પ્રમુખ પાસે પણ) આરંભવર્જનરૂપ દશમી.

ઉદ્દિષ્ટ ભક્ત (પોતાના નિમિત્તે કરેલ ભોજન) વર્જનરૂપ શ્રમણભુત પ્રતિમા અગીઆરમી.

એવી રીતે મતાંતર જાણવો. ઉક્ત પ્રતિમા વહન કરવી તે આત્માને અત્યંત હિતકર છે તે વહન કરવાથી પોતાના ચારિત્ર વીર્યની તુલના થાય છે એટલે કે પ્રતિમાધરસર્વ પ્રતિમા વહન કરવાથી પોતાનાં મહાવ્રત પાળવાની યોગ્યતા સિદ્ધ કરી શકે છે.

ઉપર દર્શાવેલી પ્રતિમાઓ વહન કરવાની પ્રવૃત્તિ પ્રથમ વિશેષ હતી એમ ચરિત્રાનુવાદથી સિદ્ધ થાય છે. ઘણું કરીને અવસાન અવસરે તો બીજી બધી પ્રવૃત્તિ સંકેલી નાંખી ઉક્ત પ્રતિમાનું વહન કરવા નિવૃત્તિવાળા સ્થળ (પોષધશાળા પ્રમુખ) માં પ્રવેશી સુજ્ઞ શ્રાવકો તે તે નિયમોનું અખંડ પાલન કરતા. અને અધ્યવસાય વિશુદ્ધિથી તેમાં અપૂર્વ આત્મલાભ પ્રાપ્ત કરતા. કોઈ કોઇને તો વિશાળ અવધિજ્ઞાન પણ ઉત્પન્ન થતું આનંદાદિક શ્રાવકનાં દ્રષ્ટાંત તે માટે મશહુર છે.

પડિમાના અંતે મરણ નજદિકજ જણાય તો અનશન (સર્વથા જીવિત પર્યંત સર્વ પ્રકારના આહારનો ત્યાગ) કરે અને આયુષ્ય અધિક હોય તો સંયમ–દીક્ષા–પ્રવ્રજ્યા અંગીકાર કરે.

વર્તમાનકાળમાં ઉક્ત પ્રતિમાવહન આશ્રી જીવોની બહુધા ઉપેક્ષા જણાય છે. તે મોહની પ્રબળતા, તીક્ષ્ણ જ્ઞાન, વૈરાગ્યની મંદતા અને તેથીજ ક્રિયામાર્ગ તરફ અનાદર અથવા શિથિલતા-

નુંજ પરિણામ સમજાય છે. સર્વ વિરતિ ગ્રહણ કરવા ઈચ્છનારે ઉક્ત પ્રતિમા વહન કરવાથી તેને બહુજ સુલભતા થાય છે. તેથી તેણે પડિમા વહન કરવીજ જોઇએ, એમ શ્રીમાન હરિભદ્ર સૂરિ જેવા પરમ હિતસ્વી આચાર્ય ભગવંત ફરમાવે છે. તેનો અનાદર નજ કરવો જોઇએ. મહાપુરૂષોના પરમાર્થ વચનમાં ઊંડું રહસ્ય રહેલુંજ હોય છે તે પામર પ્રાણીઓ યથાર્થ જાણી બુઝી શકતા નથી; તેથીજ બહુધા તેની ઉપેક્ષા કરે છે. શાસ્ત્ર આધારથી આપણે જાણી શકીએ છીએ કે શ્રી કાર્તિક શેઠે શ્રાવકની પાંચમી પડિમા એકસો વખત સેવી હતી. જેના પરિણામે તે સૌધર્મઇન્દ્રની મ્હોટી પદવી પામેલા છે. જો કદાચ સઘળી પડિમાઓ એકી સાથે વહન કરવા જેટલું સામર્થ્ય પોતાનામાં ન જણાય તો ઉક્ત ૧૧ પ્રતિમાઓ પૈકી જેટલી બને તેટલી પડિમા વહન કરવા અનુકૂળ પ્રયત્ન સેવવો યુક્તજ છે. જે બાબત આપણે અભ્યાસ કરતા નથી તે બાબત પ્રથમ તો આપણને કઠણ લાગે છે. પરંતુ તેનો પરિચય થયા બાદ તેજ બાબત સુલભ જણાય છે. કોઈ કાર્ય થઇ નજ શકે એમ કદાપિ વિચારવું નહીં. પુરૂષાર્થ યોગે સઘળી વાત સાધ્ય થઇ શકે છે, તે વાત નિઘામાં રાખી સ્વહિત કાર્યમાં ઉપેક્ષા કરવી નહિં. વળી જ્યારે મેરૂ પર્વત જેવા મહાન વ્રતો (મહાવ્રતો) નો ભાર પણ ઉપાડી શકાય છે, તો પછી ઉક્ત પડિમા વહનનું કહેવુંજ શું? કાયર માણસનેજ બધું કઠણ લાગે છે, પુરૂષાર્થી જનોને તે તેવું કઠણ લાગતું નથી. તે તો શકય સત્કાર્યમાં સદા ઉજમાળજ રહે છે, અને તેને ખંતથી આરાધી અનુક્રમે અખંડ આનંદ મેળવે છે. ઇતિશમ્.



ગુણાનુરાગ કુલક.

(સરલ સંક્ષિપ્ત વ્યાખ્યા.)

સદ્‌ગુણોની ચાહના રાખનારા ભાઈ બ્હેનોને ખાસ ઉપયોગી.

સકળ કલ્યાણના સ્થાન રૂપ શ્રી તીર્થંકર પ્રભુના ચરણ કમળને નમસ્કાર કરીને સૌભાગ્ય લક્ષ્મીને ઉત્પન્ન કરનાર પર ગુણ ગ્રહણ કરવાનું સ્વરૂપ જણાવું છું (તે તમે લક્ષ દઇને સાંભળો) ૧

જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ નિવાસ કરી રહે છે, તેને તીર્થંકર પદ પર્યંત રિદ્ધિઓ દુર્લભ નથી પણ સુલભ છે.

જેમના હૃદયમાં સદાય સદ્‌ગુણ પ્રત્યે સ્વભાવિક પ્રેમ જાગેલો છે તેઓ ધન્ય, કૃતપુન્ય જાણવા; તેમને સદાય અમારો પ્રણામ હો. ૩

ઘણું ભણવાથી, તપ તપવાથી કે દાન દેવાથી શું પ્રયોજન છે? ફક્ત સઘળા સુખના સ્થાનરૂપ એક ગુણાનુરાગનેજ તું આદર. ૪

કદાચ તું ઘણો તપ કરીશ, ઘણાં શાસ્ત્ર ભણીશ; અને

વિવિધ કષ્ટ સહીશ. પરંતુ જો ગુણાનુરાગ ધારીશ નહિં—બીજાના સદ્દગુણ જોઈ રાજી થઇશ નહિ, તો તારી સઘળી કરણી ફોક સમજજે. ૫

બીજાના ગુણનો ઉત્કર્ષ સાંભળીને જો તું અદેખાઈ કરીશ તો જરૂર તું સંસારમાં સર્વ સ્થળે પરાભવ પામીશ. ૬

ઈર્ષાના જોરથી અંજાઇ જઇ જો તું ગુણવંત જનોના થોડા પણ અવર્ણવાદ કોઇરીતે બોલીશ તો સંસાર મહાઅટવીમાં તારે ભટકવું પડશે. (અને ત્યાં બહુ પેરે દુઃખનો કડવો અનુભવ કરવો પડશે. માટે પ્રથમથીજ પારકા અવર્ણવાદ બોલવાથી પાછા ઓસર) ૭.

આ વર્તમાન ભવમાં જીવ જે ગુણનો કે દોષનો અભ્યાસ કરે છે, તે ગુણ દોષને અભ્યાસ વડે પરભવમાં ફરી મેળવે છે. ૮

જે પોતે સેંકડો ગમે ગુણથી ભર્યો છતો અદેખાઈ વડે પારકા દોષ જંપે છે તે પંડિત પુરૂષોની નજરમાં પલાલના ઢગલા જેવો અસાર (હલકો) જણાય છે. ૯

જે દુષ્ટ આશયથી પરાયા છતા અને અછતા દોષને ગ્રહણ કરેછે, તે પોતાના આત્માને નિરર્થક પાપ બંધનથી બાંધે છે. (તેથી ભવાંતરમાં પોતેજ વારંવાર દુઃખી થાય છે.) ૧૦

તેટલા માટે જેથી કષાય અગ્નિ પેદા થાય તે કાર્ય જરૂર તજી દેવું અને જેથી કષાય અગ્નિ શાંત થાય તેજ કાર્ય આદરવું. પરનિંદા, ઈર્ષા, અદેખાઈ પ્રમુખ અકાર્ય અવશ્ય તજવાનાં છે. ૧૧

જો તું ત્રિભુવનમાં ગુરૂપણું મેળવવા ખરેખર ઇચ્છતો હોય તો પારકા દોષ ગ્રહણ કરવાની અથવા પરનિંદા કરવાની

પડેલી કુટેવ સંપૂર્ણ પ્રયત્ન વડે તું તજી દે એજ મોટાઇનો માર્ગ છે. ૧૨

જગતમાં સહુ કોઇને પ્રશંસવા યોગ્ય આ ચાર પ્રકારના પુરૂષો કહ્યા છે ૧ સર્વોત્તમોત્તમ, ૨ ઉત્તમોત્તમ ૩ ઉત્તમ અને ચોથા મધ્યમ. ૧૩

એ ઉપરાંત ભારે કર્મી અને ધર્મવાસના રહિત જે **અધમ** અને **અધમાધમ** પુરૂષો હોય તેમની પણ નિંદા તો નજ કરવી, પરંતુ (બની શકે તો તેમને સુધારવા માટે) મનમાં કરૂણા લાવવી યુક્ત છે. નિંદા સર્વથા વર્જ્ય છે, કેમકે તેથી તેને કે પોતાને કશો ફાયદો થતો નથી, પરંતુ કરૂણા બુદ્ધિથી તો સ્વપરને ફાયદો થવો સંભવે છે. માટે શાસ્ત્રકાર તેનુંજ સેવન કરવા કહે છે. ૧૪

જેને પ્રત્યેક અવયવમાં આકરૂં યૌવન પ્રગટ્યું હોય, જેમનું શરીર ઘણુંજ સુગંધી હોય અને જેમનું રૂપ સર્વોત્તમ હોય એવી સ્ત્રીઓના મધ્યમાં રહ્યો છતો જન્મથી આરંભી અખંડ બ્રહ્મચર્યને ધારણ કરનાર જે મન વચન અને કાયાવડે નિર્મળ શીલ પાળે છે, તે પુરૂષ સર્વોત્તમ જાણવો અને તે સર્વ કોઇને શિરસાવંદ્ય—પ્રણામ કરવા યોગ્ય છે. ૧૫–૧૬.

વળી જે એવાજ પ્રકારની સ્ત્રીઓના મધ્યમાં રહ્યો છતો કોઇ રીતે ક્ષણ ભર રાગથી રંગાયો હોય, પરંતુ તરતજ બીજે ક્ષણે તે લાગેલા પાપની સર્વ પ્રકારે નિંદા ગર્હા કરે અને ફરી આખા ભવમાં કોઇ વખત જેના મનમાં રાગ પ્રગટે નહિં તે મહા સત્ત્વવંત પુરૂષ **ઉત્તમોત્તમ** છે એમ જાણવું. ૧૭–૧૮.

જે ક્ષણભર સ્ત્રીનું (સુંદર) રૂપ જોવે અથવા મનથી તેનું

ચિંતન કરે, પરંતુ સ્ત્રીઓએ વિષયભોગ સંબંધી પ્રાર્થના કર્યા છતાં તેવું અકાર્ય (સ્ત્રી સેવન) કરે નહિ, તે સાધુ કે સ્વદારા સંતોષી શ્રાવક અલ્પ સંસારી ઉત્તમ પુરૂષ જાણવો. ૧૯.

જે સાધુ કે શ્રાવક ભવભીરૂ હોય સ્વવ્રત રક્ષા કરે તે ઉત્તમ છે. ખરી કસોટીમાં પણ જે વ્રત ભંગ થવા ન દે તેની બલિહારી છે. ૨૦.

જે પુરૂષ ધર્મ અર્થ અને કામરૂપ પુરૂષાર્થને અન્યોન્ય બાધા રહિત સેવે, એટલે ધર્મને હાનિ ન પહોંચે તેમ અર્થ ઉપાર્જન કરે અને અર્થ ઉપાર્જન કરવામાં ખલેલ ન પહોંચે તેમ વિષય સેવન કરે તે મધ્યમ પુરૂષ જાણવો. ૨૧.

આ ઉપર જણાવેલા પુરૂષોના ગુણગ્રહણ બહુમાનપૂર્વક જો તું કરશે તો શીઘ્ર શિવસુખ પામીશ, એમ ચોક્કસ સમજજે; કેમકે પોતે સદ્ગુણી થવાનો એ સરલ માર્ગ છે. ૨૨.

આજ કાલ સંયમ માર્ગમાં શિથિલતા ધારણ કરનારા અને સંયમ ક્રિયાની ઉપેક્ષા કરનારા પાસત્થાદિક સાધુ-યતિજનોની સભા સમક્ષ નિંદા કરવી નહિં તેમજ પ્રશંસા પણ કરવી નહિંજ. નિંદાથી તેઓ સુધરી શકશે નહિં, તેમજ પ્રશંસા કરવાથી તેમના પાપને પુષ્ટિ આપવા જેવુંજ થશે. ૨૩

હીનાચારી સાધુ-યતિ ઉપર કરૂણા આણીને જો તેને રૂચે તો હિત બુદ્ધિથી સત્ય માર્ગ કહેવો. તેમ છતાં જો તે રોષ કરે તો તેના દોષ-દુર્ગુણ (સભા સમક્ષ) પ્રકાશવા નહિંજ. ૨૪

અત્યારે દુષમ કાળમાં જેનો થોડો પણ ધર્મ ગુણ દ્રષ્ટિમાં આવે તેનું બહુમાન ધર્મ બુદ્ધિથી સહાય કરવું યુક્ત છે. એથી સ્વપરને અનેક લાભ થવા સંભવ છે. ૨૫

પરગચ્છમાં કે સ્વગચ્છમાં જે સંવિજ્ઞ (તીવ્ર વૈરાગ્યવંત–ભવભીરૂ બહુશ્રુત ગીતાર્થ) મુનિ જનો હોય તેમનો ગુણાનુરાગ કરવા મત્સરભાવથી તું ચૂકીશ નહિં. સમભાવી મહા પુરૂષોનો સમાગમ સદાય દુર્લભ છે. તે ગમે ત્યાં હોય તો પણ તેમનું તો કલ્યાણ સુખે થઈ શકે છે. તેમના દુર્લભ સમાગમનો લાભ મળે તો તેની કદાપિ ઉપેક્ષા કરવી નહિ. કેમકે તેવા સમભાવી મહાત્માઓથી આપણને ઉત્તમ ફળ મળી શકે છે. ૨૬.

ગુણ રત્નોથી અલંકૃત પુરૂષોનું બહુમાન જે શુદ્ધ—નિષ્કપટ મનથી કરે છે તે અન્ય જન્મમાં તેવા ગુણોને જરૂર સુખે સુખે મેળવી શકે છે. સદ્ગુણોનું અનુમોદન કરવું યા તેમનું બહુમાન કરવું એ આપણે સદ્ગુણી થવાનું અમોઘ બીજ છે. ૨૭.

આવી રીતે ગુણાનુરાગ (સદ્ગુણી પ્રત્યે અકૃત્રિમ પ્રેમવાત્સલ્ય) પોતાની હૃદય ભૂમિમાં જે ધારણ કરે છે તે મહાનુભાવ સર્વ કોઈને નમન કરવા યોગ્ય પરમ શાન્ત પદને પામે છે. એમ પરમ સંવેગી અને પવિત્ર ગુણાનુરાગી શ્રી સોમસુંદરસૂરિ મહારાજ ભવ્ય જનોને એકાંત હિત બુદ્ધિથી અમૃતવચનો વડે બોધ કરે છે. ઇતિશમ્.

સજજન પુરૂષનું લક્ષણ.

મન વચન અને કાયામાં પુન્યરૂપ અમૃતથી ભરેલા જેઓ ઉપકારની શ્રેણિયો વડે ત્રિભુવનને પસન્ન કરે છે અને પરના પરમાણુ જેટલા સ્વલ્પ ગુણને પણ પર્વત જેવડા લેખી પોતાના હૃદયમાં પ્રમુદિત થાય છે (પરનાં દૂષણ કદાપિ સ્વમુખે ઉચ્ચારતા નથી તેમજ પોતાના ગુણની પ્રસંશા પણ કરતા નથી) એવા કોઈ વિરલ સજ્જનો જગતમાં વર્તે છે. ઈતિશામ.

શ્રાવક ગુણ વર્ણન.

આ અનાદિ અનંત સંસાર સમુદ્રમાં ભ્રમણ કરનાર જીવોને પ્રથમ મનુષ્ય જન્મ, આર્યદેશ, ઉત્તમ કુલ, જાતિ, સ્વરૂપ, આયુ, પંચેંદ્રિયાદિ સામગ્રી સંયુક્ત મળવું દુર્લભ છે. જેમાં અનર્થનો હરનાર સત્ ધર્મ પામવો અતિ દુર્લભ છે. જેમ પુણ્યહીન પુરૂષને ચિંતામણિ રત્ન પ્રાપ્ત થવું મુશ્કેલ છે, તેમ એકવીશ ગુણે કરી રહિત જીવોને સર્વજ્ઞ પ્રરૂપિત સત્ ધર્મ મળવો દુર્લભ છે. તેથી ભવ્ય જીવોને પોતાનામાં ધર્મી થવાની યોગ્યતા ઉત્પન્ન કરવાની જરૂર છે. જો પ્રથમ યોગ્યતા ઉત્પન્ન ન કરે તો ધર્મની પ્રાપ્તિ પણ થઈ શક્તિ નથી. જેમ અયોગ્ય ભૂમિમાં બીજ વાવવાથી નિષ્ફળતા થાય છે, તેમજ પાયો મજબુત કર્યા વિના કોઈ પુરૂષ મેહેલ બનાવવા માંગે છે તો તે મેહેલ બરાબર સ્થિત થઇ શકતો નથી; તેમ યોગ્યતા વિના શ્રાવક કે મુનિ ધર્મની પ્રાપ્તિ થતી નથી.

જેમ ચિંતામણી રત્ન ભાગ્યહીન જીવોને મળવું મુશ્કેલ છે તેમ અક્ષુદ્રતાદિક ઉત્તમ ગુણ રહિત જનોને પણ ધર્મરત્ન મળવું મુશ્કેલજ છે.

અક્ષુદ્રતાદિક એકવીશ ગુણોવડે યુક્ત જીવને જિનમતમાં ધર્મ રત્નને યોગ્ય કહેલો છે માટે તે ગુણોને ઉપાર્જવા ધર્માભિલાષી જનોએ જરૂર યત્ન કરવો ઘટે છે. ઉક્ત વાતનું સમર્થન કરતા છતાં શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજ આ પ્રમાણે કથે છે—

"एक वीश गुण परीणमे, जास चित्त नित्य मेव; १
धर्म रत्नकी योग्यता, तास कहे तुं देव."

ઉક્ત એકવીશ ગુણોની નોંધ આ પ્રમાણે આપેલ છે કે—

क्षुद्र नहिं वळी रूपनिधि, सौम्य जनप्रिय धन्न;
क्रूर नहिं भीरु वळी, अशठ मुदक्खिन्न. २
लज्जालुओ दयालुओ, सोमदिट्ठि मज्जथ्थ;
गुणरागी सतकथ्थ, सुपख्ख दीर्घदर्शी अथ्थ. ३
विशेषज्ञ वृद्धानुगत, विनयवंत कृतजाण;
परहितकारी लब्धलक्ष, एम एकवीश प्रमाण. ४

ગુણ ગુણીનો કથંચિત્ અભેદ સંબંધ હોવાથીજ ઉપર ગુણને બદલે ગુણીનું નિરૂપણ કર્યું છે—અર્થાત્ ધર્મ રત્નને યોગ્ય એવા ગુણી થવુંજ જોઇએ. કેવા ગુણી થવું જોઈયે ? તેનું ઉપર મુજબ પ્રથમ સંક્ષિપ્ત વર્ણન કરીને પછી કંઈક તે સંબંધી વિશેષ વર્ણન કરવાને બનતો પ્રયત્ન કરશું.

૧. ક્ષુદ્રનહિ—અક્ષુદ્ર, ગંભીર આશયવાળો, સૂક્ષ્મરીતે વસ્તુતત્ત્વનો વિચાર કરવાને શક્તિ ધરાવનાર સમર્થ જીવ વિશેષ ધર્મ રત્નને પામી શકે.

૨. રૂપાનધિ—પ્રશસ્ત રૂપવાળો, પાંચે ઇંદ્રિયો જેને સ્પષ્ટ રીતે પ્રાપ્ત થયેલ છે એવો અર્થાત્ શરીર સંબંધી સુંદર આકૃતિને ધારનાર આત્મા.

૩. સૌમ્ય—સ્વભાવેજ પાપ દોષ રહિત, શીતળ સ્વભાવવાન્ આત્મા.

૪. જનપ્રિય—સદા સદાચારને સેવનાર લોકપ્રિય આત્મા.

૫. ક્રૂરનહિં—ક્રૂરતા યા નિષ્ઠૂરતા વડે જેનું મન મલીન થયું નથી એવો અક્લિષ્ટ યાને પ્રસન્ન ચિત્ત યુક્ત શાંત આત્મા.

૬. ભીરૂ—આ લોક સંબંધી તથા પરલોક સંબંધી અપાયથી ડરવાવાળો અર્થાત્ અપવાદ ભીરૂ તેમજ પાપ ભીરૂ હોવાથી બધી રીતે સંભાળીને ચાલનાર, ઉભયલોક વિરૂદ્ધ કાર્યનો અવશ્ય પરિહાર આપનાર.

૭. અશઠ—છળ પ્રપંચ વડે પરને પાસમાં નાખવાથી દૂર રહેનાર.

૮. સુદખિન્ન—શુભ દાક્ષિણ્યતાવંત, ઉચિત પ્રાર્થનાનો ભંગ નહિં કરવાવાળો, સમય ઉચિતવર્તી સામાનું દીલ પ્રસન્ન કરનાર.

૯. લજ્જાલુઓ—લજ્જાશીલ, અકાર્ય વર્જી સત્કાર્યમાં સહેજે જોડાઇ શકે એવો મર્યાદા શીલ પુરૂષ.

૧૦. દયાલુઓ—સર્વ કોઇ પ્રાણી વર્ગ ઉપર અનુકંપા રાખનાર.

૧૧. સોમદિટ્ઠિ મજ્જથ—રાગદ્વેષ રહિત નિષ્પક્ષપાતપણે વસ્તુ તત્ત્વને યથાર્થ રીતે ઓળખી મધ્યસ્થતાથી દોષને દૂર કરનાર.

૧૨. ગુણરાગી—સદ્દગુણીનો જે પક્ષ કરનાર, ગુણનોજ પક્ષ લેનાર.

૧૩. **સત્કુથ્થ**—એકાંત હિતકારી એવી ધર્મકથા જેને પ્રિય છે એવો.

૧૪. **સુપખ્ખ**—સુશીલ અને સાનુકૂળ છે કુટુંબ જેનું એવો જાડાબળિયો.

૧૫. **દીર્ઘદર્શી**—પ્રથમથી સારી રીતે વિચાર કરીને પરિણામે જેમાં લાભ સમાયો હોય એવા શુભ કાર્યનેજ કરવાવાળો.

૧૬. **વિશેષજ્ઞ**—પક્ષપાત રહિતપણે ગુણદોષ, હિત અહિત, કાર્ય અકાર્ય, ઉચિત અનુચિત, ભક્ષ અભક્ષ્ય, પેય અપેય, ગમ્ય અગમ્ય વિગેરે વિશેષ વાતનો જાણ.

૧૭. **વૃદ્ધાનુગત**—પરિપકવ બુદ્ધિવાળા અનુભવી પુરૂષોને અનુસરી ચાલનાર, નહિં કે જેમ આવ્યું તેમ ઉચ્છૃંખલપણે ઈચ્છા મુજબ કામ કરનાર.

૧૮. **વિનયવંત**—ગુણાધિકનું ઉચિત ગૌરવ સાચવનાર સુવિનીત.

૧૯. **કૃતજાણ**—બીજાએ કરેલા ગુણને કદાપિ નહિં વિસરી જનાર.

૨૦. **પરહિતકારી**— સ્વતઃ સ્વાર્થ વિના પરોપકાર કરવામાં તત્પર. દાક્ષિણ્યતાવંત તો જ્યારે તેને કોઈ પ્રેરણા અથવા પ્રાર્થના કરે ત્યારે પરોપકાર કરે અને આતો પોતાના આત્માનીજ પ્રેરણાથી સ્વકર્તવ્ય સમજીનેજ કોઈની કંઈ પણ અપેક્ષા રાખ્યા વિનાજ પરોપકાર કર્યા કરે એવા ઉત્તમ સ્વભાવને સ્વભાવિક રીતે ધારનાર ભવ્ય.

૩૧. **લબ્ધલક્ષ**—કોઇપણ કાર્યને સુખે સાધી શકે એવો કાર્યદક્ષ.

હવે ઉપર કહેલા ૨૧ ગુણોનું કંઈક સહેતુક બ્યાન કરવાનો ઉપક્રમ કરવામાં આવે છે. જેમ શુદ્ધ કરાયેલા વસ્ત્ર ઉપરજ રંગ જોઇએ એવો બરાબર ચઢી શકે છે, પરંતુ અશુદ્ધ એવા મલીન વસ્ત્ર ઉપર રંગ ચઢી શકતો નથી. તેમજ ઉપર કહેલા ગુણો વડે વિશુદ્ધ થયેલા આત્માનેજ ધર્મનો રંગ ચઢે છે. વળી જેમ ખડબચડી[1] અને પાલીસ કર્યા વિનાની[2] ભીંત ઉપર ચિત્ર આબેહૂબ ઉઠતું નથી, પરંતુ ઘડારી મઠારીને સાફ કરેલી સરખી ભીંત ઊપર ચિત્ર જોઇએ એવું આબેહુબ ઊઠી નીકળે છે; તેમ ઊપર કહેલા ગુણોના સંસ્કાર વિનાના અસંસ્કૃત હૃદય ઉપર ધર્મનું ચિત્ર બરાબર પડી શકતું નથી, પણ ઉક્ત ગુણોથી સંસ્કારિત હૃદય ઉપર સત્ય ધર્મનું ચિત્ર બરાબર ખીલી ઊઠે છે. ઊક્ત ગુણોની પ્રાપ્તિ દ્વારા ભવ્ય આત્મા સત્ય ધર્મનો ઉત્તમોત્તમ લાભ પામી શકે છે. એથી ઉપર કહેલા સદ્‌ગુણોનો ખાસ અભ્યાસ કરવાની અત્યાવશ્યકતા સ્વતઃ સિદ્ધ થાય છે, અને તેથીજ તે ગુણ સંબંધી બની શકે તેટલી સમજ લેવી પણ જરૂરની છે. એમાંજ જીવનું ખરૂં હિત સમાયેલું છે.

૧ ક્ષુદ્ર સ્વભાવવાળો અગંભીર અને ઉછાંછળો હોવાથી ધર્મને સાધી શકતો નથી. તે નથી તો કરી શકતો સ્વહિત, કે નથી કરી શકતો પરહિત. સ્વપરહિત સાધવાની તેનામાં યોગ્યતાજ નથી. તેથી સ્વપરહિત સાધવાને અક્ષુદ્ર સ્વભાવી એવો ગંભીર અને ઠરેલ પ્રકૃતિ વાળોજ યોગ્ય અને સમર્થ હોઈ શકે છે.

---

૧ Rough.

૨ Unpolished.

૨. હીન અંગોપાંગ વાળો, નબળા સંઘયણુ વાળો, તથા ઇંદ્રિયોમાં ખોડવાળો સ્વપરહિત સાધવાને અસમર્થ હોવાથી ધર્મને અયોગ્ય કહ્યો છે. કેમકે ધર્મ સાધવામાં તેની ખાસ અપેક્ષા રહે છે. તે વિના ધર્મ સાધનમાં ઘણીજ અડચણુ આવે છે. તેથી સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચે ઇંદ્રિય પૂરેપુરી પામેલો અને ઉત્તમ સંઘયણુ વાળો સુંદર આકૃતિવંત પ્રાણી ધર્મને યોગ્ય કહ્યો છે. એવી શુભ સામગ્રીવાળો જીવ શાસનની શોભા વધારી શકે છે અને સર્વજ્ઞ ભગવાને ભાખેલા ધર્મને સમ્યક્ રીતે પાળી શકે છે.

૩. પ્રકૃતિથીજ શાંત સ્વભાવવાળો જીવ પ્રાયઃ પાપકર્મમાં પ્રવૃત્તિ કરતોજ નથી અને સુખે સમાગમ કરી શકાય એવા શીળા સ્વભાવને લીધે અન્ય આકળા જીવોને પણુ સમાધિનું કારણુ થઈ શકે છે. અર્થાત્ આકરી પ્રકૃતિવાળા પણુ શીળા સ્વભાવવાળા સજ્જનોના સમાગમથી ઠંડી પ્રકૃતિના થઈ જાય છે. તેથી ઠંડી પ્રકૃતિવાળા સુખે સ્વપરહિત સાધી શકે છે પરંતુ આકળી પ્રકૃતિવાળા તેમ કરવાને અસમર્થ હોવાથી ધર્મ સાધવાને અયોગ્ય કહ્યા છે.

૪. દાન વિનય અને નિર્મળ આચારને સેવનાર માણુસ સર્વ જનોને પ્રિય થઇ શકે છે અને તે આ લોક વિરૂદ્ધ તથા પરલોક વિરૂદ્ધ કાર્યને સ્વભાવિક રીતેજ તજનાર હોવાથી સમ્યગ્ દૃષ્ટિ જીવોને પણુ મોક્ષ માર્ગમાં બહુમાન ઉપજાવનાર થઇ પડે છે. સદાચારસેવી લોકપ્રિય પુરૂષ પોતાની પવિત્ર રહેણીકહેણીથી અન્ય જનોને પણુ અનુકરણીય થઈ પડે છે, તેવી

રીતે ઇચ્છા મુજબ વર્તી અતડો રહેનાર માણુસ કંઈ પણ વિશેષ સ્વપરહિત સાધી શકતો નથી.

૫. ક્રૂર માણુસ ક્લિષ્ટ પરિણામથી પોતાનુંજ હિત સાધવાને અશક્ત છતો પરનું હિત શી રીતે શાધી શકે ? તેથી તે ધર્મ રત્નને અયોગ્ય સમજવો. સમપરિણામને ધારણ કરનાર એવો અનુકંપાવાન અક્રૂર આત્માજ મોક્ષમાર્ગ સાધવાને અધિકારી હોઇ શકે છે.

૬. આ લોક સંબંધી તથા પરલોક સંબંધી દુઃખની વિચારણા કરનાર પાપ કર્મમાં પ્રવૃત્તિ કરતો નથી અને લોકાપવાદથી પણ ડરતો રહે છે, એવો ભવભીરૂ માણુસજ ધર્મરત્નને યોગ્ય હોઇ શકે છે; પરંતુ જે નિર્ભયપણે—લોકાપવાદનો પણ ભય રાખ્યા વિના સ્વચ્છંદ વર્તન કરે છે તે ધર્મરત્નને યોગ્ય નથીજ.

૭. અશઠ માણુસ કોઇની વંચના કરતો નથી, તેથી તે વિશ્વાસપાત્ર અને પ્રશંસાપાત્ર બને છે. વળી તે પોતાના સદ્ભાવથી ઉદ્યમ કરે છે તેથી તે ધર્મરત્નને યોગ્ય ઠરે છે—કપટી માણુસ તો પરવંચનાથી પોતાના કુટિલ સ્વભાવને લઇ પરને અપ્રીતિપાત્ર બને છે તેમજ સ્વહિતથી પણ ચૂકે છે માટે તે ધર્મને માટે અયોગ્ય છે.

૮. સુદાક્ષિણ્યતાવંત પોતાનું કાર્ય તજી બની શકે તેટલો બીજાનો ઉપગાર કરતો રહે છે તેથી તેનું વચન સહુ કોઈ માન્ય રાખે છે તેમજ સહુ કોઇ તેને અનુસરીને ચાલે છે. આવા સ્વભાવથી સહેજે સ્વપરહિત સાધી શકાય છે તેથી તે ધર્મરત્નને

યોગ્ય છે. જેનામાં એ ગુણ નથી તે સ્વાર્થ સાધક અથવા આપ મતલબીયાના ઉપનામથી નિંદાપાત્ર થાય છે માટે તે ધર્મરત્નને અયોગ્ય ઠરે છે.

૯ લજ્જાશીલ માણુસ જરાપણુ અકાર્ય કરતાં ડરે છે તેથી તે અકાર્યને દૂર તજી સદાચારને સેવતો રહે છે, તેમજ અંગીકાર કરેલા શુભ કાર્યને તે કોઇ રીતે તજી શકતો નથી; તેથી તે સદ્ધર્મને યોગ્ય ગણાય છે. લજ્જાહીન તો કંઇપણુ અકાર્ય કરતાં ડરતો નથી તેથી તે અશુભ આચારને અનાયાસે સેવતો રહે છે. ગમે તેવા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં તે કુળ મર્યાદાને તજી દેતાં વાર કરતો નથી તેથી લજ્જાહીન ધર્મરત્નને અયોગ્ય છે.

૧૦ દયા એ ધર્મનું મૂળ છે અને દયાને અનુસરીનેજ સર્વ સદ્અનુષ્ઠાન પ્રવર્તે છે એમ જિન–આગમમાં સિદ્ધાંત રૂપે કહેલું છે, તેથીજ સર્વજ્ઞ ભાષિત સત્ય ધર્મનું યથાર્થ આરાધન કરવાને દયાળુ હોવાની ખાસ જરૂર છે; અર્થાત્ દયાળુજ ધર્મ રત્નને યોગ્ય છે. દયાહીન કોઇ રીતે ધર્મને યોગ્ય નથી કેમકે તેવા નિર્દય પરિણામવાળાનું સર્વ અનુષ્ઠાન નિષ્ફળ થાય છે.

૧૧ મધ્યસ્થ એટલે પક્ષપાત રહિત એવો સૌમ્ય દૃષ્ટિ પુરૂષ રાગ દ્વેષ દૂર તજીને શાંત ચિત્તથી ધર્મ વિચારને યથાસ્થિત સાંભળે છે અને ગુણુનો સ્વીકાર તથા દોષનો ત્યાગ કરે છે માટે તે ધર્મને લાયક છે. પરંતુ પક્ષપાત યુક્ત બુદ્ધિવાળો માણુસ અંધશ્રદ્ધાથી વસ્તુ તત્ત્વનો યથાસ્થિત વિચારજ કરી શકતો નથી તો પછી ગુણુનો આદર અને દોષનો ત્યાગ શી રીતે કરી

શકે ? તેથી પક્ષપાત બુદ્ધિથી એકાંત ખેંચતાણુ કરી બેસનાર ધર્મ રત્નને યોગ્ય નથીજ.

૧૨ ગુણુરાગી માણુસો ગુણુવંતનું બહુમાન કરે છે, નિર્ગુણીની ઉપેક્ષા કરે છે, સદ્ગુણુનો સંગ્રહ કરે છે અને સંપ્રાપ્ત ગુણુને સારી રીતે સાચવી રાખે છે, પ્રાપ્ત થયેલા ગુણોને દોષિત કરતો નથી; તેથી તે ધર્મને યોગ્ય છે. નિર્ગુણુ માણુસ તો બીજા ગુણુવંતને પણુ પોતાના જેવા લેખે છે તેથી તે નથી તો કરતો તેમની ઉપર રાગ, કે નથી કરતો ગુણુ ઉપર રાગ. પરંતુ ઉલટો ગુણુ દ્વેષી હોઈ સદ્ગુણુનો પણુ અનાદર કરે છે અને આત્મગુણુને મલીન કરી નાંખે છે માટે તે ધર્મ રત્નને માટે અયોગ્યજ છે.

૧૩–વિકથા કરવાના અભ્યાસ વડે કલુષિત મનવાળો માણુસ વિવેક રત્નને ખોઇ દે છે અને ધર્મમાં તો વિવેકની ખાસ જરૂર છે. તેથી ધર્માર્થી માણુસે સત્યપ્રિય થવાનો અને સત્ય–હિતકારી વાતનેજ કહેવાનો અથવા સાંભળવાનો ઢાળ રાખવો જોઈએ. આવા સત્યપ્રિય અને સત્યભાષક જીવથી સ્વપરનું હિત સહેજે થાય છે તેથી તેવા ગુણુવાળાજ ધર્મ રત્નને યોગ્ય છે. વિકથાવંતથી ઉભય હાનિ પહોંચે છે તેથી તે અયોગ્ય છે.

૧૪ જેનો પરિવાર અનુકૂળ વર્તનારો, ધર્મશીલ અને સદાચારને સેવવા વાળો હોય એવો જાડાબળિયો માણુસ નિર્વિઘ્નપણે ધર્મ સાધન કરી શકે છે. પૂર્વોક્ત સ્વભાવવાળા કુટુંબથી ધર્મ સાધનમાં કંઇ પણુ અંતરાય આવવાનો સંભવ રહેતો નથી. કેમકે એવું સાનુકૂળ કુટુંબ તો ધર્મ સાધનમાં જોઇએ તેવી સહાય દઇ શકે છે. તેથી ધર્મશીલ અને સદાચારવાળા અનુકૂળ

પરિવારવાળો ધર્મને દીપાવવાને યોગ્ય ગણાય છે તેવો પ્રતિકૂળ આચાર વિચારવાળા પરિવારવાળો યોગ્ય ગણાતો નથી, કેમકે તેથી તો ધર્મ માર્ગમાં વખતોવખત વિઘ્ન ઉભા થાય છે. માટે શુદ્ધ અને સમર્થ પક્ષની પણ ખાસ જરૂર છે.

૧૫ દીર્ઘદર્શી માણસ પૂર્વાપરનો અથવા લાભાલાભનો વિચાર કરી જેનું પરિણામ સારૂંજ આવવાનો સંભવ હોય, જેમાં લાભ વધારે અને કલેશ અલ્પ હોય અને જે ઘણા માણસોને પ્રશંસનીય હોય તેવાં કામનોજ આરંભ કરે છે, તેવા દીર્ઘદર્શીજનો ધર્મરત્નને યોગ્ય છે. કેમકે તે વિચારશીલ અને વિવેકવંત હોવાથી સફળ પ્રવૃત્તિને કરનારા હોય છે. તે કંઈ પણ વગર વિચાર્યું નહિ બની શકે એવું અસાધ્ય કાર્ય સહસા આરંભતાજ નથી. જે કાર્ય સુખે સાધી શકાય એવું માલમ પડે તેનોજ તે વિવેકથી આદર કરે છે. સહસાકારી બહુધા અસાધ્ય કાર્ય કરવા મંડી જાય છે, અને તેમાં નિષ્ફળ નીવડવાથી તે પશ્ચાતાપનો ભાગી થાય છે તેથી તે ધર્મરત્નને લાયક ઠરતો નથી.

૧૬ વિશેષજ્ઞ પુરૂષ વસ્તુઓના ગુણદોષને પક્ષપાત રહિતપણે પિછાની શકે છે, તેથી પ્રાયઃ તેવા માણસજ ઉત્તમ ધર્મના અધિકારી કહ્યા છે. જે અજ્ઞાનતાવડે હિતાહિત, કૃત્યાકૃત્ય, ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગુણદોષ સંબંધી બિલકુલ અજ્ઞાત છે તે ધર્મને અયોગ્યજ છે. કેમકે જે પોતાનું હિત શું છે તેટલું પણ સમજતા નથી તે શી રીતે સ્વહિત સાધી શકશે ? અને સ્વહિત સાધવાને પણ અસમર્થ હોવાથી પરહિતનું તો કહેવુંજ શું ? તેથી પશુના જેવા અજ્ઞાન અને અવિવેકી જનો ધર્મને માટે અયોગ્ય છે.

૧૭ પરિપકવ બુદ્ધિવાળા અર્થાત્ સદ્વિવેકાદિક ગુણ સંપન્ન એવા વૃદ્ધ પુરૂષો પાપાચારમાં પ્રવૃત્તિ કરતાજ નથી, એમ હોવાથી તેવા વૃદ્ધને અનુસરીને ચાલનાર પણ પાપાચારથી દૂરજ રહે છે; કેમકે જીવોને સોબત પ્રમાણે ગુણો આવે છે. કહેવત છે કે '**જેવી સોબત તેવી અસર**' તેવા શિષ્ટ પુરૂષોને અનુસારે ચાલનાર ધર્મરત્નયોગ્ય થાય છે. પરંતુ સ્વચ્છંદે ચાલનાર માણસ કદાપિ ધર્મને યોગ્ય થઈ શકતો નથી. કેમકે તે સદાચારથી તો પ્રાયઃ વિમુખ રહે છે.

૧૮ સમ્યક્જ્ઞાન દર્શનાદિક સર્વ સદ્ગુણોનું મૂળ વિનય છે, અને તે સદ્ગુણોવડેજ ખરૂં સુખ મેળવી શકાય છે; માટેજ જૈન શાસનમાં વિનયવંત–વિનીતને વખાણ્યો છે. લૌકિકમાં પણ કહેવાય છે કે 'વનો (વિનય) વેરીને પણ વશ કરે.' તો પછી શાસ્ત્રોક્ત નીતિ મુજબ વિનયનો અભ્યાસ કરવામાં આવે તો તેના ફળનું તો કહેવુંજ શું ? વિનયથી સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. તેથી ઈષ્ટ સુખના અભિલાષી જનોએ અવશ્ય વિનયનું સેવન કરવુંજ જોઇએ. અવિનીત માણસ ધર્મનો અધિકારી નથીજ. કેમકે તે તેની અસભ્ય વૃત્તિથી કંઈ પણ સદ્ગુણ પેદા કરી શકતો નથી, અને ઉલટો ઠેકાણે ઠેકાણે કલેશનો ભાગી થાય છે.

૧૯ કૃતજ્ઞ પુરૂષ ધર્મગુરૂને તત્ત્વબુદ્ધિથી પરોપકારી જાણીને તેનું બહુમાન કરેછે, તેથી સમ્યગ્ જ્ઞાન દર્શનાદિક સદ્ગુણોની વૃદ્ધિ થાય છે; તેથી કૃતજ્ઞ માણસજ ધર્મરત્નને લાયક છે. કૃતજ્ઞ માણસ ઉપર સામાન્ય ઉપગાર કર્યો હોય તો તેને પણ તે ભૂલતો નથી તો અસાધારણ ઉપગારને કરનાર ઉપગારીને તો તે ભૂલેજ કેમ ? કૃતઘ્ન માણસ ઉપગારીએ કરેલા ઉપગારને

વિસરી જઈ તેનો ઉલટો અપવાદ કરવા તત્પર થઈ જાયછે. દૂધ પાઇને ઉછેરેલા સાપની જેમ કૃતઘ્ન માણુસ ઉપગારીને પણ નુકશાન કરેછે માટે તે ધર્મને યોગ્ય નથી.

૨૦ ધન્ય, કૃતપુન્ય એવો પરહિતકારી પુરૂષ ધર્મનું ખરૂં રહસ્ય સારી રીતે સમજી પ્રાપ્ત કરીને નિસ્પૃહ ચિત્ત છતો પોતાના પૂર્ણ પુરૂષાર્થ યોગે અન્ય જનોને પણ સન્માર્ગમાં જોડી દે છે. અર્થાત્ ધર્મનું ખરૂં રહસ્ય જાણનાર અને નિસ્પૃહપણે પોતાનું છતું વીર્ય ફોરવનાર એવા પરહિતકારી પુરૂષોનીજ બલિહારી છે. તેવા ધન્ય પુરૂષો સ્વપરનું હિત વિશેષે સાધી શકે છે અને તેવા ભાગ્યશાળી ભવ્યો ધર્મને સારી રીતે દીપાવી શકે છે. તેથી તે ધર્મ રત્નને અધિક લાયક છે. કેવળ સ્વાર્થ વૃત્તિવાળાથી તેવો સ્વપર ઉપગાર સંભવતો નથી. તેથી નિઃસ્વાર્થવૃત્તિ રાખવાની ખાસ જરૂર છે. નિઃસ્વાર્થી જનો પરોપકારને પોતાના શુદ્ધ સ્વાર્થથી ભિન્ન સમજતા નથી. અર્થાત્ પરોપકારને પોતાનું ખાસ કર્તવ્ય સમજીને કોઇની પ્રેરણા વિના સ્વભાવિક રીતેજ સેવે છે.

૨૧ લબ્ધલક્ષ પુરૂષ સકળ ધર્મ કાર્યને સુખે સમજી શકે છે અને તે દક્ષ–ચંચળ તથા સુખે કેળવી શકાય એવો હોવાથી થોડા વખતમાંજ સર્વ ઉત્તમ કળામાં પારગામી થઇ શકે છે. આવો કાર્યદક્ષ પુરૂષ ધર્મરત્નને લાયક હોઈ શકે છે. પરંતુ અકુશળ અશિક્ષણીય અને મંદ પરિણામી તેમજ અતિ પરિણામી જનો ધર્મને લાયક થઇ શકતા નથી. કેમકે તેમની નજર સાપેક્ષપણે સર્વત્ર ફરી વળતી નથી. તેથી તેઓ સત્ય ધર્મથી બાહેર રહ્યા કરે છે, અર્થાત્ ધર્મના ખરા રહસ્યને પામી શકતાજ નથી, માટે

ધર્માર્થી જનોએ "કાર્યદક્ષ અને કર્તવ્યપરાયણ થવાની પણ પુરી જરૂર છે."

આ પ્રમાણે એ એકવીશ ગુણોનું કંઇક સહેતુક વર્ણન '**ધર્મ પ્રકરણ**' ગ્રંથને અનુસારે કરવામાં આવ્યું છે. એ ઉપર વર્ણવેલા ગુણો જેમણે સંપ્રાપ્ત કર્યા છે તે ભાગ્યશાળી ભવ્યજનો **ધર્મ-રત્નને** લાયક થાય છે. એ એકવીશ ગુણ સંપૂર્ણ જેમને પ્રાપ્ત થયા છે તે ઉત્કૃષ્ટ રીતે લાયક છે, ચતુર્થ ભાગે ન્યૂન ગુણવાળા ભવ્ય મધ્યમ રીત્યા લાયક છે અને અર્ધા ભાગથી ન્યૂન ગુણ-વાળા ભવ્યો જઘન્ય ભાગે લાયક છે પરંતુ તેથી પણ ન્યૂન ગુણ-વાળા હોય તે તો દરિદ્રપ્રાય–અયોગ્ય સમજવાના છે. એમ સમ-જીને સર્વજ્ઞભાષિત શુદ્ધ ધર્મના અભિલાષી જનોએ જેમ બને તેમ ઉક્ત ગુણોમાં વિશેષે આદર કરવો યોગ્ય છે. કારણકે પવિત્ર ચિત્ત પણ શુદ્ધ ભૂમિમાંજ શોભે છે અને ભૂમિ શુદ્ધિ ઉક્ત ગુણોવડેજ થાય છે.

શ્રાવક યોગ્ય વ્યવહારૂ શિક્ષા.

૧

જ્યાં સુગુરૂનું આવાગમન, સત્સમાગમ, જિન ચૈત્ય, સમાન ધર્મીઓની વસ્તિ, આજીવીકાના અલ્પારંભવાળાં સાધનો, રાજા પ્રજા વચ્ચે પ્રેમ, પ્રજાને હિતકારી રાજનીતિ, હવા પાણી અને ધાન્ય વિગેરેની અનુકૂળતા અને શ્રેષ્ઠતા, તથા કુશળ અને નિર્લોભી વૈદ્ય, એટલાં વાનાં જે ગામમાં હોય તે ગામમાં શ્રાવકે વસવું. કેમકે સુગુરૂના વંદન અને તેમના ગુણોના બહુમાનથી પાપનો નાશ, સત્સમાગમથી દોષ અને દુર્બુદ્ધિનો નાશ, જિન ચૈત્યના દર્શન પૂજા વગેરેથી મિથ્યાત્વનો નાશ, સાધર્મિકની વસ્તિથી સંસારમાં સારભૂત એવું વાત્સલ્ય અને સમ્યગ્ દર્શનમાં પરસ્પર સ્થિરીકરણ વૃદ્ધિકરણ વગેરેનો લાભ, અલ્પારંભવાળી આજીવીકાથી ચિન્તા અને ભવ ભ્રમણની ઓછાશ, રાજા પ્રજાના પ્રેમ અને સુરાજનીતિથી નિર્ભયતા અને સુખે ધર્મારાધનનો લાભ, હવા પાણી વગેરે સુખાકારીના સાધનોથી શરીરે નિરોગતા અને ત્રિકરણયોગની સ્વાસ્થ્યતાનો લાભ, યોગ્ય વૈદ્યથી રોગનો નાશ, વગેરે અનેક લાભો થાય છે.

૨

સ્વસ્થપણે, નિર્ભય સ્થાનમાં, અવિષમ ભૂમિપર, સ્વચ્છ શય્યામાં પરિમિત નિદ્રા માટે પૃથક્ સુવું. પરોઢીએ ઉઠવું. શય્યાત્યાગી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનો જાપ કરવો. પોતાની જાત, ઉત્પત્તિ, શુદ્ધ સ્વરૂપ, શરીર કુટુંબાદિનો સંબંધ અને ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય વસ્તુનો એકાગ્રતાથી બરાબર વિચાર કરવો. પૂર્વના પાપનો પશ્ચાતાપ અને

પ્રતિક્રમણ કરવું. ચૌદ નિયમો ધારવા. આજના દિવસના યોગ્ય કાર્યનો અનુક્રમ મુકરર કરવો. ગત દિવસના અપૂર્ણ રહેલા આવશ્યક કાર્યને આજના કાર્ય ક્રમમાં મૂકવા. બીજા લાખો કામ મૂકીને પણ હમેશ ચાર ઘડી સ્વાધ્યાય કરવું (ભણવું, વાંચવું, વંચાવવું, ભણાવવું, વગેરે અવશ્ય કરવું,). માફકસર વ્યાયામ (કસરત) હમેશ કરવી. આજે પૂરા કરવા યોગ્ય કાર્યો આજેજ કરવા દ્રઢ સંકલ્પ કરવો. પ્રભાતે ઉઠી મળત્યાગ પૂર્વક યથાયોગ્ય દેહ શુદ્ધિ કરીને જિન મંદિરે જઈ પ્રભુ દર્શન, ચૈત્યવંદન પ્રમુખને, આનંદ અને ઉત્સાહ સહિત મૂળ ઉદ્દેશને લક્ષ્યમાં રાખી વિધિના ખપી થઈને કરવાં. પછી ગુરૂને યથાવિધ વંદન કરી યથાશક્તિ બાહ્યાભ્યંતર તપનું પ્રત્યાખ્યાન કરવું. અચપળ ભાવે ધર્મોપદેશ સાંભળી, વિચારી (મનન કરી) પોતાની ખામીઓ કમી કરવા બનતું લક્ષ રાખવું.

૩

ઘરમાં દસ ઠેકાણે ચન્દ્રવા, સ્વચ્છ હવા અને સૂર્યના પ્રકાશનું આવવું, સામાન વગેરેની સાફસુફ અને સ્વચ્છતા; રસોઈ કરનાર અને પાણી ભરનારની યત્ના સાથે સુઘડતા; સાત્વિક ભક્ષ્ય, અને નિર્જીવ સ્વચ્છ ભોજનના પદાર્થો; વિશ્વાસ યોગ્ય અને સદાચારી દાસ દાસીઓ, વગેરે બાબતોની અનુકૂળતા બરાબર કરવી.

૪

સુપાત્રે દાન, અતિથીનો સત્કાર, આશ્રિતપ્રાણીઓનું પોષણ, સાહમ્મી (સાધર્મી) વાત્સલ્ય, દીન હીનને અનુકંપાદાન એટલું શ્રાવકે અવશ્ય કરી પછી ભોજન કરવા બેસવું.

લોલુપતાવિના, જીભને માટે નહીં પણ ઉદર પૂર્ણા માટે, ભુખથી કાંઇક ઓછો, દેહ અને બુદ્ધિને હિતકારી, અતિ ઉતાવળે નહીં તેમ અતિ ધીરે નહીં, સારી રીતે ચાવીને, શાંત અને આનંદી ચિત્તે જીવના અણાહારી સ્વભાવને વિચારીને ન છુટકે, માત્ર દેહના ભાડા માટે, સાત્વિક અને પથ્ય આહાર કરવો. આહાર પ્હેલાં પાણી પીવું નહીં. મધ્યમાં પ્રમાણોપેત પાણી પીવું અને આહારને અન્તે મુખ શુદ્ધિ જેટલુંજ પાણી પીવું. આહારને છાંડવો પડે નહીં તેમજ ઉણોદરી થાય એ બન્ને બાબતો ધ્યાનમાં રાખવી. ખાતાં બચબચાટ બોલાવવો નહીં; આંગળીઓ ટાળીને ખાવું નહીં; ખાવાની બાબતમાં કોઈ સાથે સ્પર્ધા કે વાદવિવાદમાં ઉતરવું નહિં; પીવા યોગ્ય પદાર્થ પીતાં હસવું નહીં; બનતાં સુધી જમતાં મૌન રહેવું; થાલી વગેરે ધોઇને પીઇ જવું; સૂર્યસ્વર ચાલે ત્યારે અને ખરી ભૂખ લાગે ત્યારે ઉપરોક્ત વિધિ પૂર્વક ભોજન કરવું. જમતાં મુખનો આકાર બગાડવો નહીં. ખાવાના પદાર્થોને નિંદવા નહીં. બનતાંસુધી વખાણ પણ ન કરવાં. જમવાને અંતે જરૂર પડેતો નિર્દોષ અને હિતકારી મુખવાસ ખાવો. ખાઇને ૧૦૦ પગલા જરૂર ફરવું. દોડાદોડકે બહુ મહેનતનું કામ જમ્યા પછી તરત કરવું નહીં. અજીર્ણ હોયતો ઉપવાસ કરવાથી અને આહાર વિહાર અને નિહારમાં નિયમીત રહેવાથી નિરોગી થવાય છે.

૫

અતિશીઘ્ર, બહુશ્વાસ ચડે તેમ ચાલવું નહીં. સામાન્ય ગતિથી, સાડા ત્રણ હાથ નીચે દ્રષ્ટી રાખીને અન્ય જીવોની યત્ના થાય તેમ ચાલવું. વાંકાવળી જઇને હાથ કેડે કે માથે રાખીને, પરની ચેષ્ટા કરતાં, ખાતાંખાતાં, હાથ બહુજ ડોલાવતાં, પગ

ઘસતાં, અને બહુ મરોડદાર ચાલમાં ચાલવું નહીં. જરૂર હોય ત્યાં યોગ્ય સમયે, જરૂરની વસ્તુઓ સાથે રાખીને જરૂરનું કામ હોય તોજ જવું. પરગૃહે નકામા જવું આવવું નહીં. મન વિનાના દ્વેષી, અધર્મી કે રાજ્યના કે પ્રજાના ગુન્હેગારને ત્યાં ઘણે ભાગે જવું નહીં. સંતાતા કે ડરતા ચાલવું નહીં.

૬

વાત કરતાં સામા માણુસ સાથે કેવા રૂપમાં વાત કરવી તે ધ્યાનમાં રાખવી. કહેવાના મુદ્દા, પુછવાની બાબતો, સ્પષ્ટ અને સરળતાથી કહેવી. મધુર, હિતકારી, સ્વપરને ઉપયોગી, સત્ય, શાસ્ત્રસંમત, સરળતાથી, સ્પષ્ટ, પરિમિત, અને નિર્દોષ ભાષા બોલવી. સામાનું કહેવાનું બરાબર સાંભળીને, વિચારીને. પોતાને ખબર હોય તેટલોજ હિતાહિતને ધ્યાનમાં રાખી જવાબ આપવો. વચમાં જલદીથી વગર વિચાર્યે, અશુદ્ધ કે ગરબડ ભરેલી ભાષામાં અને મર્મભેદક વચનો કાંઈપણ બોલવા નહીં. પળાય તેટલું, પોતાનામાં હોય તેથી ઓછું, જરૂર પૂરતું, લાભ હોય તોજ બોલવું. કહેવત છે કે "ભાવે એટલું ખાવું નહીં અને આવડે એટલું બોલવું નહીં" બોલેલો બોલ પાછો ગળાતો નથી. બંદુક, તોપ જેવાનો માર કદી રૂઝાય છે પણ શબ્દનો ઘા મરણાંતે પણ રૂઝાવો મુશ્કેલ છે. માટે જેટલું બોલો તેટલું તોળીતોળીને અને પરને કડવું ન લાગે અને ગુણ થાય તેવું બોલો. તેવો સમય ન હોય તો મૌન રહેવું એ વધારે સારૂં છે. બે કાને સાંભળીને, બે આંખે જોઇને, મગજમાં વિચારીને, એ પાંચવડે નિર્ણય થયા પછી લાભ થાય તેમ હોય તો એક જીભ વડે થોડુંજ બોલવું. જીભ બત્રીશ દાંતના કિલ્લા વચ્ચે અને

બીડેલા મુખમાં હોવાનું એજ કારણ છે. એજ જીભવડે જગત આખું મિત્ર થાય છે, એજ જીભવડે જગત આખું શત્રુ થાય છે; જીભમાં વશીકરણ છે અને જીભમાં ઝેર છે. જગતમાં લોહીની નદીઓ ચાલે તેવા મહાન યુધ્ધો અનંતી વખત થયા છે, તેમાં ઘણે ભાગે જીભડીની કડવાશજ મુખ્ય કારણ છે. માટે ખાવામાં અને બોલવામાં જીભને તાબે થવું નહીં પણ આપણે તેનેજ તાબે કરી લેવી જોઇયે. મહા પુરૂષોના મુખમાંથી અમૃતના ઝરણાંઓ ઝરે છે ત્યારે મિથ્યાભિમાની મૂર્ખ જીવોના મુખમાંથી હળાહળ ઝેર જેવાં વચનોનો પ્રવાહ નિકળે છે. વચનવડે જાતિ, કુળ અને ધર્મની પરીક્ષા થાય છે, જેની હૃદયની તીજોરીમાં જેવું ભર્યું હોય તેજ નિકળે છે. કોયલની વાણીમાં મધુરતા અને કાગડાની વાણીમાં કઠોરતા, જેમાં જે હોય તેજ નિકળે છે; માટે શ્રાવકે શ્રાવક ધર્મને શોભા આપનારાં વચનો બોલવાં જોઇયે. દીનતા ભરેલાં, હીણપત સૂચવનારાં અને નિર્માલ્ય વચનો કદી પણ બોલવાં નહીં. ભાટ ચારણો જેવાં ખુશામત ભરેલાં અને અસંબંધ વચનોનો ઉપયોગ કદાપિ કરવો નહીં. બને ત્યાં સુધી નિરવદ્ય ભાષાજ બોલવી. વાચાળપણાથી, વારંવાર ટોકવાપણાથી અને સમયને અનુચિત ભાષાથી બોલવા કરતાં મૌન રહેવું વધારે ઉચિત છે. બોલતાં પહેલાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને લાભાલાભનો ખાસ વિચાર કરવો. કારણ કે બોલવાથી ઘણુંયે બગાડયું છે. વિવાદમાં ઉતરવું નહીં, તેમ જાતે અન્ય ધર્મીઓની સાથે ચર્ચાની ઉદીરણા કરવી નહીં. ધર્મોન્નતિના કારણે પ્રતિપક્ષી સરળ અને જીજ્ઞાસુ હોય તો શાન્તિથી યુક્તિ અને પ્રમાણ પુરઃસર પોતાના જ્ઞાનના પ્રમાણમાં ધર્મચર્ચા કરવી. સામાપક્ષને તોડવા

ખાતર ખોટી યુક્તિયો કરવી નહીં. સામાપક્ષની જેટલી બાબતો અબાધિત હોય તેને ખુશીથી ગ્રહણ કરવી. ધર્મ નીતિને નામે કે સમાજ સુધારણાને નામે વાક્યુદ્ધોના અખાડામાં ઉતરવું નહીં. વચનની ટેક દ્રઢ રાખવી; શબ્દમાં કદાચ વિરૂદ્ધતા આવતી હોય પણ આશયમાં વિરૂદ્ધતા ન હોય તો કદાગ્રહ કરવો નહીં. શબ્દભેદમાં આશયભેદ માનવાજેવી એકાએક ભૂલ કરવી નહીં. રાજ્યકથા, સ્ત્રીકથા, આહારકથા અને દેશકથા, એ ચાર કથા શ્રાવકે વર્જવી. ખોટી સાક્ષી પૂરવી નહીં. મ્હોટાથી કે બળવાનથી ક્ષોભ પામી ખોટી બાબતમાં હાયે હા કે નાયે ના ભણવી નહીં. રાજ્યવિરૂદ્ધ, સમુદાયવિરૂદ્ધ, નીતિવિરૂદ્ધ, ધર્મવિરૂદ્ધ અને વ્યવહાર વિરૂદ્ધ કાંઈપણ બોલવું કે કરવું નહી.

૭

અલ્પારંભવાળી અને ન્યાય ધર્મને અનુસરતી આજી-વીકા–વૃત્તિ કરવી. લોભ અને પરિગ્રહની બહુ વિચાર કરીને હદ બાંધવી. કમાણીનો અમુક હીસ્સો ઉત્તમ કામ માટે નિર્માણ કરી, નિર્મિત માર્ગે તેનો વ્યય કરવો. નિશ્ચિન્તપણે ધર્મસાધન તીર્થાટન વગેરે થઈ શકે તેને માટે પોતાની શક્તિને યોગ્ય અને ઉઘરાણી કરવી ન પડે તેવી રીતે વ્યાપાર કરવો; લેવડદેવડમાં ગમે તેવા સંબંધી સાથે પણ પ્હેલેથીજ પ્રમાણિકપણે ચોખવટ કરવી. પાછળથી સંબંધ તૂટે તેમ કરવાનો પ્રસંગ ન આવે એવી રીતે લેવડદેવડ કરવી.

શસ્ત્રધારી, ખુની, નિર્દય, મહા માયાવી, ક્ષુદ્રજાતિ, ઝનુની, વ્યભિચારી, જુગારી, દુર્વ્યસની, બદ દાનતવાળા, ભાંડ, ભવાયા, યાચક, મિત્ર, કુંટુંબી, ગામધણી, રાજાના હલકા નોકર, રાજ્ય

કે જ્ઞાતિના ગુન્હેગાર, બેન, બનેવી, એ વગેરે સાથે બનતા સુધી વ્યાપારને ખાતર લેવડદેવડ રાખવી નહીં. તેમ છતાં ઉધારે આપવાની ફરજ પડે તો આપતી વખતેજ, પાછા નહી આવે એમ ધારીનેજ આપવું. પણ તેમની સાથે આપ્યા પછી તકરારમાં ઉતરવું નહીં. કમાવાને ખાતર મોંઘવારી ચિંતવવી નહીં. આપણા થોડા લાભને ખાતર બીજાને મ્હોટું નુકશાન થતું હોય તો આપણો લાભ જતો કરવો. મળતો લાભ લઇલેવો. પ્રાપ્ત ધન વૈભવમાં સતોષિત રહેવું. ધનની લાભડાની વખતે લક્ષ્મિની ચપળતા બરાબર યાદ રાખવી. "તન, મન (સુખ) ને માટે ધનવૈભવ છે, પણ ધનવૈભવને માટે તન, મન નથી" એ સૂત્ર વારંવાર મનન કરવું. સર્વ ધનવૈભવનો ભોગ આપીને પણ આત્માનું યત્નપૂર્વક રક્ષણ કરવું.

વ્યવહાર, પ્રમાણિકતા, ટેક, આબરૂ, હિસાબ, વણિજ-વાણિજ્ય રીતિ, વ્યાપારનો માલ, તોલ, માપ, સોદો; એ વગેરે બાબતો પ્હેલેથી છેલ્લે સુધી સારી ચોખવટ ભરેલી રાખવી. નોકર મુનિમોને ખર્ચ યોગ્ય પગાર આપી, તેમની પાસેથી પ્રેમથી કામ લેવું. વિશ્વાસ રાખવા લાયકનેજ નોકર રાખવા અને એવા નોકર મુનિમો પર પછી અવિશ્વાસ રાખવો નહીં. અવિશ્વાસ જેવું જણાયા પછી એક પણ દિવસ રાખવા નહીં.

એક ભાવ, નિર્મિત નફ્ફો, અને વિશ્વાસપાત્ર રીતિ રાખી વ્યાપાર કરવો. સટ્ટો, જુગાર, સરત, કન્યાવિક્રય, અને ભડવાપણાનો ધંધો કદીપણ કરવો નહીં. જીંદગીનું વેચાણ કરવું નહીં. જ્યાં સુધી બને ત્યાં સુધી ગમે તેટલા લાભને ખાતર પણ નોકરી કરવી નહીં. ન ઉપાયે કરવી પડે તો મૂર્ખ, બેકદર, કૃતઘ્ની,

શઠ, અપ્રમાણિક, ક્રોધી, અને મિથ્યાભિમાની શેઠની નોકરી તો કદી પણ કરવી નહીં અને એવાની આગેવાની નિચે પણ નોકરી કરવી નહીં, જેમ બને તેમ સ્વતંત્ર ધંધો કરવો.

શેઠાઈ, અમલદારી, અને મ્હોટાઈ મળે તો ખુશામતનાં 'ખાં' ન બનવું. 'ખોટો દમામ અને દોર ન વાપરવો.' મિથ્યાભિમાનમાં અંધ ન બનવું, પણ પરના ભલાને માટે યથાશક્તિ ત્રિકરણ યોગે સ્હાયક થવું. પોતાની બધી મિલકત વ્યાપારમાં રોકવી નહીં પણ ઓછામાં ઓછો ત્રિજો ભાગ તો પોતાના ઘરમાં સીલ્લીકે અવશ્ય રાખવો; માલ ગીરો મૂકી વ્યાજ ચડાવવા કરતાં માલને વેચીને નાણાં કરવાં એ વધારે સારૂં છે. કોઇની થાપણ રાખશો નહીં અને તમારી થાપણ કોઈને ત્યાં મૂકશો નહીં. જરૂર પડે તો પ્રમાણિક ગૃહસ્થને ત્યાં લાયક સાક્ષીઓ રાખી, સામાની સહી લઈ કાયદાને યોગ્ય ચોક્કસ ચોખવટ કરીનેજ બીજાને ત્યાં થાપણ મૂકવી.

અભક્ષ્ય, ઝેર, લોહ, દાંત, ચામડું, શસ્ત્ર, કેશ, અને ચોપડ (સ્નિગ્ધ) વસ્તુઓનો વ્યાપાર બને ત્યાં સુધી કરવો નહીં. ન ચાલે ત્યારે પણ કોઈની પાસે યાચવું નહીં. છેવટે ગમે તે વસ્તુનો વ્યાપાર કે કોઇની ક્ષુદ્ર સેવા બજાવીને પેટ ભરવું પણ યાચવું નહીં. ઉડાઉ, અતિસુખશીળ, કે નામની કિર્તિમાં નિરર્થક નાણાનો વ્યય કરવો નહીં; સન્માર્ગે, કુટુંબીકે આશ્રયી જનોના પોષણાર્થે શક્તિને યોગ્ય ઉદારતાથી ખર્ચ કરવો. આવકથી ખર્ચ ઓછો રાખવો. વેષ અને દેખાવ પોતાની શક્તિ અને આબરૂને યોગ્ય રાખવો, ઉદ્ભટ વેષ રાખવો નહીં. તેમજ કંજુસાઇથી ચીંથરે હાલ રહેવું નહીં. કુલણજી થઇ ફરવું નહીં. લોભીયા

થઈ ધુતારાથી ફસાવું નહી, બહુ વિચાર કરીને બીજાનો વિશ્વાસ કરવો. હમેશની સાદાઈ છોડવી નહીં, ધનવૈભવના ભરતિ કે ઓટ પ્રસંગે ગંભીરતા છોડવી નહીં. અર્થશાસ્ત્રના નિયમો જાણવા. ભલમનસાઈ ત્યજવી નહીં, ભોળા થઈ ગાંડામાં ખપવું નહીં. ખપ પડે ત્યારે ગમે તેવા નર પાસેથી મિઠાશ અને યુક્તિથી કામ કઢાવી લેવું, પૈસાના લોભે અસત્ય પક્ષમાં ઉભા રહેવું નહીં. નોકરી, અમલદારી કે શેઠાઇ કરતાં પોતાની ફરજને ભુલવી નહિ. દાણ ચોરી કરવી નહીં. ધનને અર્થે શરીરને જોખમમાં નાંખવું નહીં. વ્યાપાર એવી યુક્તિથી કરવો કે જેથી ગ્રાહકો પોતેજ સદાય ગરજવાળા રહે. લેણદારો પાસે નમ્ર થવું, દેણદારો પાસેથી યુક્તિથી હાથ કાઢી લેવો. શાખ સારી રાખવી. હિમ્મતે બહાદુર થવું. ઉદ્યમમાં આગળ વધવું, કાર્યમાં કાયરતા ન રાખવી. આજુબાજુના સંજોગો જોઈ વિચારી વ્યાપાર કરવો, કરેલ વ્યાપાર કે લેણાદેણા વગેરે બધી બાજુપર ધ્યાન આપતાં રહેવું, પ્રમાણિક ગુમાસ્તાઓની કદર બુઝવી. છેલ્લી અવસ્થામાં નિવૃત્તિ પમાય તેટલો ધનનો સંચય કરવો.

૮

બે ઘડી દિવસ બાકી રહે તે પહેલાં વ્યાપારાદિથી નિવૃત્ત થઇ, ભૂખ હોય તો સાંજનું સાદુ ભોજન કરવું; પછી થોડો વખત ખુલ્લી હવામાં ફરવું, જિન ચૈત્યે દર્શન ભાવના કરી દિવસ સંબંધી પાપનું પ્રતિક્રમણ સ્થિર ચિત્તે વિધિપૂર્વક કરવું. નિયમોને વિચારી સંક્ષેપવા અને રાત્રીને યોગ્ય નિયમો કરવા. રાત્રી ભોજન વર્જવું. બની શકે તો ચઉવિહારનું પ્રત્યાખ્યાન કરવું. નહીં તો તિવિહાર છેવટે દુવિહારનું પ્રત્યાખ્યાન તો કરવુંજ.

આત્માના હિતાહિતનું સરવૈયું કહાડવું. જીજ્ઞાસુ સજ્જનો સાથે ધર્મચર્ચા કરવી, વાચેલું સાભળેલું પુનઃ પુનઃ વિચારવું. પોતાની ખામીઓ કમી થાય તેમ કરવું. નિદ્રા પ્રમાદ કે આળસ માટે નહીં પણ નિવૃત્તિ માટેજ જરૂર પૂરતી લેવી; ચાર શરણ, સર્વ જીવો સાથે ક્ષમાપના, વગેરે સંસ્તારક વિધિ કરી પછી શયન કરવું.

૯

બ્રહ્મચર્ય—શીલ અને આચારમાં ત્રિકરણ યોગે મર્યાદા કરવી. શૃંગારની વાર્તા, વાંચન અને વિચારનો પરિચય કમી કરવો. પરસ્ત્રી અને સૃષ્ટિ વિરૂદ્ધ વર્તનનો સદાને માટે ત્યાગ કરવો. સ્વસ્ત્રી પરત્વે પણ ઉદીરણા કરીને નહીં પણ સ્વભાવિક ઉદય વખતે વિષય વિપાકને વિચારીને ન છુટકે જયણા રાખવી. મન પરિચારણા, વચનપરિચારણા, સ્પર્શપરિચારણા અને રૂપપરિચારણાને પણ જ્ઞાની પુરૂષોએ વિષયમાં ગણાવ્યા છે; માટે જેમ બને તેમ તે ચારથી પણ દૂર રહેવાય તેમ કરવું; જેથી પાંચમા કાય પરિચારણાના વિષયની ભીતી રહેશે નહીં. જેમ બને તેમ વિષય અને વિષયીનો પ્રસંગ કમી કરવો, શરીરનો મુખ્ય રાજા વીર્ય અને પ્રધાન રુધિર છે. તે બન્નેના યોગ્ય રીતીથી સંચય અને રક્ષણ માટે બહુ કાળજી રાખવી. બુદ્ધિનો, શકિતનો અને શૌર્યનો ખરો આધાર તેપર રહેલો છે. શરીરનું સૌંદર્ય, પ્રતાપ અને તેજ વીર્યના રક્ષણથી બરાબર ટકી રહે છે. અપકવ ઉમ્મરે વિવાહિત ન થવું. પોતાથી મ્હોટી સ્ત્રી- સાથે વિવાહ ન કરવો. પોતાના બળાબળનો પુખ્ત વિચાર કરવો, શ્વાનવૃત્તિ રાખવી નહીં. મર્દાઈનું લક્ષણ વીર્યનો ક્ષય કરવામાં નહીં પણ તેને રક્ષણ કરવામાં છે. સર્વધર્મમાં બ્રહ્મચર્યને પ્રધાન

માનવામાં આવ્યું છે. મહાન પુરૂષોની અલૌકિક શક્તિનો વિકાસ પણ બ્રહ્મચર્યના બરાબર પાલનથી થયો છે. હમેશાં સ્ત્રીથી પ્રથક્ શય્યા રાખવી; વિકાર ઉત્પન્ન કરનારા પદાર્થોને ભોગોપભોગમાં જેમ ઓછા લેવાય તેમ કરવું. વિકારના ઉદય વખતે સ્ત્રી પુરૂષોના શરીરમાં ભરેલી અશુચીનો બરાબર ખ્યાલ લાવવો. ક્ષણભંગુર સુખાભાસથી ચિરકાળના દુઃખો વ્હોરી લેવા જેવી ભૂલ વારંવાર ન થાય તેવી સંભાલ રાખવી. સંસાર પરિભ્રમણની વૃદ્ધિના હેતુરૂપ મુખ્યત્વે વિષયનેજ જ્ઞાનીઓએ માન્યો છે. કષાયની વૃદ્ધિ, જડતા અને મંદતા પણ વીર્યના નાશથી થાય છે. આરોગ્યને માટે પણ વીર્યનું ખાસ રક્ષણ કરવું જરૂરનું છે. સૂવર્ણ, રૂપું આદિ ધાતુના રક્ષણ અને સંચય માટે બહુ કાળજી છે પણ શરીરની સાતે ધાતુઓના રક્ષણ અને સંચય માટે બેદરકાર છીયે એ આપણી અસાધારણ વારંવાર ખામી છે, એ ખામીને દૂર કરવી. શીલવંત સ્ત્રીપુરૂષોના ચરિત્રો વારંવાર વાંચવા વિચારવા; અને આપણા મનપર કાબુ મેળવવો. અલ્પ આહાર અને મર્યાદિત વિહારથી વિકારને રોકી શકાય છે માટે જેમબને તેમ બ્રહ્મચર્યના રક્ષણ માટે સદા સાવચેત રહેવું.

समाप्तः

शिवमस्तु सर्व्वजगतः, परहितनिरता भवंतु भूतगणाः ।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखीभवंतु लोकाः ॥ १ ॥
परहितचिंता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा;।
परसुखतुष्टि र्मुदिता, परदोषोपेक्षण मुपेक्षा. ॥ २ ॥

૧ વિશ્વત્રયમાં અખંડ શાંતિ પ્રસરો ! સમસ્ત પ્રાણીવર્ગ પરોપકાર રસિક બનો ! દોષ માત્ર નિર્મૂળ થાઓ ! અને સર્વત્ર સહુ કોઈ લોકો સુખી સુખી થાઓ !

૨ અન્ય જીવોનું હિત શ્રેય કલ્યાણ થાય એવી અંતરની લાગણી રાખવી તે **મૈત્રી,** અન્ય જીવોનાં દુઃખનો અંત આવે એવી ઉંડી લાગણીથી યથાશક્તિ યત્ન કરવો તે **કરૂણા,** અન્ય જીવોની સુખ સમૃદ્ધિ અથવા ગુણ ગૌરવ દેખી દિલમાં પ્રમુદિત (રાજીરાજી) થવું તે **મુદિતા** અને અન્ય જીવોના (અત્યંત કઠોરતા, નિર્દયતા, ઈર્ષા, નિંદા પ્રમુખ) અનિવાર્ય દોષો તરફ ઉપેક્ષા કરી તેમના ઉપર રાગદ્વેષ નહિં લાવતાં, તેમને કર્મવશવર્તી જાણી **સમભાવે** રહેવું તે **ઉપેક્ષા** ભાવના છે.



જાહેર વિજ્ઞપ્તિ.

ભારતવર્ષના સર્વ દેશોના ઘણા ઉછરતા જૈન બાળકોને માટે આશ્રય ખોરાકી તથા પુસ્તક વગેરે વિદ્યાર્થીને લગતી સગવડની યોજના કરવા માટે શ્રી મહેસાણા શ્રીમન્મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા ૧૧ વર્ષ થયાં ખુલી છે. પૂર્વે તત્ત્વજ્ઞાન ઉપરાંત સંસ્કૃત વ્યાકરણ, કાવ્ય, કોશ, અલંકાર, ન્યાયાદિક વિષયોનું અધિકાર યોગ્ય શિક્ષણ આપવાને અનુકૂળ વ્યવસ્થા રાખેલી છે. ધાર્મિક ઊંચા શિક્ષણ માટે પણ અમુક ટાઈમ રાખેલો છે. જેથી દાખલ થનાર વિદ્યાર્થી ધાર્મિક પરંતુ ક આત્માર્થને સાધી શકવાને યોગ્ય થાય છે. વળી જૈનશાળાઓમાં માસ્તરોની જરૂર હોવાથી, આ સંસ્થાએ કેટલેક અંશે તે જરૂરીઆત પૂરી પાડી છે અને હજુ પણ તેને માટે બનતું કરવામાં આવે છે. જૈન કેળવણી ખાતા માટે કેટલાક પરીક્ષકો પણ આ સંસ્થાએ તૈયાર કરી આપ્યા છે. દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓની લાયકાત જોઈ દાખલ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ જેમ બહારગામ વગેરે મોકલાય છે, તેમ નવાઓ દાખલ થતા જાય છે. શિક્ષણના ધોરણો જમાનાને અને શાસ્ત્રને અનુકૂળ રાખવા બનતું કર્યું છે. નિષ્પક્ષપાતતા, સુવ્યવસ્થિતતા અને ઉદ્દેશ સિદ્ધિની યોજના દર્શન જોઈ અનેક પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને વિદ્વાનોએ ઉત્તમ અભિપ્રાય જણાવ્યા ઉપરાંત આ સંસ્થાને યથાશક્તિ નાણાંની મદદ કરી છે અને કરે છે. તેમ છતાં કાર્યના પ્રમાણમાં આવક અને ભંડોળ ઓછું હોવાથી આવી અતિ ઉપયોગી સંસ્થાના ફંડમાં તન, મન, ધનથી યથાશક્તિ મદદ કરવા, કરાવવા માટે અમો સમસ્ત જૈન સંઘને નમ્ર વિનંતિ કરીએ છીએ.

ગુજરાતી સાત ચોપડી ભણેલા લાયક વિદ્યાર્થીઓને પણ વર્ષની વચ્ચેથી દાખલ કરવામાં આવે છે. માટે અભ્યાસ કરવાને ઇચ્છનાર વિદ્યાર્થીએ જરૂર રસ્તી અને લાયકાતના સર્ટીફિકેટ સાથે નીચેના સરનામે અરજ કરવી.

લી. વેણીચંદ સુરચંદ શાહ.

સેક્રેટરી. જૈન પાઠશાળા. મહેસાણા.

સદ્ગ્રન્થોના પ્રચાર અર્થે જૈન પ્રજાને
બે બોલ.

હિન્દ અતિપ્રાચીન મહાપુરૂષોના હસ્તથી રચેલા [illegible] ના ગ્રંથો જગતનું અનેકધા હિત સાધે છે. તથા હૃદયમાં શાન્તિ [illegible] છે. અને મરણ પર્યન્ત [illegible] આત્માઓને પુનર્જીવન આપે છે. ધાર્મિક સ્થૂલ રહેવા વિશે [illegible] આચાર [illegible] પણ અત્યંત ઉપકારક પડે છે. એવા પુરૂષોના [illegible] ગ્રન્થો એ દેશ, કાલ અને પુર[illegible] સુધી પ્રસિદ્ધ છે. તેને [illegible] રીતે જાળવી [illegible] કર્તવ્ય ફેર[illegible] તેના પરથી [illegible] અનુસાર [illegible] એ દેશ, પ્રજા, ધર્મની ઉત્તમ સેવા બજાવવા રૂપ છે.

પોતાના સ્વર્ગસ્થ [illegible] પુરૂષોની કે સ્મરણાર્થે [illegible] અર્થે [illegible] કથાઓના ગ્રન્થો છપાવી તેને [illegible] [illegible] અને ઘરોઘર [illegible] જરૂર છે. એ જરૂરને [illegible] પુરી પાડવાને [illegible] ધનવાન અને ઉદાર સજ્જન સ્ત્રી પુરૂષોની [illegible] આચાર અને તત્વના જ્ઞાનના [illegible] ગ્રન્થો છપાવી પ્રજામાં [illegible] સંખ્યામાં [illegible] છે. એજ પણ અમારો [illegible] ઉદ્દેશ છે.

જે જે સજ્જન સ્ત્રી પુરૂષોને પોતાના કે પોતાના સ્વર્ગસ્થોના પુણ્યાર્થે સ્મરણાર્થે કે [illegible] પરમાર્થ હેતે એવા ઉત્તમ ગ્રન્થો છપાવી પ્રજામાં [illegible] [illegible] હોય તેમનું કામ અમો નિઃસ્વાર્થ ભાવે કરી આપવાને તૈયાર છીએ. દરેક [illegible] ખાત્રી રાખવી કે [illegible] પણ ઉત્તમ પુસ્તક [illegible] [illegible] પોતાની [illegible] કરવી [illegible] [illegible] અમને [illegible].

લી૦ સેવક [illegible]

સેક્રેટરી, શ્રી જૈન [illegible] મંડળ.

શ્રી [illegible]